સત્ય દીન

શૈખ અબ્દુર્-રહમાન બિન હમ્માદ આલ-ઉમર



ઝિલઇ જમ્ઇય્યતે અહલે હદીસ-કચ્છ

સત્ય દીન

લેખક : શૈખ અબ્દુર્-રહમાન બિન હમ્માદ આલ-ઉમર

મૂળ ગુજરાતી અનુવાદ : અબ્દુલ કમાલ કુરૈશી (ભૂજ)
પુનરવલોકન : મુહમ્મદ જમાલ પટીવાલા

– પ્રકાશક –

ઝિલ્લઈ જમ્ઈય્યતે અહલે હદીસ–કચ્છ

ભીડ ગેટ બહાર, દાદુપીર રોડ, ભૂજ-કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧
Mo.: +91 97252 72525, 99135 32519, 98254 30808

Satya Deen (Gujarati)
Deen-e-Haq (Urdu)
By: Shaikh Abdur-Rahman Bin Hammad Al-Umar

–: Publisher :–
JAMIAT AHLE HADEES-KUTCH
Outside Bhid Gate, Dadupeer Road, Bhuj-Kutch (Gujarat) 370 001
Mo.: +91 97252 72525, 99135 32519, 98254 30808

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૧૦૦૦
માર્ચ-૨૦૧૭

પૃષ્ઠ : ૧૧૨

પ્રિન્ટર : દર્શન પ્રિન્ટર્સ - અમદાવાદ

અનુક્રમણિકા



بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને અત્યંત દયાળુ છે.)

પ્રસ્તાવના

الحمد لله رب العالمين، والصلاة والسلام على جميع رسل الله وبعد:

નિજાત (મુક્તિ)ના માર્ગ પર ચાલવાનું આ એક આમંત્રણ છે, જેને અમે પ્રત્યેક સૂઝબૂઝ રાખનાર અને સમજદાર વ્યક્તિની સેવામાં એ આશાથી પ્રસ્તુત કરી રહ્યા છીએ કે મહાન અલ્લાહ તેના દ્વારા માર્ગ ભૂલી ગયેલ વ્યક્તિને માર્ગદર્શન પ્રદાન કરે, તથા આપણા અને એ તમામ લોકો માટે ઇનામ અને સવાબ (પુણ્ય)નું માધ્યમ બનાવે, જે આની પ્રસિદ્ધિ અને પ્રસારમાં ભાગ લે.

પ્રત્યેક બુદ્ધિ અને સમજ ધરાવનાર વ્યક્તિને એ વાતનું સારી રીતે જ્ઞાન હોવું જોઈએ કે આ દુનિયાના જીવનમાં કે મૃત્યુ પછી શરૂ થનાર આખિરત (પરલોક)ના જીવનમાં તે સફળતા અને સૌભાગ્ય ત્યારે પ્રાપ્ત કરી શકે છે, જ્યારે તે પોતાના એ રબ (પ્રભુ-પાલનહાર)ની ઓળખ અને તેનું અભિજ્ઞાન પ્રાપ્ત કરી લે, જેણે તેને અને આ સમગ્ર સૃષ્ટિને પેદા કર્યા છે, અને તેના પર ઈમાન લઈ આવે અને કેવળ તેની જ ઈબાદત (ઉપાસના) કરે, તથા એ સાચા પયગંબરની ઓળખ અને તેનું અભિજ્ઞાન પ્રાપ્ત કરે, જેમને મહાન અલ્લાહે તમામ માનવોને સન્માર્ગ પર લાવવા માટે મોકલ્યા છે અને તેમની રિસાલત (ઈશદૂતત્વ) અને નુબૂવ્વત (પયગંબરી) પર ઈમાન અને વિશ્વાસ રાખીને પૂર્ણ અનુસરણ કરે, પછી આ સત્ય-દીનની સંપૂર્ણ ઓળખ અને તેનું અભિજ્ઞાન પ્રાપ્ત કરે, જેને અપનાવવાનો મહાન અલ્લાહે આદેશ આપ્યો છે અને તેના તકાદાઓને પૂરા કરે.

પ્રસ્તુત પુસ્તક 'સત્ય-દીન' એ તમામ મહત્ત્વની અને મુખ્ય બાબતો પર આધારિત છે, જેને પ્રત્યેક મુસલમાને જાણવું અને તેના અનુસાર અમલ કરવું જરૂરી છે. અમે હાંશિયામાં કેટલીક એ નોંધો અને મામલાઓની વધુ સમજૂતી અને વિગત આપી દીધી છે, જેની સ્પષ્ટતા આવશ્યક હતી.

બીજી બાજુ અમે આ આખા પુસ્તકમાં કુર્આને-કરીમની આયતો અને રસૂલુલ્લાહ ﷺ ની હદીસો પર વિશ્વાસ કરતાં દલીલો પ્રસ્તુત કરી છે, કેમ કે આ જ બંને વસ્તુઓ આપણા દીન ઈસ્લામનો આધાર અને તેનો સ્રોત છે.

અમે આંધળા અનુકરણથી દૂર રહ્યા છીએ, જેના કારણે કેટલાય લોકો ગુમરાહ (પથભ્રષ્ટ) થઈ ચૂક્યા છે, બલ્કે અમે કેટલાક એ બાતિલ (અસત્ય) અને ગુમરાહ ફિરકાઓ પર પ્રકાશ પાડ્યો છે, જે સાચા હોવાના દાવેદાર છે, જો કે તેઓ સત્યથી દૂર છે. આવું અમે એટલા માટે કર્યુ છે કે જે અજાણ લોકો આ ફિરકાઓથી સંલગ્ન છે તેઓ સાવધાન થઈ જાય. – والله حسبي و نعمل الوكيل

શૈખ અબ્દુર્-રહમાન બિન હમ્માદ આલ-ઉમર
પૂર્વ ઉસ્તાદ, શોઅ્બએ ઈસ્લામિયાત
મઅહમદુલ મુઅલ્લિમીન, રિયાધ

પ્રકરણ—૧

અલ્લાહ(૧) – મહાન સર્જનહારની ઓળખ :

પ્રત્યેક સમજદાર અને બુદ્ધિશાળી વ્યક્તિ માટે એ વાત જાણવી અત્યંત આવશ્યક છે કે જે પવિત્ર હસ્તીએ, જ્યારે તેનું કોઈ અસ્તિત્વ નહોતું અને તેને અસ્તિત્વ પ્રદાન કર્યું અને જુદા-જુદા પ્રકારની કૃપાઓથી નવાજ્યો, એ અલ્લાહ છે, જે સમગ્ર સૃષ્ટિનો રબ (પ્રભુ-પાલનહાર) છે.

અલ્લાહ તઆલા(૨) પર ઈમાન રાખવાવાળાં બુદ્ધિશાળી લોકોએ પોતાની આંખોથી તેને નથી જોયો, પરંતુ એવી દલીલોથી માહિતી રાખે છે, જે તેના અસ્તિત્વ પર, ઉપરાંત તેના સૃષ્ટા હોવા અને જીવન-વ્યવસ્થા ચલાવવા માટે સાક્ષી છે, અને તે દલીલો આ પ્રમાણે છે :

(૧) સૃષ્ટિ, મનુષ્ય અને જીવન – આ ત્રણેય વસ્તુઓનું સર્જન કરવામાં આવેલ છે, જેનો આરંભ અને અંત છે તથા પોતાના અસ્તિત્વ માટે એક-બીજા પર આધારિત છે.

અને, જે વસ્તુઓનું સર્જન થયું હોય અને એક-બીજા પર આધારિત હોય તે સર્જનોનાં પ્રકારમાંથી થઈ, અને જે વસ્તુ સર્જન હોય તો નિશ્ચિત રૂપે તેના સર્જનહારનું હોવું જરૂરી છે, અને આ મહાન સર્જનહાર એક માત્ર અલ્લાહની પવિત્ર હસ્તી છે, જેણે સ્વયં પોતાના વિશે કહ્યું છે કે તે સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર અને તેનો વ્યવસ્થાપક છે.

અને, તેનું જ્ઞાન આપણને એ આકાશી ગ્રંથો દ્વારા મળ્યું છે, જેને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલો (પયગંબરો, ઈશદૂતો) પર અવતરિત કર્યા અને તેમણે તેનો પ્રસાર કર્યો અને તેના વિષયોની શિક્ષા આપી અને અલ્લાહ તઆલા પર ઈમાન (વિશ્વાસ, શ્રદ્ધા કે આસ્થા) તથા તેની બંદગી (ઉપાસના)નું આમંત્રણ આપ્યું. તેથી સ્વયં મહાન અલ્લાહનો ઈરશાદ છે –

(૧) 'અલ્લાહ' શબ્દ સમગ્ર સૃષ્ટિના સર્જનહાર અને ઉપાસ્ય માટે વિશિષ્ટ છે. સ્વયં મહાન અલ્લાહે પોતે પોતાની પવિત્ર જાત માટે આ નામની પસંદગી કરી છે, જેનો અર્થ 'સાચો ઉપાસ્ય' થાય છે.

(૨) 'તઆલા' શબ્દ મહાન અલ્લાહનું સન્માન અને પ્રશંસા માટે તેમજ તેની પવિત્રતા અને સર્વોચ્ચતાના ગુણથી જોડવા માટે બોલવામાં આવે છે, અને કલિમા 'સુબ્હાનહૂ' મોટાઈ અને પવિત્રતા માટે પ્રયુક્ત થાય છે.

إِنَّ رَبَّكُمُ اللَّهُ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ فِي سِتَّةِ أَيَّامٍ ثُمَّ اسْتَوَىٰ عَلَى الْعَرْشِ يُغْشِي اللَّيْلَ النَّهَارَ يَطْلُبُهُ حَثِيثًا وَالشَّمْسَ وَالْقَمَرَ وَالنُّجُومَ مُسَخَّرَاتٍ بِأَمْرِهِ ۗ أَلَا لَهُ الْخَلْقُ وَالْأَمْرُ ۗ تَبَارَكَ اللَّهُ رَبُّ الْعَالَمِينَ ﴿٥٤﴾

''નિઃશંક, તમારો પાલનહાર એ જ અલ્લાહ છે, જેણે આકાશો અને ધરતીને છ દિવસોમાં પેદા કર્યા, પછી અર્શ (રાજ-સિંહાસન) પર બિરાજમાન થઈ ગયો, ઢાંકી લે છે રાતથી દિવસને, તે ત્વરાથી તેના સુધી પહોંચી જાય છે, અને સૂર્ય અને ચંદ્ર અને તારાઓને (તેણે જ પેદા કર્યા). સૌ તેની આજ્ઞાને આધીન છે. યાદ રાખો, તેના જ માટે છે સર્જન કરવું પણ અને શાસન પણ, બરકત (નિરંતર વધતી જતી સમૃદ્ધિ)થી ભરેલ છે, સમસ્ત સૃષ્ટિનો પાલનહાર.'' (સૂર: આ'રાફ, ૫૪)

આયતનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા સમસ્ત મનુષ્યોને એ બતાવવા માગે છે કે એ જ તેનો રબ (પ્રભુ-પાલનહાર) છે, જેણે તેમને અને આકાશો અને ધરતીને પણ છ દિવસોમાં પેદા કર્યા.[૧]

અને, એ જાણકારી આપી રહ્યો છે કે તે અર્શ પર 'મુસ્તવી' છે.[૨]

અને, અર્શ (રાજ-સિંહાસન) બધા આકાશોથી ઉપર છે, જે સૌથી વધારે મહાન અને અત્યંત વિશાળ સર્જન છે અને અલ્લાહ તઆલા આ અર્શ પર બિરાજમાન છે અને પોતાના જ્ઞાન અને ઈરાદાથી તમામ સર્જનોની સાથે છે અને કોઈ વસ્તુ તેનાથી છુપી નથી.

(૧) ક્રમશઃ પેદા કરવામાં અલ્લાહ તઆલાની કોઈ વિચક્ષણ બુદ્ધિમત્તા છુપાયેલ છે, નહિં તો તે આંખના પલકારામાં સૃષ્ટિ પર પ્રભુત્વ કરી શકે છે, કેમ કે તેની શાન એ છે કે જ્યારે કોઈ વસ્તુને તે પેદા કરવાનો ઇરાદો કરે છે તો 'કુન' (થઈ જા) કહી દે છે અને તે વસ્તુ થઈ જાય છે.

(૨) કુર્આનની ભાષા અરબી છે, 'ઇસ્તવા' અરબી શબ્દ છે જેનો અર્થ કોઈ વસ્તુ પર 'કબજો કરવો' અથવા 'સ્થાપિત કે બિરાજમાન થવું' થાય છે, અને અલ્લાહ તઆલાનું અર્શ પર બિરાજમાન થવાનું કે સ્થાપિત થવું એ જ રીતે છે જે તેના પ્રતાપ અને ગૌરવ માટે શોભાસ્પદ છે, જેની સ્થિતિ તેના સિવાય કોઈ નથી જાણતું, અને 'ઇસ્તવા'નો અર્થ એ રીતે કબજો કરી લેવાનો નથી, જે રીતે 'ઇસ્તવા અલલ-મુલ્ક' કહેવામાં આવે છે, અર્થાત્ દેશ કે સત્તા પર કબજો કરવો. આવો અર્થ એ પથભ્રષ્ટ લોકો લે છે, જેઓ અલ્લાહ તઆલાના ગુણોનો ઇન્કાર કરે છે, જેને અલ્લાહ તઆલાએ પોતાના ગ્રંથમાં પોતાના માટે અથવા રસૂલુલ્લાહ ﷺ એ અલ્લાહ તઆલા માટે વર્ણવેલ છે. તેઓ એવી કપોળ કલ્પનામાં છે કે જો તેમણે અલ્લાહ તઆલાના ગુણોનો વાસ્તવિક અર્થ લીધો તો તેના સર્જનોથી સામ્યતા થઈ જાય છે; જો કે આ વિચાર ખોટો છે, કેમ કે સામ્યતા તો એ રીતે થાય છે કે આપણે એમ કહીએ કે તેનો આ ગુણ સર્જન (મનુષ્ય)ના આ ગુણ જેવો છે. પરંતુ તેને એ રીતે જે તેના પ્રતાપ અને ગૌરવને શોભાસ્પદ હોય, કોઈપણ અર્થઘટન કે નિર્દેશ વગર, અને કોઈ દૃષ્ટાંત કે ઉદાહરણ વિના સ્વીકારવામાં આવે તો તેમાં કોઈ પણ પ્રકારની સામ્યતા નથી થતી, અને આ જ પયગંબરોની રીત છે જે પૂરોગામી ઇસ્લામી વિદ્વાનોએ અપનાવી છે, અને સન્માર્ગ છે જેના પર દરેક મુસલમાને ચાલવું જોઈએ, ચાહે લોકોની બહુમતીએ આ રીતને છોડી દીધી હોય.

અલ્લાહ તઆલાએ એ પણ બતાવ્યું કે રાત, પોતાના અંધકારથી દિવસને ઢાંકી લે છે અને ત્વરાથી તેના સુધી પહોંચી જાય છે. તેણે સૂર્ય અને ચંદ્ર અને તારાઓને પેદા કર્યા અને તેના જ નિર્દેશ અનુસાર આ સૌ પોત-પોતાના વર્તુળમાં ચક્કર લગાવે છે.

વધુમાં એ બતાવ્યું કે એ જ એકલો સમસ્ત સૃષ્ટિનો સર્જનહાર છે અને તેની જ આજ્ઞા ચાલે છે. તે એવી પવિત્ર હસ્તી છે, જે પોતાની જાત અને ગુણોમાં પરિપૂર્ણ છે, જે હંમેશા અપાર ભલાઈ અને કલ્યાણથી નવાજે છે અને તે સમગ્ર સંસાર-જગતનું પાલન-પોષણ કરવાવાળી હસ્તી છે, જેણે સૌને અનસ્તિત્વથી અસ્તિત્વ પ્રદાન કર્યું અને જુદા-જુદા પ્રકારની કૃપાઓથી નવાજ્યા છે.

وَمِنْ اٰيٰتِهِ الَّيْلُ وَالنَّهَارُ وَالشَّمْسُ وَالْقَمَرُ ۚ لَا تَسْجُدُوْا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ
وَاسْجُدُوْا لِلّٰهِ الَّذِيْ خَلَقَهُنَّ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿٣٧﴾

''અને તેની નિશાનીઓમાંથી રાત છે અને દિવસ છે અને સૂર્ય છે અને ચંદ્ર છે. (બસ) તમે લોકો સૂર્યની પૂજા ન કરો અને ચંદ્રની, બલ્કે કેવળ અલ્લાહની જ પૂજા કરો, જેણે આ સૌને પેદા કર્યા, જો વાસ્તવમાં તમે તેની બંદગી (ઉપાસના) કરવાવાળા છો.''
(સૂરઃ ફુસ્સિલત, ૩૭)

આયતની સર્વ-સામાન્ય સમજૂતી :

(૧) – અલ્લાહ તઆલા આ આયતમાં એ નિશાનીઓ તરફ અંગુલિનિર્દેશ કરી રહ્યો છે, જે તેની પવિત્ર હસ્તી માટે દલીલ આપે છે - જેમ કે રાત અને દિવસ તેમજ સૂર્ય અને ચંદ્ર, તથા સૂર્ય અને ચંદ્રની ઈબાદત (ઉપાસના)ની મનાઈ કરવામાં આવી છે, કેમ કે આ બંને અન્ય તમામ સર્જનો જેવાં સર્જનો છે અને કોઈ સર્જન ઇબાદતને લાયક નથી, અને સિજદો (દંડવત્ પ્રણામ) પણ ઈબાદતનો એક પ્રકાર છે.

વધુમાં, અલ્લાહ તઆલા તમામ લોકોને પોતાની એક માત્ર હસ્તીની ઈબાદત કરવાનો આદેશ આપી રહ્યો છે, કેમ કે વાસ્તવમાં એ જ સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર છે અને વ્યવસ્થા ચલાવવાવાળો અને તમામ પ્રકારની ઈબાદતો (ઉપાસના, પૂજા-અર્ચના)નો અધિકારી છે.

(૨) – એ જ પ્રમાણે અલ્લાહ તઆલાની પવિત્ર હસ્તીના અસ્તિત્વની દલીલ પુરુષ અને સ્ત્રીના સર્જનને બતાવી છે, તેથી નર અને માદાનું અસ્તિત્વ પણ સ્વયં અલ્લાહ - સર્જનહારની એક દલીલ છે.

(૩) – એ જ પ્રમાણે અલ્લાહ તઆલાના અસ્તિત્વની દલીલ ભાષાઓ અને રૂપ-સ્વરૂપનું એક-બીજાથી ભિન્ન હોવું છે. તેથી દુનિયામાં એવાં બે વ્યક્તિઓ નહીં

મળે, જેનો અવાજ કે રૂપ-આકાર સંપૂર્ણપણે સમાન હોય, બલ્કે વિશ્વસનીય રીતે કંઈને કંઈ ફરક અવશ્ય હશે.

(૪) – એ જ પ્રમાણે માનવીઓના પોત-પોતાના ભાગ્યનું પણ ભિન્ન હોવું, કોઈ ધનવાન છે અને બીજો નિર્ધન, અને કોઈ પદાધિકારી છે અને કોઈ નોકર; જો કે તેમાં બધા જ બુદ્ધિ અને સમજ ધરાવનારાં છે, અને ધનવાનો ઉચ્ચ કૂળની અને સુંદર-રૂપવાન પત્નીના અભિલાષી હોય છે. પરંતુ બીજી બાજુ દરેક વ્યક્તિ બીજાથી ધનદોલત અને હોદ્દામાં ભિન્ન છે, કેમ કે કોઈ વ્યક્તિ કેવળ સામર્થ્ય અને મહેનત અને કોશિશથી દુનિયાનું સૌભાગ્ય અને ખુશી એટલી જ મેળવી શકે છે, જેટલી અલ્લાહ ત્આલાએ તેના ભાગ્યમાં લખેલ છે.

અને, આમાં અલ્લાહ ત્આલાની એમ મહાન વિવેકશીલતા અને ડહાપણ છુપાયેલ છે, જેથી લોકોની એક-બીજા વડે પરીક્ષા કરે અને એકને બીજા માટે પારસ્પારિક રીતે લાભપ્રદ બનાવે અને એ રીતે કોઈનું નુકસાન ન થાય.

અને, જેને આવાં વિશિષ્ટ સૌભાગ્ય અને હોદ્દાથી નથી નવાજ્યા, તો તેને આખિરત (પારલૌકિક જીવન)માં વધારે કૃપાઓથી નવાજશે, એ શરતે કે તેનું મૃત્યુ ઈમાનની સાથે થાય. એ જ પ્રમાણે અલ્લાહ ત્આલા નિર્ધનને આ દુનિયામાં એવી શાંતિ અને મનનો સંતોષ પ્રદાન કરે છે, જેની ઘણા ધનવાન લોકો કામના કરે છે અને આ અલ્લાહ ત્આલાની વિવેકશીલતા અને ડહાપણ તેમજ પૂર્ણ ન્યાયની વાત છે.

(૫) – અલ્લાહ ત્આલાના અસ્તિત્વની એક મોટી નિશાની ઊંઘ અને સાચા સ્વપ્નો છે, જેના દ્વારા અલ્લાહ ત્આલા ઊંઘવાવાળાને ખુશખબર અથવા ડરના રૂપમાં અદૃશ્ય (ગૈબ)ની કેટલીક વાતોથી માહિતગાર કરે છે.

(૬) – એ જ પ્રમાણે અલ્લાહ ત્આલાની એક દલીલ 'રૂહ' (આત્મા) છે, જેની વાસ્તવિકતા એક માત્ર અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું.

(૭) – વધુમાં અલ્લાહ - સર્જનહાર અને માલિકના અસ્તિત્વની એક દલીલ સ્વયં મનુષ્ય છે, જેને અલ્લાહ ત્આલાએ જુદી-જુદી ઇન્દ્રિયો, મજ્જાતંતુઓની રચના, બુદ્ધિ અને પાચન-તંત્રની વ્યવસ્થા પ્રદાન કરેલ છે.

(૮) – અલ્લાહ ત્આલા વરસાદ વરસાવીને જમીનને સિંચિત અને હરિયાળી અને ફળદ્રુપ બનાવે છે, જેનાથી મૃત જમીન જીવંત થઈ ઊઠે છે, અને ભિન્ન-ભિન્ન પ્રકારની વનસ્પતિઓ અને વૃક્ષો ઊગાડે છે, જે ફાયદા, સ્વાદ અને રંગ અને રૂપમાં એક-બીજાથી અલગ હોય છે.

આ કેટલાક ઉદાહરણો એ હજારો નિશાનીઓમાંથી છે, જેનો અલ્લાહ ત્આલાએ કુર્આને-કરીમમાં ઉલ્લેખ કર્યો છે, જે અલ્લાહ ત્આલાની પવિત્ર જાતના અસ્તિત્વ તથા તેના સમગ્ર સૃષ્ટિના સર્જનહાર અને સંચાલક હોવાની સ્પષ્ટ દલીલો છે.

(૯) – એ મૂળ અને સીધી પ્રકૃતિ, જેના પર દરેક મનુષ્ય પેદા થયો છે, તે પોતાના સર્જનહાર અને સંચાલક અલ્લાહના અસ્તિત્વ પર સંપૂર્ણ ઈમાન અને વિશ્વાસ રાખે છે અને જે વ્યક્તિ તેનો ઈન્કાર કરે છે તે પોતાને ધોકો આપી રહ્યો છે, અને પોતાને દુર્ભાગ્ય તરફ લઈ જઈ રહ્યો છે, કેમ કે અનિશ્વરવાદી વિચારધારાઓ રાખનાર વ્યક્તિ દુનિયામાં પણ દુર્ભાગ્યનું જીવન વિતાવે છે અને મૃત્યુ પછી પણ જહન્નમ (નર્ક)માં જશે, કેમ કે તેણે પોતાના રબ (પ્રભુ-પાલનહાર)નો ઈન્કાર કર્યો, જેણે તેને અનસ્તિત્વથી અસ્તિત્વ પ્રદાન કર્યું અને કૃપાઓથી નવાજ્યો; સિવાય કે તે વ્યક્તિ તૌબા (ક્ષમા માગીને પ્રાયશ્ચિત) કરી લે અને અલ્લાહ, તેના દીન (ધર્મ) અને તેના રસૂલ (ઈશદૂત) પર ઈમાન લઈ આવે.

(૧૦) – કેટલાંક સર્જનો, જેમ કે બકરીઓના વંશમાં બરકત (નિરંતર વધારો) પ્રદાન કરેલ છે અને તેનાથી વિપરીત કેટલાંક સર્જનો, જેમ કે કૂતરા અને બિલાડીને આ બરકતથી વંચિત રાખેલ છે. આમાં પણ અલ્લાહના અસ્તિત્વની એક મહત્ત્વની દલીલ છે.

અલ્લાહ ત્આલાના ગુણો :

અલ્લાહ ત્આલાની વિશેષતાઓમાંથી એક વિશેષતા એ છે કે તે 'પ્રથમ' છે, જેનો કોઈ આરંભ નથી, અને તે શાશ્વત અને અનંત રહેવાવાળી જાત છે, જે ન ક્યારેય મરશે અને ન કદી સમાપ્ત થનાર છે, જે સ્વયં 'ગની' (નિરપેક્ષ, નિસ્પૃહ) છે, કોઈ અન્યની મોહતાજ નથી, તેને કોઈની આવશ્યકતા નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી અને સમકક્ષ નથી. અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે –

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝١ اَللّٰهُ الصَّمَدُ ۝٢ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۝٣ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝٤

''તમે કહી દો કે એ અલ્લાહ એક છે, અલ્લાહ નિરપેક્ષ છે, તેને કોઈની આવશ્યકતા નથી, ન તેને કોઈ સંતાન છે, ન તે કોઈની સંતાન છે, અને ન કોઈ તેના સમકક્ષ છે.'' (સૂરઃ ઈખ્લાસ)

આયતનો અર્થ : જ્યારે મક્કા શહેરના કાફિરોએ અલ્લાહના પયગંબર ﷺને અલ્લાહ ત્આલાની જાત અને તેના ગુણો વિશે પૂછ્યું, તો આ સૂરઃ અવતરિત થઈ,

અને આપ ﷺને અલ્લાહ તઆલાએ આદેશ આપ્યો કે તેમને એ કહો કે અલ્લાહ તઆલા એક છે, જેનો કોઈ ભાગીદાર નથી, અલ્લાહ તઆલાની જાત હંમેશા જીવંત રહેવાવાળી, શાશ્વત છે અને સૃષ્ટિની વ્યવસ્થા ચલાવવાવાળી છે, તેના જ માટે સમગ્ર સૃષ્ટિનું શાસન છે અને તેની પવિત્ર હસ્તી સૌના માટે આશ્રયદાતા છે, જે ન કદી પેદા થયો અને ન તેનાથી કોઈ પેદા થયું, તેનો ન કોઈ પુત્ર છે અને ન પુત્રી, અને તે પિતા છે અને ન માતા, બલ્કે તેણે આ સૂરઃમાં અને અન્ય સૂરઃઓમાં પણ આવી તમામ વસ્તુઓથી પોતાની પવિત્ર જાત સાથે જોડવાની કઠોર નિંદા કરી છે, કેમ કે વંશાવલી અને જન્મનું હોવું સર્જનોની વિશેષતાઓમાં સામેલ છે.

તેથી અલ્લાહ તઆલાએ ઈસાઈઓ (ખ્રિસ્તીઓ)ની એ આસ્થા કે ''ઈસા અલ્લાહના પુત્ર છે' અને યહૂદીઓની એ આસ્થા કે 'ઉઝૈર અલ્લાહના પુત્ર છે'ની સખત પકડ અને ખંડન કરેલ છે. એ જ પ્રમાણે કેટલાક લોકોના એવાં કથનો કે 'ફરિશ્તાઓ (દેવદૂતો) અલ્લાહની પુત્રીઓ છે'ની પણ નિંદા કરેલ છે, અને તેની સ્પષ્ટતા કરેલ છે કે તેણે હઝરત ઈસાને પોતાના સામર્થ્યથી એ જ પ્રમાણે પિતા વગર પેદા કર્યા છે, જે રીતે હઝરત આદમ ﷺને માટીથી અને હઝરત હવ્વાને હઝરત આદમની પાંસળીથી પેદા કર્યા હતા. પછી તેમની સંતાન, અર્થાત્ સમગ્ર માનવ-જાતને માતા-પિતાના વીર્યથી પેદા કરી.

સૃષ્ટિના આરંભમાં દરેક વસ્તુને અનસ્તિત્વથી અસ્તિત્વ પ્રદાન કર્યું, પછી તેણે પોતાનાં સર્જનોના ક્રમ અંગે એવો પ્રબંધ કર્યો, જેમાં કોઈ વ્યક્તિ પરિવર્તન નથી કરી શકતો અને એ જ સૂક્ષ્મ પ્રાકૃતિક નિયમ અનુસાર એ વસ્તુ અસ્તિત્વમાં આવે છે; પરંતુ એ કે સ્વયં અલ્લાહ તઆલા જ આ પ્રબંધ અને નિયમથી હટીને જો કોઈ વસ્તુ પેદા કરવા ઇચ્છે, તો કોઈપણ અવરોધ વગર પેદા કરવા માટે તે સમર્થ છે, જેમ કે હઝરત ઈસા ﷺને પિતા વગર પેદા કરી દીધા, જેઓ માતાના ખોળામાં જ બોલી રહ્યા હતા, અને મૂસા ﷺની લાઠી (અસા)ને સાપ બનાવી દીધો, અને જ્યારે તેમણે પોતાની આ જ લાઠી સમુદ્ર પર મારી તો તેમાં રસ્તો બની ગયો, જેના પરથી તેઓ અને તેમની જાતિના લોકો સમુદ્ર પાર કરી ગયા અને નબી ﷺના ઇશારાથી ચંદ્રના બે ટુકડા કરી દીધા અને જ્યારે આપ ﷺ વૃક્ષોની પાસેથી પસાર થતા હતા તો તે આપને સલામ કરતા હતા અને પશુઓ આપની નુબૂવ્વત (પયગંબરી) અને રિસાલત (ઈશદૂતત્વ)ની પોકારી-પોકારીને સાક્ષી આપતા હતા, જેને લોકો પોતાના કાનોથી સાંભળતા હતા, અને આપને 'બુરાક' પર સવાર કરીને 'મસ્જિદે-હરામ' (મક્કામાં આવેલ પ્રતિષ્ઠિત મસ્જિદ, જ્યાં કાબા છે) થી મસ્જિદે-અક્સા (ફલસ્તિનમાં આવેલ મસ્જિદ) સુધી લઈ જવામાં આવ્યા, પછી ત્યાંથી આકાશો સુધી હઝરત જિબ્રઈલના સાથે લઈ જવામાં આવ્યા અને

ત્યાંથી અલ્લાહના દરબારમાં હાજર કરવામાં આવ્યા અને પવિત્ર અને મહિમાવાન અલ્લાહએ આપની સાથે વાર્તાલાપ કર્યો અને પાંચ સમયની નમાઝોનો ઉપહાર આપીને મસ્જિદે-હરામ પરત આવ્યા અને આ પ્રવાસમાં, જે માત્ર એક રાતનો હતો, પ્રત્યેક આકાશ પર રહેનારાઓથી પરિચિત થયા. 'મેઅ્રાજ'ની ઘટનાની વિગત કુર્આને-કરીમ તેમજ હદીસ અને ઈતિહાસના પુસ્તકોમાં આપવામાં આવેલ છે.

અલ્લાહ ત્આલાના સર્વોચ્ચ ગુણોમાં સાંભળવું, જોવું, જ્ઞાન ધરાવવું, સામર્થ્યવાન હોવું અને ઈરાદો કરવું પણ છે, તેથી દરેક વસ્તુને તે સાંભળે અને જુએ છે અને કોઈ વસ્તુ પણ તેને સાંભળવામાં કે જોવામાં અવરોધરૂપ નથી, અને માતાના ગર્ભની અંદરની વસ્તુઓ અને હૃદયોમાં છુપાયેલ રહસ્યો તથા દુનિયામાં જે કંઈ થઈ ચૂક્યું છે કે ભવિષ્યમાં થવાનું છે, અલ્લાહ ત્આલા તેનું સંપૂર્ણ જ્ઞાન અને જાણકારી રાખે છે.

એ હસ્તી એવી સામર્થ્યવાન અને અબાધિત સત્તાવાન છે કે જ્યારે કોઈ વસ્તુને પેદા કરવાનો ઈરાદો કરે છે, તો 'કુન' (થઈ જા) કહે છે અને તે વસ્તુ થઈ જાય છે.

અને, અલ્લાહ તઆલાએ જે ગુણોથી પોતાની પવિત્ર જાતને સુશોભિત કરેલ છે, તેમાંથી એક ગુણ વાર્તાલાપ પણ છે. તેથી તે જે પ્રમાણે અને જે રીતે ઈચ્છે છે, વાત કરી શકે છે. તેણે હઝરત મૂસા ﷺથી વાર્તાલાપ કર્યો અને નબી ﷺથી પણ વાર્તાલાપ કર્યો. એ જ રીતે કુર્આને-કરીમ તેના શબ્દો અને અર્થ સાથે અલ્લાહની વાણી છે, જેને નબી ﷺ પર અવતરિત કરવામાં આવી, જે અલ્લાહ ત્આલાના ગુણોમાંથી એક ગુણ છે અને પથભ્રષ્ટ 'મુતઝલા'(૧) વર્ગના લોકોના દૃષ્ટિકોણ અને માન્યતાની જેમ 'મખ્લૂક' (સર્જન) નથી.

ટૂંકમાં, આ ગુણો, જેનાથી અલ્લાહ ત્આલાએ પોતાને સુશોભિત કરેલ છે, અથવા અલ્લાહના પયગંબર ﷺએ તેના વિશે વર્ણન કરેલ છે, તેમાં ચહેરાનું હોવું, બંને હાથનું હોવું, રૂપ-આકારનું હોવું, નાઝિલ થવું(૨), ખુશ થવું અને નારાજ થવું છે. તેથી તે પોતાના મોમિન (તેને માનનારાં) બંદાઓથી પ્રસન્ન અને ખુશ થાય છે તેમજ કાફિર (તેનો ઈન્કાર કરનારા) અને મુશ્રિક (બહુદેવવાદીઓ) અને તેની અવજ્ઞા કરનારાઓથી નારાજ અને ક્રોધિત થાય છે.

(૧) મુસલમાનોનો એક ફિરકો, જે 'બદ્ધિવાદી' કહેવાય છે. તેમના નજીક કુર્આન 'મખ્લૂક' (સર્જન) છે. તેમનું ઈમાન છે કે અલ્લાહ ત્આલાની તૌહીદ બુદ્ધિથી જાણી શકાય છે, તેથી વહી વગર જ બુદ્ધિવાદીઓ અને તર્કશાસ્ત્રીઓ તૌહીદ પર ઈમાન લાવી શકે છે. આ લોકો અલ્લાહ ત્આલાને ગુણોથી પર માને છે, અર્થાત્ ખુદામાં વિરોધાભાસી ગુણો નથી હોઈ શકતા. મામૂન અલ-રશીદના સત્તાકાળમાં આ સરકારી મઝહબ બની ગયો હતો. (અનુ.)

(૨) જેમ કે હદીસમાં ઉલ્લેખ છે કે, ''જ્યારે રાતનો અંતિમ ત્રીજો પહોર બાકી રહી જાય છે, તો આપણો રબ દુનિયાના આકાશ તરફ ઊતરે છે.''

અને, તેનું ખુશ થવું અને ગુસ્સે થવું તેના અન્ય ગુણોની જેમ તેના પ્રતાપ અને ગૌરવથી સાબિત છે, જે 'મખ્લૂક' (સર્જનો)ના ગુણોથી સમાન નથી, અને ન તેનું અર્થઘટન કરી શકાય છે અને ન તેની સ્થિતિનું વર્ણન કરી શકાય છે.

કુર્આન અને હદીસથી સાબિત છે કે મોમિનો હશ્રના મેદાનમાં (જ્યાં દુનિયાના જીવનનો હિસાબ-કિતાબ થવાનો છે) અને જન્નતમાં પોતાની આંખોથી અલ્લાહ તઆલાના દર્શન કરશે. અલ્લાહ તઆલાના બીજા ગુણો કુર્આને-કરીમ અને હદીસોમાં વિગતવાર ઉલ્લેખ કરવામાં આવેલ છે, ત્યાં તેનો અભ્યાસ કરી લેવો જોઈએ.

જિન્નાત અને મનુષ્યોના સર્જનનો હેતુ :

જ્યારે તમે એ વાત પર ઈમાન રાખો છો કે અલ્લાહ તઆલા તમારો રબ (પ્રભુ-પાલનહાર) છે, જેણે તમને પેદા કર્યા, તો એ વાતનો વિશ્વાસ રાખો કે તેણે તમને નિરર્થક, કોઈ કારણ વગર પેદા નથી કર્યા, બલ્કે પોતાની ઇબાદત (ઉપાસના) માટે પેદા કર્યા છે. જેમ કે ઇરશાદ છે –

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنسَ إِلَّا لِيَعْبُدُونِ ﴿٥٦﴾ مَا أُرِيدُ مِنْهُم مِّن رِّزْقٍ وَمَا أُرِيدُ أَن يُطْعِمُونِ ﴿٥٧﴾ إِنَّ اللَّهَ هُوَ الرَّزَّاقُ ذُو الْقُوَّةِ الْمَتِينُ ﴿٥٨﴾

''અને મેં તો જિન્નાત અને મનુષ્યોને પેદા જ એ હેતુસર કર્યા છે કે મારી ઈબાદત કરે. હું તેમનાથી ન આજીવિકા ચાહું છું અને ન એ ઇચ્છું છું કે મને ભોજન કરાવવામાં આવે. અલ્લાહ તો સ્વયં સૌને આજીવિકા પહોંચાડવાવાળો છે, સર્વશક્તિમાન, દૃઢ છે.'' (સૂરઃ અઝ્-ઝારિયાત, ૫૬-૫૭)

આયતની સંક્ષિપ્ત સમજૂતી : અલ્લાહ તઆલા પહેલી આયતમાં એ કહી રહ્યો છે કે તેણે જિન્નાત[૧] અને મનુષ્યને કેવળ પોતાની એક માત્ર જાતની ઈબાદત માટે પેદા કરેલ છે.

અને, બીજી અને ત્રીજી આયતોમાં અલ્લાહ તઆલા એ બતાવવા માગે છે કે તે પોતાના બંદાઓથી નિરપેક્ષ છે, તેને તેમની કોઈ આવશ્યકતા નથી, અને તેમના પાસે કોઈપણ પ્રકારનાં ભોજન અને રોજીની ઇચ્છા નથી રાખતો, બલ્કે તે તો એવી સામર્થ્યવાન પવિત્ર જાત છે, જે સૌને રોજી-રોટી આપે છે. તેના સિવાય કોઈ કોઈને રોજી ઉપલબ્ધ કરતો નથી. એ જ હસ્તી વરસાદ વરસાવે છે અને જમીનમાંથી ભિન્ન-ભિન્ન પ્રકારનાં અનાજો અને ફળફૂલ પેદા કરે છે, અને બીજી તમામ મખ્લૂકાત (સર્જનો), જે બુદ્ધિ અને સમજ નથી રાખતા, તેમને અલ્લાહ તઆલાએ મનુષ્યોની સેવા અને રાહત માટે પેદા

(૧) 'જિન્નાત' બુદ્ધિ અને સમજ રાખવાવાળું સર્જન છે, જેને અલ્લાહ તઆલાએ માનવીની જ જેમ ઇબાદત માટે પેદા કરેલ છે અને તેઓ તેમના સાથે જ આ ધરતી પર રહે છે, પરંતુ માનવી તેને જોઈ શકતો નથી.

કરેલ છે, જેથી તેઓ અલ્લાહ તૂઆલાની ઈબાદત અને આજ્ઞાપાલન તેમની સહાયતાથી સારી રીતે કરી શકે, અને તેમના સાથે અલ્લાહે અવતરિત કરેલ કાનૂન અનુસાર વ્યવહાર કરે.

સૃષ્ટિના તમામ સર્જનો અને તેમની બધી પ્રવૃત્તિઓ અલ્લાહ તૂઆલાની કોઈને કોઈ વિવેકશીલતા અને ડહાપણ હેઠળ છે, જેના વિશે કુર્આને-કરીમે પ્રકાશ પાડ્યો છે, અને જેનાથી દરેક બુદ્ધિશાળી વ્યક્તિ તેના જ્ઞાન અને સમજના પ્રમાણમાં જાણકારી રાખે છે.

ઉદાહરણ રૂપે, મનુષ્યોના આયુષ્યમાં તફાવત હોવો, અને રોજી ઓછીવત્તી હોવી, કષ્ટ અને પરીક્ષામાં એક-બીજાથી ફરક હોવો, આ બધામાં ફરક અને તફાવત અલ્લાહ તૂઆલાની મરજી અને હેતુથી હોય છે, જેથી પોતાના બુદ્ધિ અને સમજ ધરાવતા બંદાઓની પરીક્ષા કરે. તેથી જે વ્યક્તિ અલ્લાહની મરજી અનુસાર રાજી રહ્યો અને જેણે ભાગ્યની સામે શિશ ઝુકાવી દીધું, અને અલ્લાહ તૂઆલાની ઈચ્છાઓ અનુસાર ચાલવાની કોશિશ કરતો રહ્યો, તો તેને અલ્લાહ તૂઆલાની પ્રસન્નતા પ્રાપ્ત થશે, અને તે તેને બંને લોકમાં (દુનિયા અને આખિરતમાં) સૌભાગ્યથી નવાજશે, અને જે વ્યક્તિએ અલ્લાહ તૂઆલાએ નિર્ધારિત કરેલ ભાગ્ય-દુર્ભાગ્યની ફરિયાદ કરી અને તેના સામે માથું ન નમાવ્યું, તો તેણે અલ્લાહ તૂઆલાની નારાજગી વહોરી લીધી, અને દુનિયા અને આખિરત (પરલોક)માં દુર્ભાગ્યને પાત્ર ઠર્યો. આપણે દુઆ કરીએ કે અલ્લાહ તૂઆલા આપણાથી રાજી રહે અને પોતાની નારાજગીથી સુરક્ષિત રાખે.

મૃત્યુ પછી પુનઃ જીવંત હોવા, હિસાબ-કિતાબ, ઈનામ અને સજા તથા જન્નત (સ્વર્ગ) અને જહન્નમ (નર્ક)નું વર્ણન :

જ્યારે તમે સારી રીતે એ જાણી લીધું કે અલ્લાહ તૂઆલાએ તમને પોતાની ઈબાદત માટે પેદા કર્યા છે, તો એ વાત પર પણ ઈમાન અને વિશ્વાસ રાખો કે અલ્લાહ તૂઆલાએ પોતાના ગ્રંથોમાં, જે તેણે પોતાના ઈશનિષ્ઠ-આજ્ઞાંકિત બંદાઓ પર અવતરિત કરેલ છે, વર્ણવ્યું છે કે તે તમને મૃત્યુ આપ્યા પછી ફરીથી જીવંત કરશે અને તમારા દુનિયાના સારા અને ખરાબ કાર્યોનો બદલો આપશે અને તે આખિરતનો દિવસ હશે, જેને 'યવ્મુલ જઝા' (બદલાનો દિવસ) કહે છે, કેમ કે મનુષ્ય મૃત્યુ દ્વારા જ 'દારુલ અમલ' (અમલ કરવાની જગ્યા) અને 'દારુલ ફના' (નાશવંત જગ્યા)થી 'દારુલ જઝા' (બદલો કે વળતર આપવાની જગ્યા) અને 'દારુલ બકા' (શાશ્વત કે બાકી રહેનારી જગ્યા) તરફ સ્થાનાંતર થઈ જાય છે, જ્યારે મનુષ્ય પોતાનું દુનિયાનું આયુષ્ય પૂરું કરી

લે છે, તો અલ્લાહ ત્આલા મૃત્યુના ફરિશ્તાઓને તેના આત્માને કબજે કરવા માટે મોકલે છે. તેથી આત્મા નીકળવાના પહેલા મૃત્યુની અત્યંત કષ્ટદાયક તકલીફનો સામનો કર્યા પછી તે મૃત્યુ પામે છે.

જો તે આત્મા મોમિન બંદાનો હોય છે, તો અલ્લાહ ત્આલા તેને 'દારુલ નઈમ' (જન્નત)માં પહોંચાડી દે છે, અને જો કાફિર (ઇન્કાર કરનાર)નો હોય, તો તેને 'દારુલ અઝાબ' (જહન્નમ)માં પહોંચાડી દે છે, ત્યાં સુધી કે દુનિયાના સમાપ્ત થવાનો સમય આવી જાય અને કયામત સ્થાપિત થઈ જાય અને જે લોકો જીવંત બચ્યા હોય તેઓ મૃત્યુની અનંત ઊંઘમાં ન ચાલ્યા જાય, અને અલ્લાહ—જીવંત અને શાશ્વત હસ્તી સિવાય કોઈ જીવંત શેષ ન રહી જાય, ત્યારબાદ તેના પછી અલ્લાહ તઆલા ફરીથી સમગ્ર સર્જનોને, ત્યાં સુધી કે પશુઓને પણ ઉઠાવશે, અને તમામ શરીરોમાં આત્મા પાછો નાખી દેવામાં આવશે, જેઓ અગાઉની જેમ જ થઈ જશે, પછી તેમનાં દુનિયાના કાર્યો વિશે હિસાબ-કિતાબ થશે અને તેના જ અનુસાર ઈનામ કે સજા આપવામાં આવશે. કોઈ સ્ત્રી અને પુરુષ, માલિક અને સેવક, અમીર અને ગરીબમાં કોઈ તફાવત નહીં હોય, અને રજ માત્ર કોઈના પર અત્યાચાર કે અન્યાય નહીં થાય. અત્યાચારીથી પીડિતનો હક્ક અપાવવામાં આવશે, ત્યાં સુધી કે પશુઓથી પણ પરસ્પર અત્યાચાર અને અતિરેકનો બદલો ચૂકવી આપવામાં આવશે. પછી તેમને કહેવામાં આવશે કે તમે-સૌ માટી બની જાઓ, કેમ કે પશુઓ-જાનવરો જન્નત કે જહન્નમમાં નહીં જાય.

અલ્લાહ તઆલા જિન્નાતો અને મનુષ્યોને તેમના કર્મોનો પૂરેપૂરો બદલો આપશે. તદનુસાર મોમિનો અને સદાચારીઓને જન્નતમાં દાખલ કરશે, ચાહે તેઓ દુનિયામાં સૌથી વધારે ગરીબ રહ્યા હોય, તેમજ કાફિરો (ઇન્કાર કરનારાં) અને મુશ્રિકો (બહુદેવ-વાદીઓ)ને જહન્નમમાં નાખી દેવામાં આવશે, ચાહે તેઓ દુનિયામાં અમીર અને પ્રતિષ્ઠિત રહ્યા હોય. અલ્લાહ ત્આલા ફરમાવે છે –

إِنَّ أَكْرَمَكُمْ عِندَ اللَّهِ أَتْقَاكُمْ ۚ

''તમારામાંથી અલ્લાહ ત્આલાના સમીપ વધારે ઇજ્જતવાળો અને પ્રતિષ્ઠિત એ વ્યક્તિ છે, જે વધારે તકવાવાળો (ઈશનિષ્ઠ-સંયમી) છે.'' (સૂરઃ અલ-હુજુરાત, ૧૩)

જન્નત (સ્વર્ગ) : જુદા-જુદા પ્રકારની ને'મતો (કૃપાઓ અને બક્ષિસો)થી ભરપૂર જગ્યા છે, જેની કલ્પના પણ મનુષ્ય માટે અસંભવ છે. તેમાં એકસો દરજ્જાઓ છે અને દરેક દરજ્જા માટે શક્તિ અને ઈમાન તથા અલ્લાહના આજ્ઞાપાલન અનુસાર રહેવાસીઓ છે. જન્નતમાં સૌથી નીચેના દરજ્જાવાળો વ્યક્તિ દુનિયાના મોટામાં મોટા બાદશાહો-

રાજાઓના વૈભવ અને સુખ-સગવડોથી સિત્તેર ગણા વધારે વૈભવ અને સુખ-સગવડોમાં હશે.

જહન્નમ (નર્ક) : આનાથી અલ્લાહ તૂઆલા આપણી રક્ષા કરે. તે વિભિન્ન પ્રકારની યાતનાઓ અને સજાઓનું કેન્દ્ર છે, જેના ઉલ્લેખથી હૃદય ધ્રુજી ઉઠે છે અને આંખો અશ્રુભીની થઈ જાય છે. જો કયામત પછી ફરીથી મૃત્યુ હોત તો કેવળ જહન્નમને જોતાં જ લોકો મૃત્યુ પામતા. પરંતુ મૃત્યુ તો ફક્ત એક વાર આવે છે, જેના દ્વારા માનવી દુનિયાથી આખિરત (પરલોક) તરફ સ્થાનાંતર થઈ જાય છે.

કુર્આને-કરીમે મૃત્યુ, હશ્ર અને નશ્ર (પુનરુજ્જીવન), હિસાબ-કિતાબ, જઝા (ઈનામ) અને સજા તેમજ જન્નત અને જહન્નમનું વિસ્તૃત ચિત્રણ કર્યું છે, જેના તરફ અમે કેવળ ઈશારો કર્યો છે.

મૃત્યુ પછી પુનઃ જીવંત થવા અને હિસાબ-કિતાબ તથા ઈનામ અને સજાના સત્ય હોવા અંગે પુષ્કળ દલીલો છે –

مِنْهَا خَلَقْنٰكُمْ وَفِيْهَا نُعِيْدُكُمْ وَمِنْهَا نُخْرِجُكُمْ تَارَةً اُخْرٰى ﴿٥٥﴾

''આના (જમીન)થી જ અમે તમને પદા કર્યા છે અને એમાં જ અમે તમને પાછા લઈ જઈશું, અને આમાંથી જ તમને ફરીથી કાઢીશું.'' (સૂરઃ તા-હા, ૫૫)

વધુમાં ઈરશાદ છે –

وَضَرَبَ لَنَا مَثَلًا وَّنَسِيَ خَلْقَهٗ ؕ قَالَ مَنْ يُّحْيِ الْعِظَامَ وَهِيَ رَمِيْمٌ ﴿٧٨﴾ قُلْ يُحْيِيْهَا
الَّذِيْٓ اَنْشَاَهَآ اَوَّلَ مَرَّةٍ ؕ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيْمٌ ﴿٧٩﴾

''અને અમારી શાનમાં વિચિત્ર (ઉદ્ધતાઈભર્યો) વિષય વર્ણવ્યો અને પોતાના સર્જનને ભૂલી ગયો. કહેવા લાગ્યો - કોણ ફરીથી જીવતા કરશે હાડકાઓને, જ્યારે કે તે જીર્ણ-ક્ષીણ થઈ ગયા હોય. તમે કહી દો તેમને - એ જ જીવંત કરશે જેણે તેમને સૌપ્રથમ પેદા કર્યા હતા અને તે બધા પ્રકારનાં સર્જન કરવાને સારી રીતે જાણે છે.''

(સૂરઃ યા-સીન, ૭૮-૭૯)

એક જગ્યાએ ઈરશાદ છે –

زَعَمَ الَّذِيْنَ كَفَرُوْٓا اَنْ لَّنْ يُّبْعَثُوْا ؕ قُلْ بَلٰى وَرَبِّيْ لَتُبْعَثُنَّ ثُمَّ لَتُنَبَّؤُنَّ بِمَا
عَمِلْتُمْ ؕ وَذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ﴿٧﴾

''જે લોકો કાફિર છે એ લોકોનો વિચાર છે કે તેમને (ફરીથી) ઉઠાવવામાં નહીં આવે. તમે (તેમને) કહી દો કે અવશ્ય, અને સોગંદ છે મારા પાલનહારના, અવશ્ય તમને ઉઠાવવામાં આવશે, પછી જે કંઈ તમે કરી ચૂક્યા છો તેની તમને જાણકારી આપવામાં આવશે, અને આ અલ્લાહ માટે તદ્દન સરળ છે.'' (અત્-તગાબુન, ૭)

આયતની સંક્ષિપ્ત સમજૂતી : અલ્લાહ ત્આલા પહેલી આયતમાં બતાવવા માગે છે કે મનુષ્યને તેણે જમીનથી અર્થાત્ માટીથી પેદા કર્યો, અને આવું એ રીતે થયું કે તેના પૂર્વજ હઝરત આદમ ﷺને માટીથી પેદા કર્યા, અને ફરી મૃત્યુ પછી કબરોમાં માટીમાં જ ભેળવી દેશે અને ફરી પોત-પોતાની કબરોથી બધાને જીવંત કરીને કાઢવામાં આવશે અને તેમનો હિસાબ-કિતાબ લઈને સારા-નરસા કર્મોનો બદલો આપશે.

અને, બીજી આયતમાં અલ્લાહ ત્આલા એ કાફિરો (ઈન્કાર કરનારાઓ)નું ખંડન કરી રહ્યો છે, જેઓ મૃત્યુ પછી ફરીથી જીવંત થવાનો ઈન્કાર કરે છે અને તેમને આશ્ચર્ય થાય છે કે હાડકાઓ સડી-ગળી ગયા પછી કેવી રીતે જીવંત થઈ જઈશું, અને તેમને એ બતાવવા માગે છે કે તે પવિત્ર હસ્તી જે પહેલી વાર તેમને પેદા કરવા માટે સમર્થ છે, એ જ તેમને ફરીથી જીવંત કરવા અંગે પણ સમર્થ છે.

અને, ત્રીજી આયતમાં પણ અલ્લાહ ત્આલા એ જ કાફિરો અને મુશ્રિકો (બહુદેવવાદીઓ)ના સંદેહોનો જવાબ આપી રહ્યો છે, જેઓ મૃત્યુ પછી જીવનનો ઈન્કાર કરે છે, અને તેને અસંભવ માને છે, તો તેને સાબિત કરવા માટે અલ્લાહ ત્આલા નબી કરીમ ﷺને આદેશ કરી રહ્યો છે કે તેમને સોગંદ ખાઈને એ કહી દો કે અલ્લાહ ત્આલા મૃત્યુ પછી જીવન પર સમર્થ છે અને તેમનાં બધા કાર્યો સામે આવી જશે અને તે અનુસાર બદલો આપવામાં આવશે અને આ અલ્લાહ ત્આલા માટે કોઈ મોટી વાત નથી, બલ્કે સામાન્ય બાબત છે.

એક અન્ય આયતમાં વધારે સ્પષ્ટતા કરતાં ફરમાવે છે કે જયારે મૃત્યુ પછી જીવનના અને જહન્નમના ઈન્કાર કરનારાઓને જીવંત કરવામાં આવશે, તો તેમને જહન્નમમાં યાતના આપવામાં આવશે અને તેમને કહેવામાં આવશે –

ذُوقُوا عَذَابَ النَّارِ الَّذِي كُنتُم بِهِ تُكَذِّبُونَ ۝٢٠

''લો, જહન્નમની યાતનાની મજા ચાખો, જેનો તમે ઈન્કાર કરી રહ્યા હતા.''

(સૂરઃ અસ્-સજદહ, ૨૦)

મનુષ્યના વાણી અને વર્તનની નોંધ :

અલ્લાહ તઆલાએ એ વાતની પણ સ્પષ્ટતા કરી દીધી છે કે મનુષ્ય જે કંઈ પણ સારું કે ખરાબ વાણી અને વર્તન કરશે, ચાહે તે જાહેર હોય કે છૂપું, બધું જ અલ્લાહ તઆલાના જ્ઞાનમાં છે અને 'લોહે મહફૂઝ' (અંકિત પાટી)માં આકાશ અને ધરતી તેમજ મનુષ્ય અને અન્ય તમામ સર્જનોને પેદા કરતા પહેલા નોંધ કરી દીધું છે, અને તેના સાથે-સાથે દરેક મનુષ્યનું નિરીક્ષણ અને તેના સારા-નરસા કાર્યો લખવા માટે જમણે-ડાબે બે ફરિશ્તાઓ નિયુક્ત કરી દીધા છે. જમણી બાજુવાળો ફરિશ્તો ભલાઈઓ લખતો રહે છે અને ડાબી બાજુવાળો ફરિશ્તો બૂરાઈઓ. મનુષ્યનું કોઈપણ કથન અને કાર્ય તેમનાથી છૂટી જતું નથી અને પછી મનુષ્યના ફરીથી જીવંત થઈ ઉઠ્યા પછી કયામતમાં તેને તેઓ સુરક્ષિત રેકર્ડ આપી દેવામાં આવશે. એ રીતે તે તેને વાંચ્યા પછી કોઈ એક વસ્તુનો પણ ઈન્કાર અને ખંડનની હિંમત નહીં કરી શકે, અને જે વ્યક્તિ કોઈ વસ્તુનો ઈન્કાર કરશે તો અલ્લાહ તઆલા તેના હાથ-પગ, આંખ, કાન અને ચામડીને બોલવાની શક્તિ આપશે અને તેઓ તેના વિરુદ્ધ સાક્ષી આપશે. કુર્આને-કરીમમાં આ વાતોની વિગત છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

وَإِنَّ عَلَيْكُمْ لَحَافِظِينَ ۝١٠ كِرَامًا كَاتِبِينَ ۝١١ يَعْلَمُونَ مَا تَفْعَلُونَ ۝١٢

"તે કોઈ શબ્દ મોઢામાંથી કાઢશે નહીં, પરંતુ એ કે તેના આસપાસ જ એક તાકમાં લાગેલો તૈયાર છે." (સૂરઃ કૉફ, ૧૮)

વધુમાં ઈરશાદ છે –

مَا يَلْفِظُ مِنْ قَوْلٍ إِلَّا لَدَيْهِ رَقِيبٌ عَتِيدٌ ۝١٨

"જો કે તમારા ઉપર (અમારા તરફથી) યાદ રાખવાવાળા, પ્રતિષ્ઠિત લખવાવાળા નિયુક્ત છે, તેઓ જાણે છે તેને જે કંઈ તમે કરી રહ્યા છો."

(સૂરઃ અલ-ઈન્ફિતાર, ૧૦-૧૨)

આયતની સમજૂતી : આયતમાં અલ્લાહ તઆલા એ બતાવવા માગે છે કે દરેક મનુષ્ય પર બે ફરિશ્તાઓ નિયુક્ત છે. એક જમણી બાજુ નિરીક્ષક છે, જે સદ્‌કાર્યો લખે છે અને બીજો ડાબી બાજુ જે કઠોર છે દુષ્કાર્યો લખે છે.

અને, છેલ્લી બે આયતોમાં અલ્લાહ તઆલાએ એ સમાચાર આપ્યા છે કે તેણે લોકોની સાથે અમુક પ્રતિષ્ઠિત ફરિશ્તાઓ નિયુક્ત કરી દીધા છે, જેઓ તેમના તમામ

કાર્યોને લખતા રહે છે, અને એ પણ બતાવ્યું છે કે તેણે આ ફરિશ્તાઓને બંદાઓના તમામ કાર્યોનું જ્ઞાન રાખવા અને તેમને લખી લેવાની શક્તિ પ્રદાન કરી છે, અને તેના વગર પણ અલ્લાહને બંદાઓના તમામ કાર્યોનું જ્ઞાન છે અને તેમને પેદા કરતાં પહેલા જ 'લોહે-મહફૂઝ'માં લખી રહ્યો છે.

સાક્ષી :

અમે એ વાતની સાક્ષી આપીએ છીએ કે અલ્લાહ તઆલા સિવાય કોઈ સાચો ઉપાસ્ય નથી અને એની સાક્ષી આપીએ છીએ કે હઝરત મુહમ્મદ ﷺ તેના રસૂલ (ઈશદૂત) છે, અને એની પણ સાક્ષી આપીએ છીએ કે જન્નત અને જહન્નમ સત્ય છે અને કયામતનો દિવસ આવવામાં કોઈ સંદેહ નથી, અને અલ્લાહ તઆલા લોકોને હિસાબ-કિતાબ માટે તેમની કબરોમાંથી બહાર કાઢશે અને તેમના સારા અને ખરાબ કાર્યોનો બદલો આપશે, અને જે કંઈ અલ્લાહ તઆલાએ કુર્આને-કરીમમાં અમને બતાવ્યું છે અથવા નબી કરીમ ﷺ દ્વારા અમારા સુધી પહોંચાડવામાં આવ્યું છે બધું જ શબ્દસઃ સાચું અને શંકાથી પર છે.

અંતે, અમે સૌ બુદ્ધિ અને સમજ રાખવાવાળા લોકોથી નિવેદન કરીએ છીએ કે તેઓ આ સચ્ચાઈઓ પર ઈમાન લઈ આવે અને એ વાતનું એલાન કરે અને તેના અનુસાર અમલ કરે, બસ આ જ મુક્તિનો માર્ગ છે.



પ્રકરણ—૨

રસૂલુલ્લાહ (અલ્લાહના પયગંબર) ﷺ ની ઓળખ :

જ્યારે તમે એ જાણી લીધું કે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત એ પવિત્ર હસ્તી છે, જેણે તમને પેદા કર્યા, ત્યારબાદ તમને મૃત્યુ આપ્યા પછી ફરીથી જીવંત કરશે અને તમારા સારા અને ખરાબ કાર્યો અનુસાર ઇનામ અને સજા આપશે, તો તેના પછી એ વાતનું પણ ઈમાન અને વિશ્વાસ રાખો કે અલ્લાહ તઆલાએ સમગ્ર માનવ-જાતના માર્ગદર્શન માટે પોતાનો રસૂલ (ઈશદૂત, પયગંબર) મોકલ્યો છે, અને તેનું અનુસરણ અને આજ્ઞાપાલનનો આદેશ આપ્યો છે, અને એ વાતની પણ સ્પષ્ટતા કરી દીધી છે કે સાચી અને યોગ્ય ઈબાદત (ઉપાસના) અને અનુસરણની ઓળખ આ જ રસૂલના અનુસરણ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે, અને અલ્લાહની શરીઅત (ધર્મ-વિધાન) પર ત્યારે જ અમલ કરી શકાય છે અને તેની ઈબાદતનો હક્ક અદા કરી શકાય છે, જ્યારે તેનું પૂરેપૂરું આજ્ઞાપાલન કરવામાં આવે, અને એ રસૂલે-કરીમ જેના પર ઈમાન લાવવું અને તેનું અનુસરણ કરવું દરેક વ્યક્તિ પર વાજિબ (આવશ્યક) છે. તે 'ખાતિમુલ મુરસલીન' (પયગંબરોના સમાપક) અને તમામ લોકો તરફ અલ્લાહે મોકલેલ રસૂલ (ઈશદૂત) 'મુહમ્મદ' નબી ઉમ્મી ﷺ છે, જેમના આવવાની ખુશખબર હઝરત મૂસા અને હઝરત ઈસા عليهما السلام એ પોત-પોતાના જમાનામાં આપી હતી, જેનો ઉલ્લેખ તૌરાત અને ઇંજીલમાં ચાળીસથી વધારે જગ્યાએ કરવામાં આવેલ છે, અને જેને યહૂદીઓ અને ઈસાઈઓ (ખ્રિસ્તીઓ) તૌરાત અને ઇંજીલમાં ફેરબદલથી પહેલા વાંચતા-વંચાવતા હતા.[૧]

સૌભાગ્યશાળી જન્મ :

અને, આ વહાલા નબી જેઓ ખાતિમુલ અંબિયા (પયગંબરોના સમાપક) અને સમગ્ર માનવ-જાત તરફ નુબૂવ્વત (પયગંબરી) અને રિસાલત (ઈશદૂતત્વ)ના પદ પર

(૧) આ ભવિષ્યવાણીઓની વિગત, જે તૌરાત અને ઇંજીલમાં આવેલ છે, શૈખુલ ઇસ્લામ ઇબ્ને તૈમિયાના પુસ્તક 'અલ-જવાબ અલ- સહીહલિમન બદ્દલ દીનુલ મસીહ'ના બીજા ભાગમાં અભ્યાસ કરી શકાય છે. એ જ પ્રમાણે અલ્લામા ઇબ્ને કય્યિમના પુસ્તક 'હિદાયતુલ હયારી' અને સીરત ઇબ્ને હિશામ અને તારીખ ઇબ્ને કસીરમાં 'મુઅજઝાત અન્-નુબૂવ્વહ'માં પણ આ વિગત જોઈ શકાય છે.

બિરાજમાન કરીને મોકલવામાં આવ્યા છે. તેમનું સન્માનનીય નામ અને પ્રતિષ્ઠિત વંશ 'મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ અલ-હાશમી અલ-કુરશી' છે, જેઓ ધરતી પર સૌથી શિષ્ટ-પ્રતિષ્ઠિત કબીલાના સૌથી સાચા અને સૌજન્યશીલ વ્યક્તિ છે, જેમનો વંશવેલો હઝરત ઈસ્માઈલ બિન હઝરત ઈબ્રાહીમ ﷺ થી જઈ મળે છે.

આપ ﷺ મક્કા-મુકર્રમામાં ઈ.સ. ૫૭૦માં પેદા થયા. આપ ﷺએ જે રાત્રે આંખ ખોલી, આપના પેદા થતાં જ એક ભવ્ય અને અતિશય નૂર (પ્રકાશ)થી સમગ્ર સૃષ્ટિ ઝળહળી ઉઠી, જેનાથી લોકો ડરી ગયા. ઈતિહાસના પુસ્તકોમાં આ ઘટનાની નોંધ કરવામાં આવી, અને કુરૈશના મૂર્તિઘરો (મંદિરો)માં હલચલ પેદા થઈ ગઈ, ઘડેલી મૂર્તિઓ ઊંધા મોઢે પડી ગઈ અને કૈસર (રોમ) અને કિસરા (ઈરાન)ના મહેલો હચમચી ગયા, અને દસથી વધારે કમંડળો તૂટીને પડી ગયા, અને ફારસ (ઈરાન)નો અગ્નિકુંડ ઓલવાઈને ઠંડો પડી ગયો, જે બે હજાર વર્ષથી સળગી રહ્યો હતો, અને જેની તીવ્રતા અને ગરમી ઓછી જ નહોતી થતી.

આ ક્રાંતિ અલ્લાહ તઆલા તરફથી સમગ્ર ધરતીના રહેવાસીઓ માટે એલાન અને ચેતવણી હતી કે પયગંબરો અને ઈશદૂતોના સમાપક (ખાતમુલ અંબિયા-વ-મુરસલીન)નો સૌભાગ્યવાન જન્મ થઈ ચૂક્યો છે, જે આ મૂર્તિઓનો નાશ કરશે, જેમની અલ્લાહને છોડીને પૂજા-અર્ચના અને ઉપાસના કરવામાં આવી રહી છે, અને જેઓ કૈસર (રોમન એમ્પાયર) અને કિસરા (ઈરાની એમ્પાયર)ની પ્રચંડ શક્તિઓથી ટક્કર લેશે, અને તેમને ઈસ્લામનું આમંત્રણ આપશે અને એક માત્ર અલ્લાહની ઈબાદતનો પ્રચાર-પ્રસાર કરશે, અને જ્યારે તેઓ આ આમંત્રણનો સ્વીકાર કરવાનો ઈન્કાર કરશે, તો આ અંતિમ પયગંબર તેમના સામે જિહાદ (યુદ્ધ) કરશે અને તેમનાં અનુયાયીઓ તેમનો સાથ આપશે અને છેવટે આ લોકો આ શક્તિઓથી સંઘર્ષરત થઈને વિજયી થશે અને અલ્લાહના દીન (ધર્મ)ને સમગ્ર ધરતી પર ફેલાવશે, તેથી અલ્લાહ તઆલાએ આપ ﷺના જન્મ પછી એવું જ કર્યું, જેવું કહેવામાં આવ્યું હતું.

રસૂલુલ્લાહ ﷺ ની વિશેષતાઓ :

અલ્લાહ તઆલાએ આપ ﷺને કેટલીક એવી વિશેષતાઓથી નવાજ્યા છે, જે બીજા પયગંબરો અને રસૂલોમાં જોવા મળતી નથી. તેમાંથી કેટલીક વિશેષતાઓ આ પ્રમાણે છે –

(૧) – ખાતિમુલ અંબિયા (પયગંબરોના સમાપક) હોવું : આપ ﷺ પયગંબરો અને ઈશદૂતોના સમાપક છે. આપના પછી કોઈ રસૂલ કે નબી નહીં આવે.

(૨) – **સમગ્ર સૃષ્ટિ માટે રિસાલત :** આપ ﷺ ને સમગ્ર માનવ-જાત માટે રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા છે અને બધા લોકોને 'ઉમ્મતે મુહમ્મદિયા' (પયગંબર મુહમ્મદ ﷺનો સમુદાય) કહેવાશે. જેણે આપનું અનુસરણ કર્યું તે જન્નતી હશે અને જેણે આપની અવજ્ઞા કરી તે જહન્નમવાસી હશે.

યહૂદીઓ અને ઈસાઈઓ (ખ્રિસ્તીઓ)એ પણ આપનું સંપૂર્ણ અનુસરણ કરવું પડશે, અને જેમણે આપનું અનુસરણ ન કર્યું અને આપની નુબૂવ્વત અને રિસાલત પર ઈમાન ન લાવ્યા તેઓ વાસ્તવમાં હઝરત મૂસા અને હઝરત ઈસા ﷺ અને તમામ પયગંબરોનો ઇન્કાર કરવાવાળા છે અને આ તમામ પયગંબરો આ અનુયાયીઓથી પોતાની વિમુક્તિ અને સંબંધ ન હોવાનું પ્રગટ કરશે, કેમ કે આ મહાન પયગંબરોએ અલ્લાહના આદેશથી નબી અકરમ ﷺના આગમનની ખુશખબર સંભળાવી છે, અને આપની નુબૂવ્વત અને રિસાલત પર ઈમાન લાવવાનું આમંત્રણ આપ્યું છે, અને એટલા માટે પણ કે આપનો દીન (ધર્મ) 'ઇસ્લામ' બધા પયગંબરોનો પણ દીન છે, જેને અલ્લાહ તઆલાએ આપના આગમન અને રિસાલત દ્વારા પરિપૂર્ણતાએ પહોંચાડી દીધો છે. તેથી કોઈપણ વ્યક્તિ માટે જાઈઝ નથી કે નબી અકરમ ﷺના આગમન પછી દીને-ઇસ્લામ સિવાય કોઈ અન્ય દીનને અપનાવે, કેમ કે દીને-ઇસ્લામ જ અંતિમ અને સંપૂર્ણ દીને-શરીઅત છે અને કયામત સુધી સુરક્ષિત રહેવાવાળો છે.

જ્યાં સુધી યહૂદીયત અને ઈસાઈયતનો સંબંધ છે, તો તે પોતાના મૂળ સ્વરૂપમાં રહ્યો નથી, બલ્કે તેમાં અસાધારણ રૂપે ફેરફાર અને પરિવર્તન કરી દેવામાં આવેલ છે. તેથી જેણે દીને-ઇસ્લામનું અનુસરણ કર્યું તે મૂસા અને ઈસા અને તમામ સન્માનનીય પયગંબરોનો અનુયાયી છે, અને જેણે દીને-ઇસ્લામનો ઇન્કાર કર્યો તેને મૂસા અને ઈસા અને તમામ પયગંબરોનો ઇન્કાર કરનાર સમજવામાં આવશે, ભલે ને તે મૂસા કે ઈસા ﷺ ના અનુસરણનો દાવો કરતો હોય. આ જ કારણ છે કે નબી અકરમ ﷺના જમાનામાં મોટી સંખ્યામાં સમજદાર અને ન્યાયપ્રિય યહૂદીઓ અને ઈસાઈઓ આપ ﷺ પર ઈમાન લાવ્યા અને દીને-ઇસ્લામમાં દાખલ થયા.

રસૂલુલ્લાહ ﷺ ના મુઅજિઝાત (ચમત્કારો)[1] :

સીરત વિવરણકર્તાઓએ આપ ﷺના ચમત્કારો વિશે, જે આપની રિસાલત અને નુબૂવ્વતની સચ્ચાઈ સાબિત કરવા માટે દલીલ રૂપે થયા, વિગતવાર પ્રકાશ પાડ્યો છે, જેની સંખ્યા એક હજારથી વધારે પહોંચી જાય છે, જેમાંથી કેટલાક આ પ્રમાણે છે –

(૧) કુર્આનની પરિભાષામાં 'મુઅજિઝાત'ને 'આયાત' કહેવામાં આવે છે, અને આ જ વધારે સાચું છે. પરંતુ 'મુઅજિઝાત' શબ્દ અમે એટલા માટે પ્રયુક્ત કર્યો છે કે સામાન્ય ચલણમાં આ જ શબ્દનો ઉપયોગ થાય છે.

(૧) મોહરે નુબૂવ્વત : આપ ﷺ ના બે ખભાની વચ્ચે નુબૂવ્વતની મહોરનું હોવું.

(૨) વાદળોનો છાંયડો : જ્યારે આપ ﷺ તડકામાં ચાલતા હતા, તો વાદળનો એક ટુકડો આપના ઉપર છત્રછાયા બની જતો હતો.

(૩) કાંકરીઓ દ્વારા તસ્બીહ : આપના હાથોમાં કાંકરીઓએ તસ્બીહ અને તમ્હીદ કરી.

(૪) વૃક્ષો દ્વારા સલામ : નબી અકરમ ﷺને વૃક્ષોએ સલામ કર્યો.

(૫) ભવિષ્યવાણીઓ : નબી અકરમ ﷺએ કયામતના નજીક હોવાના સંદર્ભમાં કેટલીક ઘટનાઓની ભવિષ્યવાણીઓ કરી હતી, જે ધીમે-ધીમે પ્રગટ થઈ રહી છે અને શબ્દસઃ સાચી પડી રહી છે, અને આપણે તેને જોઈ રહ્યા છીએ, અને આનું જ્ઞાન જે અલ્લાહ ત્આલાએ આપ ﷺ ને પ્રદાન કર્યું હતું, હદીસના પુસ્તકોમાં વિગતવાર નોંધાયેલ અને સુરક્ષિત છે.

હદીસના પુસ્તકો ઉપરાંત કયામતની નિશાનીઓ વિશે ઈસ્લામી વિદ્વાનોના પુસ્તકો, જેમ કે ઈમામ ઈબ્ને કસીરના પુસ્તક 'અન્-નિહાયા', ઉપરાંત 'અલ-અખબારુલ મશાઆ ફિ અશરાતુલ સાઅત' અને હદીસના પુસ્તક 'અબ્વાબુલ ફતન વલ મલાહમ' હેઠળ પણ આ વિગત આવેલ છે.

ઉલ્લેખિત મુઅજિઝાત (ચમત્કારો) બીજા પયગંબરોના મુઅજિઝાત જેવા છે, પરંતુ તદુપરાંત અલ્લાહ ત્આલાએ આપ ﷺ ને એક એવા મહાનતમ્ ચમત્કારથી નવાજ્યા છે, જે કયામત સુધી બાકી રહે અને જે કોઈ અન્ય પયગંબરને પ્રદાન કરવામાં નથી આવ્યો અને તે મહાનતમ્ ચમત્કાર છે :

(૬) કુર્આને-કરીમ : જેની સુરક્ષાની જવાબદારી સ્વયં અલ્લાહ ત્આલાએ લીધી છે, જેમાં કોઈપણ પ્રકારની ફેરબદલ અને પરિવર્તન અસંભવ છે. જો કોઈ દુર્ભાગીએ આની કોશિશ કરી તો તે નિષ્ફળ અને નિરાશ થયો, કેમ કે કુર્આને-કરીમની કરોડો પ્રતો આખી દુનિયામાં મુસલમાનોના હાથોમાં છે, જે એક-બીજાથી એક અક્ષર અને 'નુક્તા' (બિંદુ)માં પણ અલગ નથી.

જ્યારે તેનાથી વિપરીત તૌરાત અને ઈંજીલમાં અસાધારણ ફેરફારો અને પરિવર્તન થઈ ચૂક્યા છે. તેની પ્રતો એક-બીજાથી ભિન્ન અને જુદા-જુદા છે અને દરેક સંસ્કરણ અગાઉના સંસ્કરણથી જુદું હોય છે, કેમ કે અલ્લાહે તેની સુરક્ષાની જવાબદારી યહૂદીઓ

અને ખ્રિસ્તીઓને સોંપી હતી, તો તેમણે તેના સાથે રમત રમી, જ્યારે કુર્આનની સુરક્ષાનું વચન સ્વયં અલ્લાહે આપ્યું, જેમ કે ઇરશાદ છે –

إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ ⑨

''અમે જ ઝિક્ર (કુર્આન) અવતરિત કરેલ છે અને અમે જ તેના સંરક્ષક છીએ.''

(અલ-હિજ્ર, ૯)

કુર્આને-કરીમનું અલ્લાહની વાણી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ હોવાની બૌદ્ધિક અને પુરાવા આધારિત દલીલો :

કુર્આને-કરીમનું અલ્લાહની વાણી અને રસૂલુલ્લાહ ﷺના સાચા પયગંબર હોવાની બૌદ્ધિક અને તાર્કિક દલીલો અને પુરાવાઓમાંથી એ છે કે જ્યારે મક્કાના કાફિરો (વિરોધીઓ)એ નબી અકરમ ﷺ ને ખોટા ઠેરવ્યા, જે રીતે અગાઉની ઉમ્મતો (સમુદાયો)એ પોત-પોતાના પયગંબરોને ખોટા ઠેરવ્યા હતા, અને કહ્યું કે કુર્આન-કરીમ અલ્લાહ તઆલાની વાણી નથી, તો અલ્લાહ તઆલાએ પડકાર કરતાં તેમનાથી માંગણી કરી કે આ જ પ્રકારની સાહિત્યિક રીતે ભવ્યતા અને અલંકારિતાથી ભરપૂર વાણી લાવીને બતાવી દો. તેથી ભાષામાં સમૃદ્ધ હોવા છતાં તેઓ આના જેવી વાણી બનાવી ન શક્યા, જો કે તેઓ પોતાને ભાષા-લાલિત્ય અને અલંકારિતા તેમજ શેર-શાયરીમાં ઉચ્ચ સમજતા હતા અને તેમાં મોટા-મોટા શાયરો અને પ્રખ્યાત વક્તાઓ હતા, ઉપરાંત તેમનાથી કેવળ એ માંગણી કરવામાં આવી હતી કે આના જેવી દસ સૂરઃઓ જ લાવીને બતાવો, તેમ છતાં તેઓ ન લાવી શક્યા. તત્પશ્ચાત, એ માંગણી કરવામાં આવી કે ઓછામાં ઓછી એક નાની સૂરઃ કુર્આનની સરખામણીમાં પ્રસ્તુત કરી દો, પરંતુ તેઓ તેમાં પણ નિષ્ફળ રહ્યા. પછી અલ્લાહ તઆલાએ સ્વયં એ અલાન કરી દીધું કે તેઓ આવું કરી શકતા જ નથી, બલ્કે તમામ મનુષ્યો અને જિન્નાતો મળીને પણ આવી વાણી પ્રસ્તુત કરવા માંગે, તો પણ તેઓ ચોક્કસ નિષ્ફળ રહેશે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું –

قُل لَّئِنِ اجْتَمَعَتِ الْإِنسُ وَالْجِنُّ عَلَىٰ أَن يَأْتُوا بِمِثْلِ هَٰذَا الْقُرْآنِ لَا يَأْتُونَ بِمِثْلِهِ
وَلَوْ كَانَ بَعْضُهُمْ لِبَعْضٍ ظَهِيرًا ⑧⑧

''તમે કહી દો કે જો (બધા) મનુષ્યો અને જિન્નાતો એ વાત માટે એકઠાં થઈ જાય કે આના જેવું કુર્આન લઈ આવે, તો પણ આના જેવું નહીં લાવી શકે, ભલે ને તેઓ એક-બીજાના મદદગાર બની જાય.'' (સૂરઃ અલ-બની ઇસરાઈલ, ૮૮)

જો કુર્આને-કરીમ મુહમ્મદ ﷺ ની કે કોઈ અન્ય મનુષ્યની વાણી હોત અને અલ્લાહની વાણી ન હોત, તો ચોક્કસ આરબવાસીઓ આના જેવી વાણી પ્રસ્તુત કરી દેતા અને લાચાર અને અસમર્થ ન હોત. પરંતુ અલ્લાહ તઆલાની વાણી એવી જ ઉચ્ચતમ્ અને મહાનતમ્ છે, જે રીતે એ પવિત્ર હસ્તી لیس کمثلہ شیٔ (તેના સમકક્ષ કોઈ નથી)થી સુશોભિત છે, બરાબર એ જ રીતે આ વાણી પણ અદ્ભુત, અનન્ય અને અનુપમ છે.

આ વર્ણનથી સારી રીતે અનુમાન કરી શકાય છે કે કુર્આને-કરીમ અલ્લાહની સત્ય વાણી છે અને મુહમ્મદ ﷺ તેના સાચા રસૂલ (ઈશદૂત) છે, કેમ કે અલ્લાહ ત્આલાની વાણી રસૂલ વગર કોઈ અન્ય વ્યક્તિ પર અવતરિત નથી થતી. સ્વયં અલ્લાહ ત્આલા ફરમાવે છે –

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ ۗ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمًا ﴿٤٠﴾

"મુહમ્મદ તમારાં પુરુષોમાંથી કોઈના પિતા નથી, અલબત્ત અલ્લાહના રસૂલ છે અને (સૌ) પયગંબરોના સમાપક છે અને અલ્લાહ દરેક વસ્તુને સારી રીતે જાણે છે." (અલ-અહઝાબ, ૪૦)

અન્ય જગ્યાએ ઈરશાદ છે –

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا وَّلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٢٨﴾

"અને અમે તો આપને સમગ્ર માનવ-જાત માટે (પયગંબર બનાવીને) મોકલ્યા છે ખુશખબર સંભળાવનાર અને ડરાવનારના રૂપે, પરંતુ મોટાભાગના લોકો સમજતા નથી." (સબા, ૨૮)

એક અન્ય જગ્યાએ ફરમાવ્યું –

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ﴿١٠٧﴾

"અને અમે આપને સમગ્ર સંસાર-જગત માટે રહમત (દયા અને કૃપા) બનાવીને મોકલ્યા છે." (અલ-અંબિયા, ૧૦૭)

આયતોની સંક્ષિપ્ત સમજૂતી :

પહેલી આયતમાં અલ્લાહ તઆલા એ બતાવવા માગે છે કે નબી અકરમ ﷺ

સમગ્ર માનવ-જાત માટે પયગંબર અને રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા છે, અને તેઓ અંતિમ પયગંબર છે. આપના પછી કોઈ પયગંબર અને રસૂલનું આગમન નહીં થાય, અને આપને રિસાલત (ઈશદૂતત્વ)ના મહાન પદ ઉપર બિરાજમાન કરવામાં આવ્યા છે, જેના આપ જ અધિકારી હતા અને જે ક્રમ આપ પર જ સમાપ્ત થવાનો છે.

બીજી આયતમાં અલ્લાહ તઆલાએ એ બતાવ્યું છે કે તેણે હઝરત મુહમ્મદ ﷺ ને તમામ લોકો તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા છે, ચાહે તેઓ કાળા હોય કે ગોરા, આરબ હોય કે બિનઆરબ, અને એ બતાવે છે કે ઘણા લોકો સત્ય અને સચ્ચાઈથી અજાણ હોવાને કારણે પથભ્રષ્ટ થયા અને નબી અકરમ ﷺ ના આગમન અને રિસાલતનો ઈન્કાર કરીને કાફિર બની ગયા.

અને, ત્રીજી આયતમાં અલ્લાહ તઆલા નબી અકરમ ﷺને સંબોધીને ફરમાવે છે કે તેણે આપની જાત અને આગમનને સમગ્ર સંસાર-જગત માટે રહમત (દયા અને કૃપા) બનાવ્યા છે. આપ અલ્લાહ તઆલાની એવી દયા છે, જેને તેણે બક્ષિસ રૂપે સમગ્ર માનવતાને પ્રદાન કરેલ છે. જેણે આપનું અનુસરણ અપનાવ્યું, તેણે અલ્લાહ તઆલાની દયાની બક્ષિસનો સ્વીકાર કરી લીધો અને જન્નતને પાત્ર થયા અને જેણે આપને ખોટા ઠેરવ્યા અને આપની તાબેદારીથી અવગણના કરી, તો તેણે અલ્લાહ તઆલાની દયાની બક્ષિસને ઠુકરાવી દીધી અને જહન્નમને પાત્ર ઠર્યા.

અલ્લાહ અને તેના રસૂલ ﷺ પર ઈમાન લાવવાનું આમંત્રણ :

તેથી અમે પ્રત્યેક બુદ્ધિ અને સમજ રાખવાવાળા વ્યક્તિને એ આમંત્રણ આપીએ છીએ કે તે અલ્લાહ તઆલાને રબ (પ્રભુ-પાલનહાર) માનીને અને મુહમ્મદ ﷺ ને રસૂલ (ઈશદૂત) માનીને તેમના પર ઈમાન લાવે અને આપની સુન્નત (રીત) અને શરીઅત (ઈસ્લામી ધર્મ-વિધાન)નું પૂરેપૂરું અનુપાલન કરે, અને આનું જ નામ દીને-ઈસ્લામ (ઈસ્લામ ધર્મ) છે, જેનો મૂળભૂત સ્રોત અને કેન્દ્ર-બિંદુ કુર્આને-કરીમ અને અલ્લાહના પયગંબર ﷺ ની મુબારક હદીસો અને પવિત્ર સુન્નત (રીત) છે, કેમ કે અલ્લાહ તઆલાએ આપને તમામ ક્ષતિઓ અને ભૂલોથી સુરક્ષિત રાખ્યા છે, તેથી આપ અલ્લાહની જ મરજીથી કંઈ કરવા અને ન કરવાનો આદેશ આપે છે. તેથી હૃદયપૂર્વક કહે કે હું એ વાત પર ઈમાન લાવ્યો કે અલ્લાહ જ મારો રબ અને સાચો ઉપાસ્ય છે અને એ વાત પર કે મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, અને પછી તેમનું અનુસરણ કરો, કેમ કે આ જ મુક્તિનો માર્ગ છે. અલ્લાહ તઆલા અમને અને તમને-સૌને સૌભાગ્ય અને મુક્તિ પ્રદાન કરે – આમીન.



પ્રકરણ–૩

દીને-ઈસ્લામનો પરિચય :

જ્યારે તમે એ જાણી લીધું કે અલ્લાહ તઆલા જ એ પવિત્ર હસ્તી છે, જેણે તમને પેદા કર્યા, અને આજીવિકા પ્રદાન કરી, અને એ જ એકલો સાચો ઉપાસ્ય છે, જેનો કોઈ ભાગીદાર નથી અને તમારા માટે આવશ્યક છે કે તમે કેવળ તેની ઈબાદત (ઉપાસના) કરો.

અને, તમે એ પણ જાણી લીધું કે હઝરત મુહમ્મદ ﷺ તમારા તરફ અને સમગ્ર માનવ-જાત તરફ અલ્લાહે મોકલેલ રસૂલ (ઈશદૂત) છે, તો હવે એ પણ જાણી લો કે તમારું અલ્લાહ પર અને રસૂલુલ્લાહ ﷺ પર ઈમાન ત્યારે જ વિશ્વસનીય સમજવામાં આવશે, જ્યારે તમે દીને-ઈસ્લામને સારી અને સાચી રીતે ઓળખીને તેના પર ઈમાન લઈ આવો, અને તેના અનુસાર સદ્કાર્યો કરો, એટલા માટે કે આ જ એ દીને-ઈસ્લામ છે, જેને અલ્લાહ તઆલાએ પસંદ કર્યો છે, અને તેનો જ તમામ રસૂલોને આદેશ આપ્યો છે, અને એ જ દીન (ધર્મ) મુહમ્મદ ﷺ ને આપીને તમામ લોકો તરફ મોકલ્યા છે અને તેના અનુસાર અમલ કરવો વાજિબ (આવશ્યક) ઠેરવેલ છે.

ઈસ્લામનો અર્થ :

રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે –

''ઈસ્લામ એ છે કે તમે એ વાતની સાક્ષી આપો કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઉપાસ્ય નથી, અને મુહમ્મદ (ﷺ) અલ્લાહના રસૂલ છે, અને નમાઝ કાયમ કરો, અને ઝકાત અદા કરો, અને રમઝાનના રોઝા રાખો, અને બૈતુલ્લાહની હજ કરો, જો તમે પ્રવાસનું સામર્થ્ય ધરાવતા હોવ.'' (બુખારી, મુસ્લિમ)

આમ, ઈસ્લામ એ વૈશ્વિક દીન (ધર્મ) છે, જેને અપનાવવાનો અલ્લાહ તઆલાએ સમગ્ર માનવ-જાતને આદેશ આપ્યો છે અને તમામ પયગંબરો તેના પર ઈમાન લાવ્યા છે અને તેની તેમણે ઘોષણા કરી છે અને તેનો સ્વીકાર કર્યો છે, અને સ્વયં અલ્લાહ તઆલાએ એલાન કરી દીધું છે કે આ જ એ દીન (ધર્મ) છે, જેના સિવાય કોઈ અન્ય દીન

સ્વીકાર્ય નહીં હોય. તેથી ફરમાવ્યું –

إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ

''ચોક્કસ, દીન તો અલ્લાહના નજીક ઈસ્લામ જ છે.'' (આલે ઈમરાન, ૧૯)

વધુમાં ફરમાવ્યું –

وَمَن يَبْتَغِ غَيْرَ الْإِسْلَامِ دِينًا فَلَن يُقْبَلَ مِنْهُ وَهُوَ فِي الْآخِرَةِ مِنَ الْخَاسِرِينَ

''અને જે કોઈ ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીનને અપનાવશે, તો તે તેનાથી કદાપિ સ્વીકારવામાં નહીં આવે, અને તે વ્યક્તિ આખિરત (પરલોક)માં નુકસાન ઉઠાવનારાઓમાંથી હશે.'' (આલે ઈમરાન, ૮૫)

આયતની સંક્ષિપ્ત સમજૂતી :

અલ્લાહ ત્આલા એ બતાવવા માગે છે કે તેના નજીક વિશ્વસનીય અને સ્વીકૃત દીન કેવળ દીને-ઈસ્લામ છે.

અને, બીજી આયતમાં તેની સ્પષ્ટતા કરી કે દીને-ઈસ્લામ સિવાય તે કોઈનાથી પણ કોઈ દીનનો સ્વીકાર કરશે નહીં, અને મૃત્યુ પછી માત્ર મુસલમાનો જ સદાચારી હશે અને જે લોકો ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીનને અપનાવીને મૃત્યુ પામશે, તો તેઓ મોટા નુકસાનમાં હશે અને જુદા-જુદા પ્રકારની યાતનાઓમાં ગ્રસ્ત રહેશે. આ જ કારણસર તમામ પયગંબરોએ દીને-ઈસ્લામને અપનાવ્યો અને તેના તરફ આમંત્રણ આપ્યું, અને જેણે અવગણના કરી તેનાથી તેમણે વિમુક્તિનું એલાન કર્યું છે. તેથી જે યહૂદી કે ખ્રિસ્તી (કે અન્ય આસ્થા ધરાવતા લોકો)મુક્તિ અને સૌભાગ્ય ઈચ્છે છે, તેમણે ઈસ્લામનો સ્વીકાર કરી લેવો જોઈએ અને હઝરત મુહમ્મદ ﷺ ની પયગંબરી અને ઈશદૂતત્વનો સ્વીકાર કરીને આપની શરીઅતને અપનાવી લેવી જોઈએ, જેથી હઝરત મૂસા અને હઝરત ઈસા ﷺ (અને અન્ય તમામ પયગંબરોના) સાચા અનુયાયી સાબિત થાય, કેમ કે સ્વયં હઝરત મૂસા, હઝરત ઈસા અને હઝરત મુહમ્મદ ﷺ અને અન્ય તમામ પયગંબરો મુસલમાન હતા અને દીને-ઈસ્લામનું જ તેમણે આમંત્રણ આપ્યું છે, કેમ કે આ જ એ દીન (ધર્મ) છે, જેના સાથે અલ્લાહે તેમને મોકલ્યા હતા.

નબી અકરમ ﷺના આગમન પછીથી લઈને કયામત સુધી કોઈ વ્યક્તિ પણ ત્યાં સુધી મુસલમાન હોવાનો દાવો કરી શકતો નથી, જ્યાં સુધી તે આપની પયગંબરી અને રિસાલતને હૃદયપૂર્વક કબૂલ ન કરી લે અને આપની સુન્નત (રીત) અને શરીઅત (ધર્મ-

વિધાન)ની સંપૂર્ણ તાબેદારી ન અપનાવે અને આપ પર ઉતારવામાં આવેલ ગ્રંથ કુર્આને-કરીમ પર અમલ કરતો ન થઈ જાય. તેથી અલ્લાહ ત્આલાનો ઇરશાદ છે –

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ
وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝

''તમે કહી દો કે જો તમે અલ્લાહથી પ્રેમ કરો છો, તો મારું અનુસરણ કરો, અલ્લાહ તમને પ્રેમ કરવા લાગશે અને તમારા ગુનાઓ માફ કરી દેશે, અલ્લાહ અત્યંત ક્ષમાશીલ અને મોટો મહેરબાન છે.'' (આલે ઈમરાન, ૩૧)

આયતની સંક્ષિપ્ત સમજૂતી :

અલ્લાહ ત્આલા રસૂલુલ્લાહ ﷺને એ આદેશ આપી રહ્યો છે કે અલ્લાહ ત્આલાથી મુહબ્બત (પ્રેમ)નો દાવો કરવાવાળાને એ કહી દો કે જો તમે લોકો વાસ્તવમાં અલ્લાહ ત્આલાથી પ્રેમ કરો છો, તો મારું અનુસરણ કરો, અલ્લાહ ત્આલા તમને પ્રેમ કરવા લાગશે, અને તમારા ગુનાઓને માફ કરી દેશે, જ્યારે તમે મુહમ્મદ ﷺ પર ઈમાન લાવો, આપનું અનુસરણ અપનાવો, કેમ કે તે તમને ત્યારે જ પ્રેમ કરશે.

અને, આ જ એ દીન છે, જે નબી અકરમ ﷺ સમગ્ર માનવતા તરફ લઈને પધાર્યા છે અને આ એવો સંપૂર્ણ અને પરિપૂર્ણ દીન (ધર્મ) છે, જેનું સમાપન અલ્લાહ ત્આલાએ કર્યું છે અને પોતાના બંદાઓ માટે આ જ દીનને પસંદ કર્યો છે, જેના સિવાય કોઈ અન્ય દીન તેના નજીક સ્વીકાર્ય નથી અને આ જ દીનની સૌ પયગંબરોએ ખુશખબર આપી હતી. ઈરશાદ છે –

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ
نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا ۭ

''આજે મેં તમારા માટે દીનને પરિપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી કૃપા સંપૂર્ણ કરી દીધી અને તમારા માટે ઈસ્લામને દીન સ્વરૂપે પસંદ કરી લીધો.''

(અલ-માઈદા, ૩)

આયતની સંક્ષિપ્ત સમજૂતી :

આ આયત નબી અકરમ ﷺ પર એ વખતે અવતરિત થઈ, જ્યારે આપ ﷺ અને તમામ સહાબાએ કિરામ رضي الله عنهم હજે-વિદાઅના પ્રસંગે અરફાતના દિવસે અલ્લાહના ઝિક્ર (સ્મરણ) અને દુઆ-મુનાજાતમાં વ્યસ્ત હતા, અને દીને-ઈસ્લામ પ્રસારિત થઈને

પોતાની ચરમસીમા પર હતો અને કુર્આને-કરીમનું અવતરણ પરિપૂર્ણતા સુધી પહોંચી ગયો હતો અને નબી અકરમ ﷺ નું પવિત્ર જીવન પોતાના અંતિમ તબક્કામાં હતું. તેથી અલ્લાહ તઆલાએ આ આયતને અવતરિત કરીને એ બતાવવા ઇચ્છ્યું કે તેણે મુસલમાનો માટે દીને-ઇસ્લામને સંપૂર્ણ કરી દીધો છે અને તેમના ઉપર પોતાની કૃપા, નબી અકરમ ﷺ ના આગમન અને આપ પર કુર્આને-કરીમ અવતરિત કરીને પરિપૂર્ણ કરી દીધી છે. ઉપરાંત, તેમના માટે ઇસ્લામને દીન (ધર્મ)ના રૂપમાં પસંદ કરી લીધો છે, જેનાથી તે કદાપિ નારાજ નહીં થાય, અને ન તેના સિવાય કોઈ અન્ય દીન કબૂલ કરશે, અને એ દીને-ઇસ્લામ જેને લઈને નબી અકરમ ﷺ પધાર્યા છે તે એવો સંપૂર્ણ દીન અને શરીઅત છે, જે દરેક યુગમાં અને દરેક પ્રદેશ અને દરેક જાતિ માટે સર્વથા યોગ્ય અને યથાર્થ છે. તે જ્ઞાન, સ્વાભાવિક, ભલાઈ અને બરકત (નિરંતર વધતી જતી સમૃદ્ધિ) તથા ન્યાય અને સમાનતાવાળો દીન છે. ઇસ્લામ જીવનના વિભિન્ન ક્ષેત્રો માટે એક પરિપૂર્ણ અને સ્પષ્ટ માર્ગ અને પદ્ધતિ બતાવે છે. તેથી તે દીન (ધર્મ) અને રાજકારણ બંને પર આધારિત છે. તેમાં શાસન-વ્યવસ્થા, ન્યાય-વ્યવસ્થા, રાજનીતિ તેમજ સામાજિક વ્યવસ્થા અને આર્થિક વ્યવસ્થા, ઉપરાંત પ્રત્યેક એ વસ્તુ વિશે માર્ગદર્શન ઉપલબ્ધ છે, જેની માનવીને આવશ્યકતા પડી શકે છે, અને આ જ દીનમાં માનવીના પારલૌકિક (આખિરતના) જીવનનું સૌભાગ્ય અને સફળતા પણ છે.

ઇસ્લામના સ્તંભો :

દીને ઇસ્લામ, જેને નબી અકરમ ﷺ લઈને પધાર્યા છે, કુલ પાંચ સ્તંભો પર આધારિત છે, જેના પર ઈમાન લાવ્યા વગર અને તેના તકાદાઓ પર અમલ કર્યા વગર કોઈ વ્યક્તિ સાચા રૂપમાં મુસલમાન બની શકતો નથી, તે પાંચ સ્તંભો આ પ્રમાણે છે –

(૧) એ વાતની સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ઉપાસ્ય નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ (પયગંબર, ઈશદૂત) છે.

(૨) નમાઝ કાયમ કરવી.

(૩) ઝકાત અદા કરવી.

(૪) રમઝાનના રોઝા રાખવા.

(૫) શક્તિ હોય તો બૈતુલ્લાહની હજ કરવી.[૧]

(૧) રસૂલુલ્લાહ ﷺ નો ઇરશાદ છે કે, "ઇસ્લામનો પાયો પાંચ વસ્તુઓ પર છે – એ વાતની સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઉપાસ્ય નથી, નમાઝ કાયમ કરવી, ઝકાત અદા કરવી, રમઝાનના રોઝા રાખવા અને શક્તિ હોય ત્યારે બૈતુલ્લાહની હજ કરવી." (બુખારી, મુસ્લિમ)
કુર્આને-કરીમથી દલીલો મહદ્અંશે દરેક સ્તંભની સમજૂતી હેઠળ વિગતવાર આવશે.

'કલ્મએ શહાદત'ના કેટલાક અર્થ અને ભાવાર્થ છે, જેને દરેક મુસલમાન માટે જાણવું અને તેના અનુસાર અમલ કરવો જરૂરી છે, અને જે લોકો સમજ્યા-વિચાર્યા વગર તેને માત્ર પોતાની જીભથી દોહરાવી લે છે અને તેના અર્થને જાણતા નથી અને ન તેના પર અમલ કરે છે, તેઓ સાચા અર્થમાં તેનાથી કંઈ જ ફાયદો ઉઠાવી શકતા નથી.

આમ, 'લા-ઈલાહ ઈલ્લલ્લાહ'નો અર્થ એ છે કે ધરતી અને આકાશમાં અલ્લાહ તઆલા સિવાય કોઈ સાચો ઉપાસ્ય અને પૂજ્ય નથી. તેની જ પવિત્ર જાત એક માત્ર સાચો ઉપાસ્ય છે, અને તેના સિવાય તમામ અસત્ય અને જૂઠા ઉપાસ્યો છે.

'ઈલાહ'નો અર્થ 'ઉપાસ્ય' થાય છે. જે વ્યક્તિ ગેરઈલાહ (જે ઉપાસ્ય નથી)ની ઉપાસના કરે છે, તે 'કાફિર' અને 'મુશ્રિક' (બહુદેવવાદી) છે, ચાહે તેનો ઉપાસ્ય કોઈ પયગંબર કે 'વલી' કેમ ન હોય, અને ચાહે તે તેની ઈબાદત એ દલીલથી કરતો હોય કે કે તે તેના માધ્યમથી કે તેના દ્વારા અલ્લાહ તઆલાનું સામીપ્ય અને 'વસીલા' પ્રાપ્ત કરી રહ્યો છે, કેમ કે એ મુશ્રિકો જેનાથી રસૂલુલ્લાહ ﷺ એ જિહાદ કર્યો તેઓ પણ પયગંબરો અને 'અવલિયા'ની આ જ દલીલથી ઈબાદત કરતા હતા. પરંતુ તેમની આ દલીલ ખોટી અને રદ કરવા લાયક છે, કેમ કે અલ્લાહ તઆલાનું સામીપ્ય અને પહોંચ પ્રાપ્ત કરવાની એ રીત નથી કે કોઈ અન્યની ઈબાદત કરવામાં આવે. અલ્લાહ તઆલાનું સામીપ્ય અને પહોંચ તો સદ્કાર્યો અને તેના નામો અને ગુણોના સ્મરણથી પ્રાપ્ત થાય છે, જેનો સ્વયં અલ્લાહ તઆલાએ મુસલમાનોને આદેશ આપ્યો છે, જેમ કે - નમાઝ પઢવામાં આવે, રોઝા રાખવામાં આવે, જિહાદ કરવામાં આવે, સદકા- ખૈરાત (દાન) કરવામાં આવે, હજ કરવામાં આવે, માતા-પિતાની સેવા કરવામાં આવે અને મોમિન બંદો પોતાના ભાઈ માટે ભલાઈની દુઆ કરે વગેરે.

ઈબાદતના પ્રકારો :

ઈબાદતના ઘણા પ્રકારો છે, તેમાંથી કેટલાક નીચે દર્શાવેલ છે :

(૧) – દુઆ : પોતાની એ જરૂરિયાતોને માંગવી, જેને પૂરી કરવાની શક્તિ અને સામર્થ્ય અલ્લાહ તઆલા સિવાય કોઈ ધરાવતું નથી, જેમ કે વરસાદ વરસાવવો, બીમારને તંદુરસ્તી પ્રદાન કરવી, મુસીબતોને ટાળવી અને દૂર કરવી જેને ટાળવાનું અને દૂર કરવાનું સામર્થ્ય કોઈનામાં નથી, અને જેમ કે જન્નતની માંગણી કરવી, જહન્નમથી શરણની માંગણી કરવી, સંતાન માંગવી, રોજી માંગવી, સુખચેન અને શાંતિ માંગવી, ઉપરાંત અન્ય ઘણી વસ્તુઓ એવી છે જે અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજાની પાસે માંગી શકાતી નથી, અને જેણે કોઈ સર્જન (મનુષ્ય)થી, ચાહે તે જીવંત હોય કે મૃત, આમાંથી કોઈ વસ્તુની માંગણી કરે તેણે તેની ઈબાદત (ઉપાસના) કરી, એટલા માટે કે

અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને એ આદેશ આપ્યો છે કે સવાલ (માંગણી) માત્ર અલ્લાહ તઆલાથી કરે અને એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે દુઆ પણ ઇબાદત છે અને જેણે કોઈ ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ અન્ય)ને પોકાર્યો તે જહન્નમી હશે, તેથી ઇરશાદ છે –

وَقَالَ رَبُّكُمُ ادْعُونِي أَسْتَجِبْ لَكُمْ ۚ إِنَّ الَّذِينَ يَسْتَكْبِرُونَ عَنْ عِبَادَتِي سَيَدْخُلُونَ جَهَنَّمَ دَاخِرِينَ ﴿٦٠﴾

"અને તમારા પાલનહારે કહ્યું છે કે મને પોકારો, હું તમારી દરખાસ્તનો સ્વીકાર કરીશ. નિઃશંક, જે લોકો મારી ઇબાદતથી અહંકારના કારણે અવગણના કરે છે, તેઓ ટૂંક સમયમાં જ જહન્નમમાં અપમાનિત થઈને દાખલ થશે." (અલ-મુ'મિન, ૬૦)

અને, બીજી આયતમાં એ સ્પષ્ટતા કરી દેવામાં આવી છે કે અલ્લાહ તઆલા સિવાય જેમને પોકારવામાં આવે છે, તેઓ કોઈના માટે નફા કે નુકસાનના માલિક નથી, ચાહે તે પયગંબરો અને અવલિયા હોય.

قُلِ ادْعُوا الَّذِينَ زَعَمْتُمْ مِنْ دُونِهِ فَلَا يَمْلِكُونَ كَشْفَ الضُّرِّ عَنْكُمْ وَلَا تَحْوِيلًا ﴿٥٦﴾

"તમે કહી દો, તમે અલ્લાહ સિવાય જેમને ઉપાસ્ય ઠેરવો છો, જરા તેમને પોકારો તો ખરા, તેઓ ન તમારી તકલીફ દૂર કરી શકે છે અને ન (તેને) બદલી શકે છે." (અલ-ઇસરા, ૫૬)

વધુમાં ઇરશાદ છે –

وَأَنَّ الْمَسَاجِدَ لِلَّهِ فَلَا تَدْعُوا مَعَ اللَّهِ أَحَدًا ﴿١٨﴾

"અને જેટલી મસ્જિદો છે (બધી) અલ્લાહનો હક્ક છે, તેથી અલ્લાહની સાથે બીજાઓને ન પોકારો." (અલ-જિન્ન, ૧૮)

ઇબાદતના પ્રકારોમાં –

(૨) – ઝબેહ કરવું, નઝ્ર (માનતા) માનવી અને નિયાઝ કરવું પણ છે :

કોઈ વ્યક્તિ માટે જાઇઝ નથી કે અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્ય માટે કુરબાની કરે અથવા નઝ્ર માને અને નિયાઝ પ્રસ્તુત કરે. જેણે ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ અન્ય) માટે ઝબેહ કર્યું, જેમ કે કોઈ કબર કે જિન્નાતની ખુશી અને તેને રાજી કરવા માટે

ઝબેહ કર્યું તો તેણે ગૈરુલ્લાહની ઈબાદત કરી અને અલ્લાહ તઆલાની લા'નત (ફિટકાર)ને પાત્ર ઠર્યો. અલ્લાહ તઆલાનું ફરમાન છે –

قُلْ اِنَّ صَلَاتِيْ وَ نُسُكِيْ وَ مَحْيَايَ وَ مَمَاتِيْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝ لَا شَرِيْكَ لَهٗ ۚ وَبِذٰلِكَ اُمِرْتُ وَاَنَا اَوَّلُ الْمُسْلِمِيْنَ ۝

"તમે કહી દો, મારી નમાઝ અને મારી (તમામ) ઈબાદતો અને મારું જીવન અને મૃત્યુ (બધું જ) સૃષ્ટિના પાલનહાર અલ્લાહ માટે જ છે. કોઈ તેનો ભાગીદાર નથી અને મને આનો જ આદેશ મળ્યો છે અને હું મુસલમાનોમાં સૌપ્રથમ છું."

(અલ-અનઆમ, ૧૬૨-૧૬૩)

ઈમામ મુસ્લિમે રિવાયત કરેલ એક હદીસમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે –

"જેણે ગૈરુલ્લાહ માટે ઝબેહ કર્યું, તેના પર અલ્લાહની ફિટકાર થાય."

જ્યારે કોઈ વ્યક્તિએ એમ કહ્યું કે જ્યારે મારું ફલાણું કામ થઈ જશે તો હું ફલાણા માટે નઝ્રના રૂપે સદકો (દાન) કરીશ અથવા કંઈ બીજું કરીશ, તો આ નઝ્ર શિર્ક થઈ જશે, કેમ કે આ નઝ્ર મખ્લૂક (સર્જન) માટે માનવામાં આવી છે અને નઝ્ર ઈબાદત છે, તેથી એ કોઈ મખ્લૂક માટે જાઈઝ (વૈધ) નથી, બલ્કે માત્ર અલ્લાહ તઆલા માટે જ હોવી જોઈએ.

મશ્રૂઅ (શરઈ) નઝ્ર એ છે કે કોઈ એમ કહે કે જો ફલાણું કામ થઈ જશે તો હું અલ્લાહ તઆલા માટે સદકા (દાન) કરીશ અથવા કોઈ અન્ય ઈબાદત કરીશ, તો આ નઝ્ર જાઈઝ છે.

એ જ રીતે ઈબાદતના પ્રકારોમાં છે –

(૩) – ઈસ્તગાશા[૧], ઈસ્તઆનત[૨] અને ઈસ્તઆઝા[૩] :

અલ્લાહ તઆલા સિવાય કોઈથી ન ફરિયાદ કરવામાં આવે અને ન મદદ માંગવામાં આવે અને ન પનાહ (શરણ) માંગવામાં આવે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ۝

"અમે તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ."

(અલ-ફાતિહા, ૪)

(૧) ફરિયાદ કરવી. (૨) મદદ માંગવી. (૩) શરણ માંગવું.

વધુમાં ઈરશાદ છે –

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۙ مِنْ شَرِّ مَا خَلَقَ ۙ

"તમે કહી દો કે હું પ્રભાતના માલિકનું શરણ લઉં છું, તમામ સર્જનોની બૂરાઈથી." (અલ-ફલક, ૧-૨)

રસૂલુલ્લાહ ﷺ ફરમાવે છે –

"મને ફરિયાદ કરવામાં નથી આવતી, બલ્કે અલ્લાહ તઆલાથી ફરિયાદ માંગવામાં આવે છે." હદીસ સહીહ છે, આને તબરાનીએ રિવાયત કરી છે.

રસૂલુલ્લાહ ﷺ એક અન્ય હદીસમાં ઈરશાદ ફરમાવે છે –

"જ્યારે તમે સવાલ કરો તો અલ્લાહ તઆલાથી કરો અને જ્યારે મદદ માંગો તો અલ્લાહ તઆલાથી મદદ માંગો." ઈમામ તિરમિઝીએ આને રિવાયત કરી છે, અને આ હદીસ સહીહ છે.

અને જ્યાં સુધી દુનિયાની રીતે ફરિયાદ કરવા અને મદદ માંગવાનો મામલો છે, તો માત્ર એ જ વ્યક્તિથી મદદ માંગવી જાઈઝ (વૈધ) છે, જે જીવંત અને હાજર હોય અને અપેક્ષિત વસ્તુને આપવાની શક્તિ રાખતો હોય.

અને, 'ઈસ્તઆઝા' અર્થાત્ શરણ માંગવી, તો આ કેવળ મહાન અલ્લાહ માટે શોભે છે. તેના સિવાય કોઈ મૃત કે અદૃશ્ય (ગેરહાજર)થી શરણ માંગવી તદ્દન જાઈઝ નથી, કેમ કે તે કોઈ વસ્તુનો માલિક નથી, ચાહે તે કોઈ નબી હોય કે વલી કે ફરિશ્તા.

ગૈબ (અદૃશ્ય)નું જ્ઞાન અલ્લાહ તઆલા સિવાય કોઈની પાસે નથી, જે વ્યક્તિ 'ઈલ્મે ગૈબ' (અદૃશ્યના જ્ઞાન)નો દાવો કરે છે, તે કાફિર છે, જેનો ઈન્કાર જરૂરી છે.

જેણે કોઈ વસ્તુની ભવિષ્યવાણી કરી અને તે સંયોગથી સાચી સાબિત થાય, તો તેને માત્ર સંયોગ જ સમજવામાં આવશે, કેમ કે રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે –

"જે વ્યક્તિ કોઈ જ્યોતિષ કે મુખાકૃતિ-વિશેષજ્ઞની પાસે હાજર થયો અને તેની વાતોને સાચી માની, તો તેણે જે વસ્તુ મુહમ્મદ ﷺ પર અવતરિત થઈ (અર્થાત્ કુર્આન) તેને ખોટી ઠેરવી." ઈમામ અહમદ અને હાકિમે રિવાયત કરેલ છે.

ઈબાદતોના પ્રકારમાં –

(૪) – તવક્કુલ (ભરોસો, પૂર્ણ સમર્પણ), રજાઅ (આશા) અને ખશિયત (અલ્લાહનો ડર) પણ છે :

'તવક્કુલ'નો અર્થ એ છે કે વ્યક્તિ અલ્લાહ તઆલાની જાત સિવાય કોઈના પર

ભરોસો ન કરે.

'રજાઅ' અર્થાત્ આશાનો અર્થ એ છે કે અલ્લાહ ત્આલા સિવાય કોઈનાથી આશા રાખવામાં ન આવે.

'ખશિય્યત'નો અર્થ એ છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈથી ડર અને ભય રાખવામાં ન આવે.

પરંતુ ખૂબ દુઃખ એ વાતનું છે કે આજે ઈસ્લામના ઘણા દાવેદાર લોકો અલ્લાહ ત્આલાની જાત અને ગુણોમાં અન્યને ભાગીદાર બનાવવાનું (શિર્કનું) કૃત્ય આચરે છે. એ રીતે ઘણા લોકો જીવતા લોકોને અને કબરવાળાઓથી પણ ઈચ્છાઓ પૂરી કરવાની આજીજી કરે છે. કબરોનો તવાફ (પરિક્રમા) કરે છે અને તેમનાથી ઈચ્છાઓ પૂરી કરવાની દરખાસ્ત કરે છે. ચોક્કસ, આ કાર્યો ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાય બીજાની) ઈબાદત છે અને આવું આચરણ મુસલમાન નથી કરી શકતો, ભલે ને તે મુસલમાન હોવાનો દાવો કરે, કલ્મા પઢે અને રોઝા-નમાઝનો પાબંદ હોય, અને બૈતુલ્લાહની હજ કરે. અલ્લાહ ત્આલા ફરમાવે છે –

وَلَقَدْ أُوحِيَ إِلَيْكَ وَإِلَى الَّذِينَ مِنْ قَبْلِكَ لَئِنْ أَشْرَكْتَ
لَيَحْبَطَنَّ عَمَلُكَ وَلَتَكُونَنَّ مِنَ الْخَاسِرِينَ ﴿٦٥﴾

''અને હકીકત એ છે કે તમારા તરફ પણ અને જેઓ તમારા પહેલા વિતી ગયા છે, તેમના તરફ પણ એ વહી મોકલી દેવામાં આવી હતી કે (હે સન્મુખ !) જો તેં શિર્ક કર્યું તો તારા બધાં કાર્યો વ્યર્થ થઈ જશે અને તું નુકસાનમાં પડીને રહીશ.''

(સૂરઃ ઝુમર, ૬૫)

વધુમાં ઈરશાદ છે –

إِنَّهُ مَنْ يُشْرِكْ بِاللَّهِ فَقَدْ حَرَّمَ اللَّهُ عَلَيْهِ
الْجَنَّةَ وَمَأْوَاهُ النَّارُ وَمَا لِلظَّالِمِينَ مِنْ أَنْصَارٍ ﴿٧٢﴾

''જે કોઈ અલ્લાહની સાથે (કોઈને) ભાગીદાર કરશે, તો અલ્લાહ તેના પર જન્નત હરામ કરી દેશે, અને તેનું ઠેકાણું (જહન્નમની) આગ છે અને (આવા) અત્યાચારીઓનો કોઈ મદદગાર નહીં હોય.'' (સૂરઃ માઈદા, ૭૨)

એ જ પ્રમાણે અલ્લાહ ત્આલાએ રસૂલુલ્લાહ ﷺ ને આદેશ આપ્યો કે આ એલાન કરી દે –

قُلْ إِنَّمَآ أَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوحَىٰٓ إِلَيَّ أَنَّمَآ إِلَٰهُكُمْ إِلَٰهٌ وَٰحِدٌ ۖ فَمَن كَانَ يَرْجُوا۟ لِقَآءَ رَبِّهِۦ فَلْيَعْمَلْ عَمَلًا صَٰلِحًا وَلَا يُشْرِكْ بِعِبَادَةِ رَبِّهِۦٓ أَحَدًۢا ﴿١١٠﴾

"તમે કહી દો, હું તો બસ તમારા જ જેવો મનુષ્ય છું. મારા પાસે એ વહી આવી છે કે તમારો ઉપાસ્ય એક જ ઉપાસ્ય છે, તેથી જે કોઈ પાલનહારથી મળવાની અભિલાષા રાખે છે, તો તેણે સદ્કાર્યો કરવા જોઈએ અને પોતાના પાલનહારની ઈબાદતમાં કોઈને પણ ભાગીદાર ન બનાવે." (સૂરઃ કહફ, ૧૧૦)

કેટલાક સ્વાર્થી આલિમોએ અજાણ પ્રજાને ધોકામાં નાખી રાખ્યા છે, જેઓ દીને-ઈસ્લામના મૂળ આધાર તૌહીદ (એકેશ્વરવાદ)થી અજાણ છે, અને માત્ર અમુક ગૌણ મસાઈલને જ જાણે છે. આમ, એ સ્વાર્થી આલિમો શફાઅત (ભલામણ) અને વસીલાની ચર્ચાના પરદા પાછળ શિર્કનું આમંત્રણ આપી રહ્યા છે. કેટલાક સ્રોતોની અત્યંત ભદ્દા, કઢંગા અને ખોટા અર્થઘટનો તથા અમુક જૂઠી હદીસો તેમની દલીલ છે. આ લોકો પોતાની બિદઅતો (દીનમાં નવી વાતો) અને શિર્કની વાતોને સાબિત કરવા માટે શૈતાની સ્વપ્નો સુદ્ધા પ્રસ્તુત કરવાથી પણ અટકતા નથી, જેને તેમણે ગૈરુલ્લાહની ઈબાદત કરવા માટે દલીલ અને પુરાવા રૂપે એકત્ર કરી રાખેલ છે, તેમજ શૈતાન અને મનેચ્છાઓના અનુસરણ અને બાપ-દાદાના આંધળા અનુકરણનું એ જ વર્તન અપનાવી રાખેલ છે, જે અગાઉના મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)એ અપનાવી હતી.

વસીલાની હકીકત :

એ વસીલા, જેને અલ્લાહ તઆલાએ આપણને પોતાના આ ઈરશાદથી અપનાવવાનો આદેશ આપ્યો છે –

وَابْتَغُوٓا۟ إِلَيْهِ ٱلْوَسِيلَةَ

"અને તેના સુધી (પહોંચાવનો) વસીલો શોધો." (સૂરઃ માઈદા, ૩૫)

એ વિશુદ્ધ તૌહીદ અને સદ્કાર્યો છે - જેમ કે નમાઝ, રોઝા, સદકા (દાન), હજ, જિહાદ, અમ્ર બિલ મા'રૂફ (ભલાઈની આજ્ઞા આપવી) અને નહી અનિલ મુન્કર (બૂરાઈઓથી રોકવું) અને સિલેહ-રહમી (દયા અને સગાઓ સાથે સંબંધોની કાળજી) વગેરે.

રહ્યું મડદાઓથી ઈચ્છાઓ પૂરી કરવાની યાચના કરવી અને મુસીબતો વખતે

ફરિયાદ કરવી અને આ પ્રકારના બીજા બધા કાર્યો, તો તે ગૈરુલ્લાહની ઈબાદતમાં સામેલ છે.

શફાઅતનું વર્ણન :

અંબિયાએ કિરામ અને અવલિયા-અલ્લાહ અને બીજા મુસલમાનોની શફાઅત (અલ્લાહ સામે ભલામણ), જ્યારે કે અલ્લાહ તઆલા તેમને તેની પરવાનગી આપશે, અમે આના સાચા હોવા પર ઈમાન રાખીએ છીએ. પરંતુ આ શફાઅત મૃત લોકોથી માંગવી જાઈઝ નથી, કેમ કે આ માત્ર મહાન અલ્લાહનો હક્ક છે અને આ તેને જ પ્રાપ્ત થાય છે જેને અલ્લાહ તઆલા પરવાનગી આપે.

તેથી એક સાચા અકીદા (આસ્થા)વાળો તૌહીદને માનવાવાળો વ્યક્તિ અલ્લાહ તઆલાથી શફાઅત માંગતા એમ કહે કે – ‘‘હે અલ્લાહ ! મારા વિશે પોતાના રસૂલ અને નેક (સદાચારી) બંદાઓની શફાઅત કબૂલ કર.’’ પરંતુ એવું ક્યારેય ન કહે કે – ‘‘હે ફલાણા વ્યક્તિ ! અમારા માટે શફાઅત કરી દે’’ વગેરે, કેમ કે તે મૃત્યુ પામ્યો છે અને મૃત વ્યક્તિથી ક્યારેય કોઈ વસ્તુ માંગી શકાતી નથી. સ્વયં અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

قُلْ لِّلّٰهِ الشَّفَاعَةُ جَمِيْعًا ؕ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ ثُمَّ اِلَيْهِ تُرْجَعُوْنَ ۝

‘‘તમે કહી દો, તમામ પ્રકારની સિફારિશ અલ્લાહના જ અધિકારમાં છે, તેનું જ રાજ્ય આકાશો અને ધરતીમાં છે, પછી તમે તેના જ તરફ પાછા ફરીને જશો.’’

(સૂરઃ ઝુમર, ૪૪)

કેટલીક એવી વસ્તુઓ જેને ઈસ્લામે હરામ (અવૈધ) કરેલ છે અને રસૂલુલ્લાહ ﷺએ સહીહ હદીસોમાં તેને કરવાની મનાઈ કરી છે, તેનાથી બચવાનો આદેશ આપ્યો છે, જેમ કે - કબરો પર મકબરાઓ અને ગુંબજો બનાવવા તથા તેને પાકું ચણતર કરાવવું, તેના પર લખવું, ચરાગા કરવા (દીપકો જલાવવા), ચાદરો ચઢાવવી અને મકબરામાં નમાઝો પઢવું વગેરે.

આ બધી વસ્તુઓથી રસૂલુલ્લાહ ﷺ એ ખૂબ સફાઈથી રોક્યા છે, કેમ કે આ જ વસ્તુઓથી કબર-પરસ્તીની શરૂઆત થાય છે.

અહીં સારી રીતે અનુમાન લગાવી શકાય છે કે જે લોકો અમુક કબરો અને દરગાહો પર હાજરી આપે છે, તેમનું આ કાર્ય એક પ્રકારનું શિર્ક-બિલ્લાહ (અલ્લાહની

જાતમાં કોઈને ભાગીદાર કરવું) છે, જેમ કે - મિસરમાં બદવી અને સૈયદા ઝેનબ અને ઈરાકમાં શાહ અબ્દુલ કાદિર જીલાની અને એહલે બૈતની કબરો પર એ આશય અને હેતુથી હાજરી આપવામાં આવે છે કે તેઓ ફરિયાદ સાંભળશે, ઈચ્છાઓ પૂરી કરશે. કેટલાક પ્રદેશોમાં તો નોબત ત્યાં સુધી પહોંચી ચૂકી છે કે લોકો કબરોનો તવાફ (પરિક્રમા) કરે છે અને કબરવાળાને નફા-નુકસાનના માલિક સમજે છે અને તેમનાથી ઈચ્છાઓ પૂરી કરવાની દરખાસ્ત કરે છે. સ્પષ્ટ છે કે તેમની આ શ્રદ્ધા અને અમલ તેમને ગુમરાહ મુશ્રિકો (પથભ્રષ્ટ અનેકેશ્વરવાદીઓ)ની હરોળમાં લઈ જઈને ઊભા કરી દે છે, ભલે ને તેઓ મુસલમાન હોવાનો દાવો કરતા હોય, નમાઝ અને રોઝાની પાબંદી કરતા હોય અને બૈતુલ્લાહની હજ કરી ચૂક્યા હોય અને લા-ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહનો કલ્મો પોતાના મોઢેથી વારંવાર દોહરાવતા હોય, તેઓ ત્યાં સુધી સાચા મોમિન નથી હોઈ શકતા, જ્યાં સુધી તેઓ આના અર્થ અને ભાવાર્થને ન સમજે અને તેના અનુસાર સદ્‌કાર્યો ન કરે. અલબત્ત, બિનમુસ્લિમ જ્યારે તૌહીદના આ કલ્માનો ઈકરાર કરી લે છે, તો તે મુસલમાન થઈ જાય છે, સિવાય કે આનાથી વિરુદ્ધ કોઈ વસ્તુનું આચરણ કરી લે જે પોતાના પહેલાના કુફ્ર અને શિર્કયુક્ત જીવનમાં કર્યા કરતો હતો, જે રીતે જાહિલ (અજ્ઞાની) લોકો કરે છે, અથવા ઈસ્લામના ફરાઈઝ (અનિવાર્ય કર્તવ્યો)ને જાણી લીધા પછી તેમાંથી કોઈ વસ્તુનો ઈન્કાર કરી દે, અથવા દીને-ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીન (ધર્મ) પર ઈમાન રાખે.

અંબિયાએ કિરામ અને અવલિયા-અલ્લાહ[1] એવા લોકોથી પોતાની વિમુક્તિ અને અસંબદ્ધતાનું એલાન કરશે, જેઓ તેમનાથી દુઆઓ માંગે છે અને ફરિયાદ ચાહે છે, કેમ કે અલ્લાહ તઆલાએ આ મહાનુભાવોને એટલા માટે મોકલ્યા છે કે તેઓ વિશુદ્ધ તૌહીદ અને માત્ર અલ્લાહ તઆલાની બંદગીનું આમંત્રણ આપે અને ગૈરુલ્લાહની બંદગીથી, ચાહે તે નબી હોય કે વલી, મનાઈ કરે.

(૧) અવલિયા-અલ્લાહ એ લોકો છે, જેઓ અલ્લાહ તઆલાની વિશુદ્ધ તૌહીદને અપનાવે છે અને નબી કરીમ ﷺ ના સાચા અનુયાયી અને આજ્ઞાપાલક છે. તેમાંથી અમુક લોકોની મઅરિફત (અલ્લાહ સુધી પહોંચ) તેમના જ્ઞાન અને તેમની વિદ્વતા તથા જિહાદ વગેરેથી થઈ જાય છે, અને કેટલાક લોકોની મઅરિફત નથી થતી, અને જે લોકોની મઆરિફત થઈ જાય છે તેઓ એવું નથી ઈચ્છતા કે લોકો તેમની તા'ઝીમ અને તકરીમ કરે (અર્થાત્ તેમના માટે પૂજ્યભાવ રાખે અને તેમના સામે ઝૂકે.) સાચા અવલિયા 'વિલાયત' (મહિમાવાન કે પવિત્ર સંત)નો દાવો નથી કરતા, બલ્કે તેઓ પોતાને ગુનેગાર સમજે છે, તેમનો કોઈ વિશિષ્ટ પોશાક અને વિશિષ્ટ દેખાવ નથી હોતા, બલ્કે તેઓ સંપૂર્ણપણે સુન્નત (રસૂલુલ્લાહની ﷺ રીત)ના અનુપાલક હોય છે. અને દરેક મુસલમાન જે તૌહીદ અને સુન્નત પર અમલ કરવાવાળો હોય, તો તે પોતાની ઈબાદત અને અનુસરણના પ્રમાણમાં 'વિલાયત'ના દરજ્જાથી સુશોભિત હોય છે. આનાથી જાણ થાય છે કે જે લોકો વિશિષ્ટ પોશાક વગેરે લઈને 'વિલાયત'ના પદના દાવેદાર બની જાય છે, જેથી લોકો તેમની તા'ઝીમ અને તકરીમ કરે, તેઓ હકીકતમાં વલી નહીં, બલ્કે ધોકેબાજ છે.

રસૂલુલ્લાહ ﷺ થી પ્રેમ કે અવલિયા-અલ્લાહથી અકીદત (શ્રદ્ધા)નો અર્થ એ નથી કે તેમની બંદગી કરવામાં આવે, કેમ કે આ તો તેમનાથી અદાવત છે (અકીદત નથી), બલ્કે તેમનાથી સાચી અકીદત (શ્રદ્ધા) અને પ્રેમનું માપદંડ એ છે કે તેમનું સાચું અનુસરણ કરવામાં આવે અને તેમની રીત પર ચાલવામાં આવે. સાચો મુસલમાન એ છે, જે અંબિયાએ કિરામ અને મહાન અવલિયાથી પ્રેમ તો કરે છે, પરંતુ તેમની બંદગી નથી કરતો, અને અમારી એ આસ્થા છે કે રસૂલુલ્લાહ ﷺ થી પ્રેમ રાખવો પ્રત્યેક મુસલમાન પર વાજિબ (આવશ્યક) છે, એ પણ એવો પ્રેમ, જે પોતાની જાત, કુટુંબીજનો અને સમગ્ર સૃષ્ટિથી વધારે હોય.

નાજિયા ફિરકા (નજાત પામનાર સમૂહ) :

મુસલમાનો સંખ્યામાં પુષ્કળ છે, પરંતુ વાસ્તવમાં તે ખૂબ ઓછા છે. ઈસ્લામ સાથે જોડવામાં આવતી જમાઅતો (સમૂહો)ની સંખ્યા ૭૩ ફિરકાઓ (જૂથો) સુધી પહોંચી ચૂકી છે, જેમની કુલ સંખ્યા કરોડો સુધી પહોંચી જાય છે. પરંતુ અકીદા (આસ્થા) અને અમલે-સાલિહા (સદ્કાર્યો)ને જોતાં માત્ર એક જ જમાઅત એવી છે, જે તૌહીદની ધ્વજવાહક અને રસૂલુલ્લાહ ﷺ તથા આપના અસ્હાબ (સાથીઓ ﷽)ની સાચી અનુયાયી છે, જેના તરફ નબી કરીમ ﷺ એ એક હદીસમાં આ પ્રમાણે ઈરશાદ ફરમાવેલ છે –

''યહૂદીઓ ૭૧ ફિરકાઓમાં અને ખ્રિસ્તીઓ ૭૨ ફિરકાઓમાં વહેંચાઈ ગયા છે, અને ટૂંક સમયમાં મારી ઉમ્મત ૭૩ ફિરકાઓમાં વહેંચાઈ જશે. બધા જ જહન્નમી હશે, સિવાય એક જમાઅતના.'' સહાબા ﷽ એ અરજ કરી, તે કઈ જમાઅત હશે હે અલ્લાહના રસૂલ ﷺ ? તો આપ ﷺ એ ફરમાવ્યું –

''જે જમાઅત એ પદ્ધતિ પર હશે, જેના પર આજે હું છું અને મારા સહાબા છે.'' બુખારી અને મુસ્લિમે રિવાયત કરેલ છે.

આમ, રસૂલુલલાહ ﷺ અને સહાબા કિરામ ﷽ જે રીત પર હતા તે એ છે કે તૌહીદની સાક્ષી અને તેના તકાદાઓ પર અમલ કર્યા પછી માત્ર મહાન અને પ્રતાપી અલ્લાહથી જ દુઆ કરે, તેના જ માટે ઝબેહ કરે, તેના જ માટે નઝ્ર (માનતા) પૂરી કરે, તેનાથી જ ફરિયાદ કરે અને તેનાથી જ મદદ માંગે અને તેનું જ શરણ શોધે, અને એ અકીદો (આસ્થા) રાખે કે નફા અને નુકસાન પહોંચાડવાની શક્તિ અલ્લાહ તઆલા સિવાય કોઈનામાં નથી. એ જ પ્રમાણે ઈસ્લામના અરકાન (મૂળ સ્તંભો)ને સારી રીતે ખૂબીની સાથે પૂરા કરે,, અને અલ્લાહ તઆલાના ફરિશ્તાઓ, અવતરિત કરવામાં આવેલ આકાશી ગ્રંથો, મોકલવામાં આવેલ રસૂલો, ફરીથી (જીવંત) ઉઠવા અને હિસાબ-

કિતાબ, જન્નત અને જહન્નમ તથા સારી-ખરાબ તકદીર (ભાગ્ય) પર ઈમાન અને વિશ્વાસ રાખે, તેમજ કુર્આન અને સુન્નતની સર્વોપરિતાને કબૂલ કરતાં પોતાના તમામ ફેંસલાઓ તેના જ પ્રકાશમાં કરાવે અને તેમના સામે શીશ ઝુકાવી દે, અને અલ્લાહ-વાળાઓથી પ્રેમ અને તેના દુશ્મનોથી નફરત કરે, અલ્લાહના દીનને ફેલાવવાની કોશિશ કરે, અને જિહાદ ફી સબીલિલ્લાહ (અલ્લાહના માર્ગમાં તન-મન-ધનથી સંઘર્ષ)માં ભરપૂર ભાગ લે, અને નેક મુસલમાન સત્તાધીશોનું - જ્યારે તેઓ અમ્ર બિલ મા'રૂફ (ભલાઈની આજ્ઞા) કરે, અનુપાલન કરે, અને જ્યાં પણ હોય સાચી વાત કહેવામાં સંકોચ ન અનુભવે, અને નબી કરીમ ﷺ ની પવિત્ર પત્નીઓ અને એહલે બૈતથી પ્રેમ અને અકીદત રાખે, અને સહાબા કિરામ રદિ. થી પ્રેમ રાખે, અને તેમના દરજ્જાઓ અને સ્થાન અનુસાર, તેમની અગ્રતા અને શ્રેષ્ઠતાનો સ્વીકાર કરે અને આ સૌ માટે અલ્લાહથી તેની પ્રસન્નતાની દુઆ કરે, તેમના દરમ્યાન ચર્ચા-ભેદ અને મતભેદોને ધ્યાનમાં ન લે અને તેનાથી દુર્લક્ષ કરે, અને એ મુનાફિકો (દંભી મુસલમાનો) અને દુષ્ટ લોકોની વાતો તરફ ધ્યાન ન આપે જે તેમણે સહાબા વિરુદ્ધ કીચડ ઉછાળવા અને મુસલમાનોમાં મતભેદો પેદા કરવા માટે ઘડેલ છે અને જેનાથી ધોકો ખાઈને કેટલાક આલિમો અને ઈતિહાસકારોએ પોતાના પુસ્તકોમાં માત્ર સારી નિયતના આધારે ઉલ્લેખ કરી દીધો છે.

જે લોકો પોતાને એહલે બૈતથી જોડીને 'સૈયદ' લખે છે, તેમને પોતાની વંશાવલી પર સારી રીતે પુનરવલોકન, બલ્કે તપાસ કરી લેવી જોઈએ, કેમ કે અલ્લાહ તઆલા એ લોકો પર લિયાનત (ફિટકાર) મોકલે છે, જેઓ પોતાને પોતાના બાપ-દાદાઓના બદલે કોઈ અન્યથી જોડે છે, અને જ્યારે તપાસ પછી કોઈનો વંશ એહલે બૈતથી સાબિત થઈ જાય તો તેના માટે જરૂરી છે કે નબી ﷺ અને એહલે બૈતની વિશુદ્ધ તૌહીદનું અનુપાલન કરે અને ગુનાઓથી બચે અને એ વાતનો કોઈ અવસર ન આપે કે લોકો તેમના કદમ ચૂમે અને તેમના માન-સન્માનમાં અતિશયોક્તિ કરે, અને પોતાની જાતને પોશાક અને પહેરવેશમાં રંગ-ઢંગ અને છટા-ભપકામાં વિશિષ્ટ ન રાખે, કેમ કે આ બધી વસ્તુઓ સુન્નતના વિરુદ્ધ છે. સાચા અર્થમાં અલ્લાહ તઆલાના નજીક સન્માનનીય અને પ્રતિષ્ઠિત એ છે, જે વધારે તેનાથી ડરનાર અને સંયમી છે.

શાસન અને કાનૂનનું ઘડતર માત્ર અલ્લાહનો અધિકાર છે :

કલ્મએ શહાદત - 'લા-ઈલાહ ઈલ્લલ્લાહ'ના એકરાર અને સ્વીકાર પછી એના પર પણ ઈમાન અને વિશ્વાસ રાખવું જરૂરી છે કે શાસન અને કાનૂન-ઘડતર માત્ર અલ્લાહ તઆલાનો અધિકાર છે અને કોઈ માનવી માટે જાઈઝ (વૈધ) નથી કે એવો

કાનૂન બનાવે જે અલ્લાહના કાનૂનથી ટકરાતો હોય. એ જ પ્રમાણે કોઈ મુસલમાન માટે એ પણ જાઈઝ નથી કે અલ્લાહ તઆલાના ફેંસલાઓ વિરુદ્ધ ફેંસલો કરે અને ન તો શરીઅતના વિરુદ્ધ ફેંસલાઓ સામે નત-મસ્તક થઈ જાય. એ જ પ્રમાણે જે વસ્તુને અલ્લાહ તઆલાએ હરામ (અવૈધ) ઠરાવેલ છે, તેને હલાલ (વૈધ) કરી દેવાનો કોઈ વ્યક્તિને હક્ક નથી. જે વ્યક્તિએ અલ્લાહના ફેંસલાનું જાણી-સમજીને ઉલ્લંઘન કર્યું અથવા શરીઅત વિરુદ્ધ ફેંસલાને સ્વીકાર્ય ગણ્યો અને તેના પર રાજી થઈ ગયો, તો તે કાફિર થઈ ગયો, તેથી અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ

''અને જે કોઈ અલ્લાહે અવતરિત કરેલ (આદેશો) અનુસાર ફેંસલો ન કરે, તો એ જ લોકો કાફિર છે.'' (સૂરઃ માઈદા, ૪૪)

અંબિયા કિરામના આગમનનો ઉદ્દેશ્ય :

તૌહીદની દા'વત (આમંત્રણ) :

અંબિયાએ કિરામના આગમનનો ઉદ્દેશ્ય અને તેમની સૌથી મોટી જવાબદારી 'લા-ઈલાહ ઈલ્લલ્લાહ'ના એકરાર અને તેના તકાદાઓ પર અમલ કરવાનું આમંત્રણ આપવાની છે, અને તે એક માત્ર અલ્લાહની બંદગી છે તેમજ તમામ અસત્ય ઉપાસ્યોની બંદગી અને તેમના કાનૂનથી અળગમા અને વિમુક્તિની જાહેરાત કરવાનો છે અને અલ્લાહની શરીઅતની સામે નત-મસ્તક થઈ જવું છે.

જે વ્યક્તિ આંધળા અનુકરણ અને પૂર્વગ્રહથી હટીને ધ્યાનપૂર્વક કુર્આને-કરીમનો અભ્યાસ કરે, તેને સારી રીતે ખ્યાલ આવી જશે કે જે વાતોને અમે સ્પષ્ટતાપૂર્વક વર્ણન કર્યું છે, એ જ સત્ય અને કિતાબ (કુર્આન) અને સુન્નત અનુસાર છે અને વધુમાં તેને એ વાતનું પણ જ્ઞાન થઈ જશે કે અલ્લાહ તઆલાએ સ્વયં પોતાની પવિત્ર જાતની સાથે અને તમામ સર્જનોની સાથે પણ માનવીના સંબંધોનું નિર્ધારણ કરી દીધું છે.

તેથી પોતાના સંબંધોને એક મોમિન બંદાથી એ રીતે જોડવાનો અને બાકી રાખવાનો આદેશ આપ્યો છે કે ઈબાદતના તમામ પ્રકારો અને વિધિઓ માત્ર એ પવિત્ર જાત માટે વિશિષ્ટ કરવામાં આવે અને કોઈ અન્ય મખ્લૂક (સર્જન) માટે કોઈપણ પ્રકારની નાનામાં નાની બંદગી કરવામાં ન આવે. એ જ પ્રમાણે અંબિયા કિરામ અને નેક અને સદાચારી બંદાઓથી પ્રેમ અને અકીદત (શ્રદ્ધા) પોતાના (અર્થાત્ અલ્લાહના) પ્રેમના તાબે રાખવાનું ઠરાવેલ છે અને તેમનું અનુસરણ કરવાનો આદેશ આપ્યો છે.

એ જ પ્રમાણે કુફ્ર (કરનાર વિધર્મીઓ) અને શિર્ક (કરનાર અનેકેશ્વરવાદીઓ)થી ઘૃણા અને અદાવતનો સંબંધ રાખે, કેમ કે અલ્લાહ ત્આલા તેનાથી નફરત કરે છે, અને તેમને દીને-ઈસ્લામનું આમંત્રણ આપે અને ઈસ્લામી આસ્થાઓ-માન્યતાઓનું તેમના સામે સારી રીતે વર્ણન કરે, જેથી તેઓ તેનો સ્વીકાર કરી લે, અને જો તેઓ સત્ય-ધર્મ (ઈસ્લામ)નો સ્વીકાર કરવાથી ઈન્કાર કરે અને અલ્લાહ ત્આલાના સાર્વભૌમત્વ (સત્તા)ની સામે નત-મસ્તક ન થાય, તો તેમના સાથે જિહાદનું એલાન કરી દેવામાં આવે, જેથી કુફ્ર અને શિર્કના ફિત્નાઓ (ઉપદ્રવો) સદંતર નાશ થઈ જાય અને દીને-ઈસ્લામની બોલબાલા થઈ જાય.

કલ્મએ-તૌહીદ 'લા-ઈલાહ ઈલ્લલ્લાહ'ના આ મહત્ત્વપૂર્ણ અર્થઘટન અને ભાવાર્થને પ્રત્યેક મુસલમાને જાણવું અને તેના તકાદાઓ પર અમલ કરવો આવશ્યક છે, જેથી તે સાચો મુસલમાન થઈ જાય.

શહાદતે 'રિસાલત'નો અર્થ :

કલ્મએ તૌહીદના બીજા ભાગ 'મુહમ્મદુર્રસૂલુલ્લાહ' (મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે)ની સાક્ષીનો અર્થ એ છે કે આપણે એ વાતનો વિશ્વાસ અને જ્ઞાન રાખીએ કે હઝરત મુહમ્મદ ﷺ ને સમગ્ર માનવ-જાત તરફ રસૂલ (સંદેશવાહક, ઈશદૂત) બનાવીને મોકલવામાં આવ્યા છે, અને તેઓ એક ચૂંટી કાઢેલા, પસંદ કરવામાં આવેલ સમર્પિત બંદા છે, જેમની બંદગી કરી શકાતી નથી, અને મહાનતમ્ રસૂલ છે, જેમનો ઈન્કાર કરી શકાતો નથી, બલ્કે આપનું આજ્ઞાપાલન અને અનુસરણ કરવું જરૂરી અને આવશ્યક છે, જેણે આપનું આજ્ઞાપાલન અને અનુસરણ કર્યું તે જન્નતમાં દાખલ થશે અને જેણે આપનો ઈન્કાર અને અવજ્ઞા કરી તેને જહન્નમમાં નાખી દેવામાં આવશે.

આપણે સૌએ એ વાતની પણ આસ્થા અને વિશ્વાસ રાખવો જોઈએ કે ઈસ્લામી શરીઅતના આદેશોને જાણવા, ચાહે તેનો સંબંધ ઈબાદતોથી હોય જેનો અલ્લાહ ત્આલાએ હુકમ આપ્યો છે, અથવા વિભિન્ન વિભાગોની અદાલતી અને કાનૂની વ્યવસ્થા સાથે હોય, અથવા હલાલ અને હરામથી હોય, એ તમામ વસ્તુઓ રસૂલુલ્લાહ ﷺના જ માધ્યમથી આપણે પ્રાપ્ત કરવાની છે, કેમ કે આપની જાત એવા રસૂલની છે, જે અલ્લાહ ત્આલાના આદેશો અને શરીઅતને માનવીઓ સુધી પહોંચાડનાર છે, તેથી કોઈ મુસલમાન માટે જાઈઝ (વૈધ) નથી કે રસૂલુલ્લાહ ﷺ દ્વારા લાવવામાં આવેલ દીન અને શરીઅત સિવાય કોઈ અન્ય દીન (ધર્મ, મઝહબ, જીવન-વ્યવસ્થા, વિચારધારા) અને શરીઅત (કાનૂન)ને કબૂલ કરે. તેથી અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે –

وَمَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۚ وَمَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ

''અને જે કંઈ રસૂલ તમને આપે તે લઈ લેવાનું રાખો અને જેનાથી તે તમને રોકી દે (તેનાથી) રોકાઈ જાઓ.'' (સૂરઃ હશ્ર, ૭)

બીજી જગ્યાએ ઇરશાદ છે –

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتَّىٰ يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوا فِي أَنفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوا تَسْلِيمًا ﴿٦٥﴾

''તો આપના પાલનહારના સોગંદ છે કે આ લોકો ઈમાનવાળા નહીં બને, જ્યાં સુધી આ લોકો આ વિવાદમાં, જે તેમનામાં પરસ્પર થાય, આપને 'હકમ' (નિર્ણાયક) ન બનાવી લે અને પછી જે ફેંસલો આપ કરી દે તેનાથી પોતાના હૃદયોમાં તંગી ન રાખે અને તેને સંપૂર્ણપણે સ્વીકારી લે.'' (સૂરઃ નિસા, ૬૫)

ઉપરોક્ત આયતોની સમજૂતી :

અલ્લાહ તઆલા પહેલી આયતમાં મુસલમાનોને એ આદેશ આપી રહ્યો છે કે તેઓ રસૂલુલ્લાહ ﷺ નું એ તમામ વસ્તુઓમાં અનુસરણ અને આજ્ઞાપાલન કરે, જેનો આપ તેમને આદેશ આપે અને એ તમામ વસતુઓથી રોકાઈ જાય, જેનાથી આપ મનાઈ કરે, કેમ કે આપ ﷺ અલ્લાહ તઆલાના આદેશથી કોઈ કામ કરવાનો કે ન કરવાનો આદેશ આપે છે.

બીજી આયતમાં અલ્લાહ તઆલા સ્વયં પોતાની પવિત્ર જાતના સોગંદ ખાઈને એ ફરમાવી રહ્યો છે કે કોઈ વ્યક્તિનું અલ્લાહ પર અને રસૂલ પર ઈમાન ત્યાં સુધી વિશ્વસનીય અને સાચું નથી હોઈ શકતું, જ્યાં સુધી પરસ્પરના મતભેદોમાં રસૂલુલ્લાહ ﷺથી ફેંસલો ન કરાવી લે અને પછી એ ફેંસલાને તે રાજીખુશી કબૂલ કરી લે, ચાહે તેના પક્ષમાં હોય કે તેના વિરુદ્ધ.

નબી કરીમ ﷺ નો ઇરશાદ છે –

''જે વ્યક્તિ એવો અમલ કરે, જે અમારા દીન અને શરીઅતના અનુસાર નથી, તે અસ્વીકાર્ય છે.'' આ હદીસને મુસ્લિમ વગેરેએ રિવાયત કરી છે.

ચર્ચાનો સાર :

જ્યારે તમે કલ્મએ-તૌહીદ અને રિસાલતનો અર્થ સારી રીતે જાણી લીધો અને તમને એ વાતનો પણ ખ્યાલ આવી ગયો કે આ મહાનતમ્ કલ્મો ઇસ્લામની ચાવી અને તેનો પાયો છે, જેના પર સમગ્ર ઇસ્લામનો આધાર છે, તો તમારે સાચા દિલથી આ કલ્મા પર ઈમાન અને વિશ્વાસ રાખવો જોઈએ અને તેના તકાદાઓ પર અમલ કરવો

જોઈએ, જેથી બંને લોક (દુનિયા અને આખિરત)ની ખુશી અને સૌભાગ્ય પ્રાપ્ત થાય, અને મૃત્યુ પછી અલ્લાહના અઝાબ (યાતના)થી સુરક્ષિત રહી શકો, અને એ પણ જાણી લેવું જોઈએ કે કલ્મએ તૌહીદ અને રિસાલતના એકરારનો તકાદો ઈસ્લામના બધા અરકાન (મુખ્ય સ્તંભો) પર કરવાનો છે, કેમ કે અલ્લાહ તઆલાએ મુસલમાનો માટે આ ઈબાદતોને ફર્ઝ (અનિવાર્ય) કરી છે કે તેઓ નિષ્ઠા અને નિખાલસતાથી તેમજ હૃદયપૂર્વક તેને અદા કરે, અને જે વ્યક્તિએ ઈસ્લામના આ અરકાનમાંથી કોઈપણ રુક્નને કોઈ શરઈ કારણ વગર છોડી દીધું, તો તેની તૌહીદ અને રિસાલતની સાક્ષી વિશ્વસનીય નહીં હોય અને તેને સ્વીકારવામાં નહીં આવે.

નમાઝનું વર્ણન :

ઈસ્લામનો બીજો મહત્ત્વપૂર્ણ સ્તંભ નમાઝ છે. દિવસ અને રાતમાં પાચ વખતની નમાઝ અલ્લાહ તઆલાએ આ ઉમ્મત પર ફર્ઝ (અનિવાર્ય) કરી છે, જેથી એક મુસલમાન બંદા અને તેના સર્જનહાર વચ્ચે એક સંબંધ સ્થાપિત રહે, અને અલ્લાહ સમક્ષ તે આજીજી કરે અને તેને દુઆ કરે, અને એટલા માટે પણ કે નમાઝ તેને નિર્લજ્જતા અને બૂરાઈઓથી દુર રાખે, જેના કારણે તેને એવો હાર્દિક સંતોષ અને શાંતિ તેમજ શારીરિક આરામ અને રાહત મળે કે તેને દુનિયા અને આખિરતથી ખુશી પ્રાપ્ત થઈ જાય.

અલ્લાહ તઆલાએ નમાઝ અદા કરવા માટે શરીર અને કપડાં અને નમાઝની જગ્યાની પવિત્રતાને અનિવાર્ય ઠેરવેલ છે. તેથી મુસલમાન નમાઝ પઢતાં પહેલા પવિત્ર અને સ્વચ્છ પાણીથી પોતાના શરીરને બાહ્ય અશુદ્ધિથી પાક-સાફ કરે છે. બીજી બાજુ પોતાના દિલ અને દિમાગને આંતરિક બીમારીઓથી સાફ અને નિર્મળ કરે છે.

નમાઝ દીનનો સ્તંભ છે અને શહાદતે-તૌહીદ અને રિસાલત પછી ઈસ્લામનો સૌથી મહત્ત્વપૂર્ણ સ્તંભ છે. મુસલમાન માટે પુખ્ત થયા પછીથી લઈને મૃત્યુ-પર્યંત પાંબદીની સાથે આને અદા કરવું જરૂરી છે. એ જ પ્રમાણે પોતાના કુટુંબીજનો અને બાળકોને જ્યારે તેઓ સાત વર્ષના થઈ જાય, તો તેનું શિક્ષણ-પ્રશિક્ષણ આપવું જરૂરી છે, જેથી તેઓ નમાઝથી ટેવાઈ જાય. તેથી અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

إِنَّ الصَّلَوٰةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِينَ كِتَـٰبًا مَّوْقُوتًا ﴿١٠٣﴾

''નિઃસંદેહ, નમાઝ તો ઈમાનવાળાઓ પર સમયની પાબંદી સાથે ફર્જ છે.''

(સૂરઃ નિસા, ૧૦૩)

બીજી જગ્યાએ વધુંમાં ફરમાવ્યું છે :

وَمَآ أُمِرُوٓا۟ إِلَّا لِيَعْبُدُوا۟ ٱللَّهَ مُخْلِصِينَ لَهُ ٱلدِّينَ حُنَفَآءَ
وَيُقِيمُوا۟ ٱلصَّلَوٰةَ وَيُؤْتُوا۟ ٱلزَّكَوٰةَ ۚ وَذَٰلِكَ دِينُ ٱلْقَيِّمَةِ ۝

''જો કે તેમને એ જ આદેશ આપવામાં આવ્યો હતો કે અલ્લાહની જ બંદગી એ રીતે કરો કે દીનને તેના માટે વિશુદ્ધ રાખે, એકાગ્ર થઈને, અને નમાઝની પાબંદી કરે અને ઝકાત આપે, અને આ જ સાચો દીન છે.'' (સૂરઃ બય્યિના, ૫)

ઉપરોક્ત આયતોની ટૂંક-સમજૂતી :

પહેલી આયતમાં અલ્લાહ તઆલા એ બતાવવા માંગે છે કે નમાઝ મુસલમાનો પર એક અનિવાર્ય કર્તવ્ય છે, અને તેના માટે જરૂરી છે કે તેઓ નિર્ધારિત સમયોમાં તેને અદા કરે.

અને, બીજી આયતમાં અલ્લાહ તઆલાએ એ કહ્યું છે કે તેણે જે મહાન ઉદ્દેશ્ય માટે માનવીને પેદા કર્યો અને તેના પર પોતાના આદેશો લાગુ કર્યા તે એ છે કે લોકો તેની એકલાની જ ઈબાદત કરે અને વિશુદ્ધ ઈબાદત તેનો જ હક્ક સમજે અને નમાઝ કાયમ કરે અને ઝકાત હકદારો સુધી પહોંચાડે.

નમાઝ તમામ મુસલમાનો પર ફર્ઝ છે, ચાહે પરિસ્થિતિ ગમે તેવી હોય. તેથી ભય અને બીમારીની હાલતમાં પણ શક્તિ અનુસાર નમાઝ અદા કરે. જો ઊભા થઈને નમાઝ પઢવાની શક્તિ રાખતો હોય, તો ઊભો થઈને પઢે, નહિં તો બેસીને. જો તેની પણ શક્તિ ન હોય, તો સૂઈને અને તેની પણ શક્તિ ન રાખતો હોય તો પોતાની આંખોના ઈશારાથી કે દિલથી ધ્યાન રાખીને અદા કરે.

રસૂલુલ્લાહ ﷺ એ જાણ કરી છે કે નમાઝ છોડનાર, ચાહે પુરુષો હોય કે સ્ત્રીઓ, મુસલમાન નથી. તેથી ઈરશાદ છે –

''અમારા અને કાફિરો દરમ્યાન ફરક નમાઝનો છે, તો જેણે નમાઝ છોડી તેણે કુફ્ર કર્યું.'' (સહીહ હદીસ)

એ પાંચ નમાઝો, જે ફર્ઝ (અનિવાર્ય) છે તે આ છે – ફજ્ર, ઝુહર, અસ્ર, મગરિબ, ઈશા.

ફજ્રની નમાઝ : આનો સમય સુબ્હ સાદિકના તુલૂઅ (ઉદય)થી શરૂ થઈને સૂર્યોદય સુધી રહે છે. પરંતુ આને તદ્દન આખરી સમય સુધી મુલતવી કરવી જાઈઝ નથી.

ઝુહરની નમાઝ : આનો સમય સૂર્યના ઝવાલ (ઢળવાનું શરૂ થાય ત્યાર)થી શરૂ

થાય છે અને ત્યાં સુધી રહે છે જ્યાં સુધી કોઈ વસ્તુનો પડછાયો તેના મૂળ પડછાયા પછી સરખો થઈ જાય.

અસરની નમાઝ : આનો સમય ઝુહરના અંતથી લઈને સૂર્યમાં લાલાશ આવવા સુધી રહે છે. પરંતુ આને તદ્દન આખરી સમય સુધી મુલતવી કરવું જાઈઝ નથી, બલ્કે એ સમયે પઢવી જોઈએ જ્યારે સૂર્ય સફેદ અને ખૂબ પ્રકાશિત હોય.

મગરિબની નમાઝ : આનો સમય સૂર્યાસ્તથી લઈને શફકે અહમર (લાલાશ પડતા ઝાંખા અજવાળા)ના અસ્ત સુધી રહે છે. આને પણ આખરી સમય સુધી મુલતવી કરવી સારું નથી.

ઈશાની નમાઝ : આનો સમય મગરિબના અંતથી શરૂ થાય છે અને અંતિમ રાત્રિ સુધી રહે છે. તેના પછી વિલંબ કરી શકાતો નથી.

જો કોઈ વ્યક્તિએ એક સમયની નમાઝ પણ, કોઈ શરઈ કારણ વગર વિલંબથી પઢી, તો તેણે ખૂબ મોટા ગુનાનું આચરણ કર્યું અને તેને અલ્લાહથી તૌબા અને ક્ષમાયાચના કરવી પડશે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

فَوَيْلٌ لِّلْمُصَلِّينَ ۝ الَّذِينَ هُمْ عَن صَلَاتِهِمْ سَاهُونَ ۝

''તેથી અત્યંત ખરાબી છે એવા નમાઝ પઢનારાઓ માટે, જેઓ પોતાની નમાઝને ભુલાવી બેસે છે...'' (સૂરઃ માઊન, ૪-૫)

નમાઝના આદેશો અને મસાઈલ :

નમાઝને અદા કરવા માટે સૌપ્રથમ શરત 'તહારત' (પવિત્રતા) છે.

જ્યારે કોઈ મુસલમાન નમાઝ પઢવાનો ઈરાદો કરે, તો તે સૌપ્રથમ પોતાના શરીરની પેશાબ-જાજરૂ કરવાની જગ્યાઓને પેશાબ અને બીજી અશુદ્ધિઓથી સારી રીતે પાક-સાફ કરી લે, પછી સુન્નત રીતે વુઝૂ કરે, અને વુઝૂની નિયત જીભથી ન કરે, એટલા માટે કે નિયત દિલનું કાર્ય છે અને અલ્લાહ તઆલા તેને જાણે છે અને સ્વયં નબી કરીમ ﷺ એ જીભથી નિયત નથી કરી.

વુઝૂની રીત :

સૌપ્રથમ 'બિસ્મિલ્લાહ' પઢવામાં આવે, પછી કોગળા કરે, નાકમાં પાણી નાખે અને તેને સાફ કરે, પછી આખા ચહેરાને ધોવે, ત્યારબાદ કોણીઓ સહિત બંને હાથોને ધોવે, જમણા હાથને પહેલા ધોવે, પછી બંને હાથોથી આખા માથાનો મસહ કરે, પછી

કાનોનો પણ મસહ કરે, પછી છેલ્લે ઘૂંટીઓ સહિત બંને પગ ધોવે અને જમણા પગને પહેલા ધોવે.

જ્યારે કોઈ વ્યક્તિ 'તહારત' (પવિત્રતા) પછી બેહોશ થઈ જાય, કે પેશાબ કે જાજરૂ કરે કે જાજરૂની જગ્યાએથી હવા નીકળી જાય, કે ઊંઘના કારણે સૂઈ જાય, તો તેણે નમાઝ પઢવા માટે ફરીથી પવિત્રતા પ્રાપ્ત કરવી (વુઝૂ) જરૂરી છે.

એ જ પ્રમાણે કોઈ પુરુષ કે સ્ત્રીને ઊંઘમાં કે જાગતાં સહવાસથી વીર્ય નીકળી આવે, તો તેણે ગુસ્લે જનાબત (નાપાકી દૂર કરવાનું સ્નાન) કરવું પડશે, અને સ્ત્રી જ્યારે માસિક-ધર્મ કે નિફાસ (પ્રસૂતિગાળા)થી નિવૃત્ત થાય, તો તેના પર પણ ગુસ્લ કરવું વાજિબ (આવશ્યક) છે, કેમ કે માસિક-ધર્મ નિફાસની સ્થિતિમાં નમાઝ પડવું જાઈઝ નથી, અને તહારત પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેના પર નમાઝ ફર્ઝ થતી નથી. તેથી અલ્લાહ ત્આલાએ તેને છૂટ આપતાં તેની 'કઝા' પણ જરૂરી ઠરાવી નથી. આ સિવાય અન્ય કારણોસર જો નમાઝ સમયસર અદા ન કરી, તો પુરુષોની જેમ તેની 'કઝા' કરવું વાજિબ છે.

'તયમ્મુમ'ની રીત :

જ્યારે વુઝૂ કે ગુસ્લ માટે પાણી ન મળે, અથવા પાણીનો ઉપયોગ નુકસાનકારક હોય, જેમ કે બીમાર વ્યક્તિ માટે, તો આ સ્થિતિમાં 'તયમ્મુમ'ની શરત છે.

'તયમ્મુમ'ની રીત એ છે કે દિલમાં 'તયમ્મુમ'ની નિયત કરવામાં આવે, અને 'બિસ્મિલ્લાહ' પઢવામાં આવે, અને બંને હાથ માટી પર મારવામાં આવે, પછી તેને ચહેરા પર ફેરવી લેવામાં આવે, પછી ડાબા હાથની હથેળી જમણા હાથના ઉપર અને જમણા હાથની હથેલી ડાબા હાથના ઉપર ફેરવી લેવામાં આવે. આટલું કરવાથી તહારત પૂર્ણ થશે.

માસિક-ધર્મ અને નિફાસથી પવિત્રતા પ્રાપ્ત કરવા, ઉપરાંત વુઝૂ અને ગુસ્લના વાજિબ થયા પછી, પાણી ન મળે અથવા પાણીના ઉપયોગમાં જોખમ લાગવાની સ્થિતિમાં તયમ્મુમ કરવામાં આવે છે.

નમાઝ પઢવાની રીત :

ફજ્રની નમાઝમાં બે રકા'ત એવી રીતે પઢો કે નમાઝ પઢનાર, ચાહે સ્ત્રી હોય કે પુરુષ, દિલથી ફજ્રની નમાઝની નિયત કરીને કિબ્લા તરફ ધ્યાન હોય, જીભથી કોઈપણ પ્રકારની નિયત ન કરે, અને સિજદાની જગ્યાએ નજર જમાવીને 'અલ્લાહુ અકબર'ના શબ્દોથી તકબીરે તહરીમા કહે અને પછી દુઆએ-ઈસ્તફતાહ પઢે.

એક દુઆએ-ઈસ્તફતાહ આ છે :

سُبْحَانَكَ اللّٰهُمَّ وَ بِحَمْدِكَ وَ تَبَارَكَ اسْمُكَ وَ تَعَالٰى جَدُّكَ
وَلَاۤ اِلٰهَ غَيْرُكَ. اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ۔

સુબ્હાન-ક-લ્લાહુમ્મ વ-બિહમ્દિ-ક વ-તબાર-ક-સ્મુ-ક વ-તઆલા જદ્દુ-ક વ-લા ઈલાહ ગઈરુ-ક. અઊઝુ બિલ્લાહિ મિનશ્-શઈતાનિર્-રજીમ.

''હે અલ્લાહ ! તું પવિત્ર છે, પ્રશંસા તારા માટે છે, અને તારું નામ બરકતવાળું છે, અને તારી શાન ઉચ્ચ છે, અને તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, હું તિરસ્કૃત શૈતાનથી અલ્લાહનું શરણ ચાહું છું.''

આના પછી સૂરઃ ફાતિહા પઢો –

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ①
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ② الرَّحْمٰنِ الرَّحِيْمِ ③
مٰلِكِ يَوْمِ الدِّيْنِ ④ اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ⑤
اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ⑥ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ
غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ⑦

અલહમ્દુ-લિલ્લાહિ રબ્બિલ આલમીન. અર્-રહમાનિર્-રહીમ. માલિકી યવ્મિદીન. ઈય્યા-ક નઅ્બુદુ વ ઈય્યા-ક નસ્તઈન. ઈહ્દિનસ્-સિરાતલ્-મુસ્તકીમ. સિરાતલ્લઝીન અન્અમ્ત અલઈહિમ્ ગઈરિલ્ મગદૂબિ અલઈહિમ્ વ-લદ્-દૉ-લ્લીન.

''(સર્વ) પ્રશંસા અલ્લાહ માટે છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર અને પરમ્ કૃપાળુ અને પરમ્ દયાળુ છે. (તે) માલિક છે બદલાના દિવસનો. અમે બસ તારી જ ઈબાદત કરીએ છીએ અને બસ તારાથી જ મદદ ચાહીએ છીએ. અમને સીધા રસ્તાનું માર્ગદર્શન પ્રદાન કર, એ લોકોનો રસ્તો જેમના પર તેં ઈનામ કરેલ છે, ન કે એ લોકોનો (રસ્તો) જેમના પર તારો પ્રકોપ અવતરિત થયો અને ન તેમનો જેઓ પથભ્રષ્ટ થયા.''

સામર્થ્ય પ્રાપ્ત થઈ જાય (અરબી વાંચતા આવડી જાય કે મોઢે થઈ જાય તો) આ આખી સૂરઃની અરબી શબ્દોમા તિલાવત કરવી જરૂરી છે, કેમ કે કુર્આન અરબી ભાષામાં જ છે અને, અનુવાદ તેના અર્થઘટન અને અર્થનો હોય છે, અને તેના વાક્યો અને અક્ષરોનો અનુવાદ કરી દેવાથી તેની અલંકારિતા અને વિશિષ્ટતા સમાપ્ત થઈ જશે,

અને કેટલાક અક્ષરો પણ રદ થઈ જશે, પછી એ કુર્આન નહીં રહી જાય. પછી **الله اکبر** (અલ્લાહુ અકબર) કહેતાં રુકૂઅમાં જવામાં આવે અને રુકૂઅમાં પોતાના માથા અને પીઠને ઝુકાવો અને પોતાની બંને હથેળીઓને ઢીંચણ પર મૂકી દો અને **سبحان ربی العظیم** (સુબ્હાન રબ્બીયિલ્ અઝીમ) કહો, પછી **سمع الله لمن حمیده** (સમિઅલ્લાહુ લિમન્ હમિદા) કહેતાં માથું ઉઠાવો અને સીધા ઊભા થઈ ગયા પછી **ربنا ولکل الحمد** (રબ્બના લ-કલ્ હમ્દ) કહો, પછી **الله اکبر** (અલ્લાહુ અકબર) કહેતાં એ રીતે સિજદો કરો કે બંને પગની આંગળીઓ અને ઢીંચણ અને બંને હાથ અને ચહેરો જમીન પર હોય અને સિજદામાં **سبحان ربی الاعلی** 'સુબ્હાન રબ્બીયિલ આ'લા' કહો, પછી ફરી 'અલ્લાહુ અકબર' કહીને બેસી જાઓ અને બેસી જાઓ ત્યારે **ربی اغفرلی** (રબ્બીગ્-ફિર્લી) કહો, પછી **الله اکبر** (અલ્લાહુ અકબર) કહેતાં બીજો સિજદો કરો અને **سبحان ربی الاعلی** (સુબ્હાન રબ્બીયિલ આ'લા) કહો અને ફરી 'અલ્લાહુ અકબર' કહેતાં બીજી રકા'ત માટે ઊભા થઈ જાઓ અને સૂરઃ ફાતિહાની તિલાવત કરો, જે રીતે પહેલી રકા'તમાં કરી હતી. પછી 'અલ્લાહુ અકબર' કહીને રુકૂઅ કરો, પછી રુકૂઅથી માથું ઉઠાવો, ફરી સિજદો કરો, ફરી બેસો અને ફરી બીજો સિજદો કરીને બેસી જાઓ, બીજી રકા'તમાં દરેક જગ્યાએ એ જ તસ્બીહો પઢો જે પહેલી રકા'તમાં કહી હતી, પછી આ પઢો –

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَ الصَّلَوٰتُ وَ الطَّيِّبَاتُ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَ
رَحْمَتُ اللّٰهِ وَ بَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَ عَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ،
اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَ رَسُوْلُهٗ، اَللّٰهُمَّ
صَلِّ عَلٰى مُحَمَّدٍ وَ عَلٰى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَ عَلٰى اٰلِ
اِبْرٰهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ، اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَ عَلٰى اٰلِ مُحَمَّدٍ
كَمَا بَارَكْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَ عَلٰى اٰلِ اِبْرٰهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ۔

અત્તાહિય્યાતુ લિલ્લાહિ વસ્-સલવાતુ વત્-તય્યિબાતુ, અસ્સલામુ અલઈ-ક અય્યુહન્નબિય્યુ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહૂ, અસ્સલામુ અલઈના વ અલા ઈબાદિલ્લાહિસ્-સાલિહીન, અશ્હદુ અલ્-લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહૂ. અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદ, વ અલા આલિ મુહમ્મદિન્ કમા સલ્લઈત અલા ઈબ્રાહીમ વ અલા આલિ ઈબ્રાહીમ ઈન્ન-ક હમીદુમ્-મજીદ. અલ્લાહુમ્મ બારિક્ અલા મુહમ્મદ, વ અલા આલિ મુહમ્મદિન, ક-મા બારક્ત અલા ઈબ્રાહીમ વ અલા આલિ ઈબ્રાહીમ, ઈન્ન-ક હમીદુમ્ મજીદ.

"તન-મન-ધનની તમામ ઇબાદતો અલ્લાહ માટે જ છે (અથવા તમામ શિષ્ટાચાર અને શ્રદ્ધા-સન્માનના બોલ, અમારી નમાઝો અને તમામ દાન-પુણ્ય અલ્લાહ માટે જ છે). સલામતી થાય આપના ઉપર હે નબી અને અલ્લાહની દયા અને કૃપા, સલામતી થાય અમારા પર અને અલ્લાહના સૌ નેક બંદાઓ પર, હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઇબાદતના લાયક નથી, અને સાક્ષી આપું છું કે મુહમ્મદ ﷺ તેના બંદા અને રસૂલ છે. હે અલ્લાહ ! તું મુહમ્મદ અને આલે મુહમ્મદ પર દયા અવતરિત કર, જે રીતે તેં ઇબ્રાહીમ અને તેમની આલ પર દયા અવતરિત કરી. હે અલ્લાહ ! તું મુહમ્મદ અને આલે મુહમ્મદ પર બરકત અવતરિત કર, જે રીતે તેં ઇબ્રાહીમ અને તેમની આલ પર બરકત અવતરિત કરી. તું પ્રશંસા અને સ્તુતિને લાયક અને બુઝૂર્ગીવાળો છે."

પછી જમણી અને ડાબી બાજુ السلام عليكم ورحمة الله (અસ્સલામુ અલઇકુમ વ રહમતુલ્લાહ) કહીને સલામ ફેરવી લો. આ રીતે ફજ્રની નમાઝ અદા થઈ ગઈ.

ઝુહ્ર, અસ્ર અને ઇશાની નમાઝો ચાર-ચાર રકા'ત છે; જેમાં પહેલી બે રકા'તો બરાબર એ જ રીતે પઢવામાં આવશે, જે રીતે ફજ્રની બે રકા'તો પઢવામાં આવી હતી, અને 'તશહ્હુદ' (અત્તહિય્યાત) પછી સલામ ફેરવતા પહેલા 'અલ્લાહુ અકબર' કહીને ઊભા થઈ જાઓ અને પહેલી બે રકા'તોની જેમ બે રકા'તો વધારે પઢો અને તે પછી અર્થાત્ ચોથી રકા'તમાં 'તશહ્હુદ' અને નબી કરીમ ﷺ પર દરૂદ પઢો અને દુઆ કરીને બંને તરફ સલામ ફેરવી દો.

મગરિબની નમાઝ ત્રણ રકા'તો છે, જેમાં પહેલી બે રકા'તો તદ્દન એવી જ રીતે પઢો, જે રીતે ફજ્રની અદા કરી છે, અને બીજી રકા'તમાં 'તશહ્હુદ' પછી 'અલ્લાહુ અકબર' કહીને ઊભા થઈ જાઓ અને ત્રીજી રકા'ત ઝુહ્ર, અસ્ર અને ઈશાની અંતિમ બે રકા'તોની જેમ અદા કરો, પછી રુકૂઅ અને સિજદા કરીને બીજા કાએદા માટે બેસી જાઓ અને 'તશહ્હુદ' અને દરૂદ પઢીને જમણી અને ડાબી બાજુ સલામ ફેરવી દો.

નમાઝ પઢનાર માટે અફઝલ (શ્રેષ્ઠ) એ છે કે રુકૂઅ અને સિજદાની તસ્બીહાતને વારંવાર પઢો.

જમાઅત સાથે નમાઝનું મહત્ત્વ :

પુરુષો માટે આ પાંચેય વખતની નમાઝોને મસ્જિદમાં જમાઅત સાથે અદા કરવી વાજિબ (આવશ્યક) છે. તેમની ઇમામત એવો વ્યક્તિ કરે, જે કુર્આને-કરીમની કિરા'ત સૌથી સારી કરતો હોય અને નમાઝના મસાઈલનું સૌથી વધારે જ્ઞાન રાખતો હોય અને સૌથી વધારે દીનદાર હોય.

ઈમામ ફજ્ર અને મગરિબ અને ઈશાની નમાઝોની પહેલી બે રકા'તોમાં રુકૂઅથી પહેલા ઊંચા અવાજથી કિરા'ત કરે, અને તેના પાછળ નમાઝ પઢનારાં લોકો તેની કિરા'ત સાંભળે.

સ્ત્રીઓ પોત-પોતાના ઘરોમાં પરદામાં રહીને નમાઝ અદા કરે, અને ચહેરા સિવાય આખા શરીરને, ત્યાં સુધી કે હાથ-પગને પણ ઢાંકી રાખવામાં આવે, કેમ કે સ્ત્રીનું આખું શરીર પરદો છે. સ્ત્રી પુરુષોથી અલગ થઈને નમાઝ અદા કરે, કેમ કે તેનાથી ફિત્ના (ઉપદ્રવ)ની આશંકા છે.

જ્યારે કોઈ સ્ત્રી મસ્જિદમાં જમાઅત સાથે નમાઝ પઢવા ચાહે, તો તેને એ શરત સાથે પરવાનગી આપવામાં આવે કે પરદામાં અને ખુશ્બૂ વગેરેનો ઉપયોગ કર્યા વગર મસ્જિદમાં જાય, અને તેની 'સફ' (હરોળ, પંક્તિ) પુરુષોથી પાછળ પરદાની સાથે હોય, જેથી ન લોકો ફિત્નામાં પડે અને ન તે સ્વયં ફિત્નાનો ભોગ બને. નમાઝ પઢનારાઓ માટે જરૂરી છે કે પોતાની નમાઝોને અત્યંત ખુશૂઅ અને ખુઝૂઅ (અલ્લાહના ડર અને વિનમ્રતા) તેમજ હૃદયપૂર્વક અને એકાગ્રતાથી અદા કરે, અને બધા અરકાન જેમ કે - કિયામ, કુઊદ અને રુકૂઅ અને સિજદા શાંતિથી અદા કરે. નમાઝમાં નિરર્થક કામ ન કરે, ન નજર આકાશ તરફ ઉઠાવે અને ન કુર્આન સિવાય કોઈ અન્ય કલમા પોતાના મોઢેથી કાઢે, અને મસ્નૂન દુઆઓ અને અઝકારને નમાઝની અંદર તેના અવસરે અદા કરે(૧), કેમ કે અલ્લાહે પોતાની યાદ માટે નમાઝ કાયમ કરવાનો આદેશ આપ્યો છે.

જુમ્આની નમાઝની રીત :

જુમ્આના દિવસે બધા મુસલમાનો બે રકા'તની નમાઝ અદા કરે, જેમાં ઈમામ બંને રકા'તોમાં કિરા'ત ઊંચા અવાજથી કરશે, જે રીતે ફજ્રની નમાઝમાં કરવામાં આવે છે, અને નમાઝથી પહેલા બે ખુત્બા (સંભાષણ) આપે, જેમાં મુસલમાનોને શિખામણ આપે અને તેમને ઈસ્લામી શિક્ષણથી માહિતગાર કરે. બધા મુસલમાનો પર જુમ્આની નમાઝની હાજરી વાજિબ છે, કેમ કે આ નમાઝ ઝુહ્રની નમાઝની અવેજી હોય છે.

ઝકાતનું વર્ણન :

ઈસ્લામનો ત્રીજો સ્તંભ ઝકાત છે. અલ્લાહ તઆલાએ પ્રત્યેક 'સાહબે નિસાબ' મુસલમાન પર ઝકાતને અદા કરવાનો આદશે કર્યો છે, જે વર્ષમાં એક વાર કાઢવામાં

(૧) હા, જ્યારે કોઈ વ્યક્તિ કોઈ મહત્ત્વની વસ્તુ તરફ ધ્યાન અપાવે છે, તો 'સુબ્હાનલ્લાહ' કહો, એ જ રીતે મુક્તદી ઈમામને જ્યારે કોઈ ભૂલ કરી નાખે અથવા ઓછું કે વધારે કરી નાખે, તો એ જ કલમાથી સાવધાન કરી શકે છે, અને સ્ત્રી તાળી વગાડીને કોઈ મહત્ત્વની વાત તરફ સાવધાન કરી શકે છે, કેમ કે અવાજ કાઢવામાં કે મોટેથી બોલવામાં ફિત્નાની આશંકા છે.

આવશે અને ગરીબો અને એ જરૂરતમંદોને આપવામાં આવશે, જેની સ્વયં કુર્આને સ્પષ્ટતા કરી છે.

સોનુ, ચાંદી અને વેપારના માલનો નિસાબ :

જ્યારે કોઈ વ્યક્તિની પાસે સાડા સાત તોલા સોનુ કે સાડા બાવન તોલા ચાંદી અથવા તેના બરાબર કોઈપણ પ્રકારનું ચલણી નાણું (કરન્સી) હોય, અથવા વેપારનો માલસામાન હોય અને તે નિસાબ (ઓછામાં ઓછી ઝકાતપાત્ર આવક)ને પહોંચી જાય, તો તેના પર એક આખું વર્ષ પસાર થઈ જવા પર ઝકાત વાજિબ છે, અર્થાત્ આ સંપૂર્ણ સંપત્તિનો ચાળીસમો ભાગ (અઢી ટકા) કાઢવું જરૂરી હશે.

ફળ અને અનાજનો નિસાબ :

ફળફળાદી અને અનાજ ત્રણસો 'સાઅ'★ જથ્થા સુધી પહોંચી જાય, તો તેમાં ઝકાત વાજિબ છે. જ્યારે આ પાક મહેનત અને શ્રમ વગર ઉપજે, તો તેના પર દસ ટકા ઝકાત કાઢવી વાજિબ છે અને જો મહેનત અને શ્રમથી તેની ખેતી અને સિંચાઈ કરવામાં આવે, તો તેના પર પાંચ ટકા કાઢવી વાજિબ છે, અને ફળો અને અનાજ પર ઝકાતની અદાયગી પ્રત્યેક પાક પર છે. જો વર્ષમાં બે વાર કે ત્રણ વાર પાક આવે છે, તો દરેક વખતે ઝકાતની અદાયગી જરૂરી છે.

સ્થાયી મિલ્કત (Real Estate, જમીન-મકાન વગેરે) જો વેચાણ માટે તૈયાર કરવામાં આવી હોય તો તેની કિંમતમાં જકાત વાજિબ હશે અને જો ભાડે આપવા માટે તૈયાર કરવામાં આવી હોય તો માત્ર ભાડાની આવકમાં જકાત વાજિબ હશે.

જાનવરો (ઢોરઢાંખર) નો નિસાબ :

ઊંટ, ગાય, બકરી વગેરેના નિસાબનો ઉલ્લેખ અને તેની વિગત ફિક્હના પુસ્તકોમાં આપવામાં આવેલ છે, ત્યાં જ્યારે જરૂર પડે તેનો અભ્યાસ કરી લેવો જોઈએ. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

وَمَآ اُمِرُوْٓا اِلَّا لِيَعْبُدُوا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۙ حُنَفَآءَ
وَيُقِيْمُوا الصَّلٰوةَ وَيُؤْتُوا الزَّكٰوةَ وَذٰلِكَ دِيْنُ الْقَيِّمَةِ ۝

"જો કે તેમને એ જ આદેશ આપવામાં આવ્યો હતો કે અલ્લાહની ઈબાદત એ રીતે કરો કે દીનને તેના જ માટે વિશુદ્ધ રાખે, એકાગ્ર થઈને, અને નમાઝની પાબંદી કરે અને ઝકાત આપે અને આ જ સાચો દીન છે." (સૂરઃ બય્યિના, ૫)

★ વજન માટે આરબો દ્વારા વપરાતું એક પરિમાણ. ૧ સાઅ=૨૩૪ તોલાનું એક વજન, આશરે ૨ કિલો ૭૨૫ ગ્રામનું વજન. (અનુ.)

ઝકાતના ફાયદાઓ :

ઝકાતના ધન અને માલને અદા કરવાથી વંચિતો અને ગરીબોને દિલાસો અને આશ્વાસન મળે છે, અને તેમની જરૂરિયાતો પૂરી થાય છે, અને તેમના અને ધનવાનો દરમ્યાન પ્રેમ અને સ્નેહના સંબંધો મજબૂત થાય છે.

ઈસ્લામે સામૂહિક સહયોગ અને મુસલમાનો વચ્ચે આર્થિક સહાયતા તથા વંચિતો અને ગરીબોના ભરણ-પોષણને માત્ર ઝકાતમાં જ સીમિત અને કેદ નથી કરી દીધા, બલ્કે દુષ્કાળના જમાનામાં ધનવાનો પર ગરીબોના ભરણ-પોષણને વાજિબ કરેલ છે, અને એ હરામ (અવૈધ) ઠરાવવામાં આવ્યું છે કે કોઈ વ્યક્તિ ધરાઈને ઊંઘે અને તેનો પાડોસી ભૂખ્યો હોય. એ જ પ્રમાણે અલ્લાહે મુસલમાનો પર સદકએ-ફિત્ર (ઈદ વખતે આપવામાં આવતું દાન) વાજિબ કરેલ છે, જેને તે ઈદના દિવસે શહેરમાં પ્રચલિત ખોરાકમાંથી એક 'સાઅ' પ્રત્યેક વ્યક્તિ, બાળક સુદ્ધા તરફથી પણ કાઢે છે, અને ગુલામ (દાસ, નોકર-ચાકર, સેવક)નો સદકએ-ફિત્ર તેનો માલિક કાઢે છે. એ જ પ્રમાણે અલ્લાહે સોગંદનો કફ્ફારો[1] પણ વાજિબ કરેલ છે, જ્યારે કોઈ વ્યક્તિ સોગંદ ખાઈને તેને પૂરી ન કરે. શરતી નઝ્ર (માનતા) પૂરી કરવાનો પણ અલ્લાહે આદેશ આપ્યો છે. તે ઉપરાંત, નફલ સદકાઓ (દાન) પર લોકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે, અને ભલાઈના કાર્યોમાં ખર્ચ કરનારાઓ માટે સર્વોત્તમ બદલાની ખુશખબર આપવામાં આવેલ છે અને એ વચન આપ્યું છે કે અલ્લાહ તેમને તેનું વળતર અનેકગણું વધારીને આપશે, એક ભલાઈનું વળતર દસ ગણાથી લઈને સાતસો ગણું અને તેનાથી અનેકગણું વધારે આપશે.

રોઝાનું વર્ણન :

ઈસ્લામનો ચોથો સ્તંભ રમઝાન માસના રોઝા છે. રમઝાન હિજરી વર્ષનો નવમો મહિનો છે. રોઝા રાખવાની રીત આ પ્રમાણે છે :

મુસલમાન સુબ્હે સાદિક (પરોઢ)ના તુલૂઅ (ઉદય) થવાથી પહેલા થોડીક સેહરી ખાઈને રોજા રાખવાની નિયત કરી લે અને પછી સૂર્યાસ્ત થવા સુધી ખાવા-પીવા અને સંભોગથી રોકાયેલો રહે અને પછી સૂર્યાસ્ત પછી ઈફતારી કરે. અલ્લાહની ઈબાદત અને તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની નિયતથી આ જ પ્રમાણે આખા રમઝાન મહિનાના રોઝા રાખે છે.

રોઝાના ફાયદાઓ :

૧. — રમઝાન મહિનાના રોઝાનો હેતુ અલ્લાહ તઆલાની પ્રસન્નતા અને ખુશી

(૧) સોગંદનો કફ્ફારો એ છે કે એક ગુલામ સ્વતંત્ર કરવામાં આવે અથવા દસ ગરીબોને ભોજન કરાવવું અથવા તેમને કપડાં આપવામાં આવે, જો આ ઉપલબ્ધ ન હોય તો ત્રણ રોઝા રાખવામાં આવે.

હોય છે કે મુસલમાન માત્ર તેના જ આજ્ઞાપાલન અને અનુસરણની ભાવનાથી તરબોળ થઈને ખાવું, પીવું અને તમામ મનેચ્છાઓને છોડી દે છે, જેથી તેનામાં તકવા (અલ્લાહનો ડર અને સંયમ)નો ગુણ પેદા થાય.

૨. — આ રીતે રોઝા રાખવામાં અસંખ્ય વૈદ્યકીય (મેડિકલ), આર્થિક અને સામાજિક ફાયદાઓ છુપાયેલ છે, જેનું અનુમાન માત્ર એ જ રોઝાદાર કરી શકે છે, જે સાચી આસ્થા અને ઈમાનની સાથે રોઝા રાખે છે. અલ્લાહનો ઈરશાદ છે —

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا
كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿١٨٣﴾

''હે ઈમાનવાળાઓ ! તમારા પર રોઝા ફર્ઝ (અનિવાર્ય) કરવામાં આવ્યા, જે રીતે એ લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, જે તમારાથી પહેલા થયા છે. અસંભવ નથી કે તમે મુત્તકી (અલ્લાહથી ડરનાર અને સંયમી) બની જાઓ.'' (સૂરઃ બકરહ, ૧૮૩)

شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنٰتٍ مِّنَ
الْهُدٰى وَالْفُرْقَانِ ۚ فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ ۗ وَمَنْ
كَانَ مَرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ۗ يُرِيْدُ اللّٰهُ بِكُمُ
الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ ۫ وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ
عَلٰى مَا هَدٰىكُمْ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿١٨٥﴾

''રમઝાન મહિનો એ છે, જેમાં કુર્આન અવતરિત કરવામાં આવ્યું. તે લોકો માટે માર્ગદર્શન છે અને (તેમાં) સ્પષ્ટ દલીલો છે માર્ગદર્શન અને સત્ય અને અસત્યમાં ફરક કરવાની, તેથી તમારામાંથી જે કોઈ આ મહિનાને પામે તે તેના રોઝા રાખે, અને જે કોઈ બીમાર હોય કે સફરમાં હોય તો (તેના પર) બીજા દિવસોની ગણત્રી કરવી અનિવાર્ય છે. અલ્લાહ તમારા માટે સરળતા ઇચ્છે છે અને તમારા માટે મુશ્કેલી અને કષ્ટ નથી ઇચ્છતો, અને એ (ઇચ્છે છે કે) તમે ગણત્રીને પૂરી કરવાનું રાખો અને એ કે અલ્લાહની મહાનતા (નું વર્ણન) કરો, એના પર કે તમને માર્ગ બતાવ્યો. અસંભવ નથી કે તમે શુક્રગુઝાર (આભારી) બની જાઓ.'' (સૂરઃ બકરહ, ૧૮૫)

રોઝાના મસાઈલ :

રમઝાન મહિનાના રોઝાના એ મસાઈલ, જેને અલ્લાહ ત્આલાએ કુર્આન-

કરીમમાં અથવા રસૂલુલ્લાહ ﷺએ પોતાની હદીસોમાં વર્ણવ્યા છે, તેમાંથી કેટલાક નીચે દર્શાવેલ છે –

૧. – જે વ્યક્તિ બીમાર હોય કે મુસાફર હોય, તેણે રમઝાન માસમાં રોઝા ન રાખવાની પરવાનગી છે, પરંતુ રમઝાન પછી બીજા સમયમાં તેની 'કઝા' કરવી વાજિબ છે.

૨. – એ જ પ્રમાણે માસિક-ધર્મ અને નિફાસ (પ્રસૂતિકાળ)વાળી સ્ત્રીએ રોઝા રાખવા સારું નથી, બલ્કે તેનાથી નિવૃત્ત થઈને આ સમયની 'કઝા' કરવી વાજિબ છે.

૩. – એ જ પ્રમાણે ગર્ભવાળી કે દૂધ પીવડાવનાર સ્ત્રી, જ્યારે પોતાના માટે કે (નવજાત) બાળક માટે કોઈ નુકસાનનું જોખમ અનુભવે, તો તેણે પણ રોઝા ન રાખવાની પરવાનગી છે, પરંતુ તે બીજા સમયે તેની 'કઝા' કરવી વાજિબ છે.

જો કોઈ રોઝાદાર ભૂલથી કંઈ ખાઈ-પી લે, પછી તેને યાદ આવે, તો તેનો રોઝો સાચો છે, કેમ કે અલ્લાહ તઆલાએ આ ઉમ્મત માટે ભૂલચૂક અને બળજબરીથી કરવામાં આવેલ વસ્તુને માફ કરી દીધી છે. અલબત્ત, જો ખાતી વખતે યાદ આવી જાય તો મોઢામાં જે વસ્તુ હોય તેને બહાર કાઢી નાખે.

હજનું વર્ણન :

ઈસ્લામનો પાંચમો સ્તંભ હજ છે. આ ફર્ઝ જીવનમાં એક વાર ફર્ઝ છે. તેના સિવાય જેટલી વાર કરવામાં આવે તે નફલ ગણાશે.

હજના ફાયદા :

એક – એ કે હજ અલ્લાહ તઆલાની રૂહાની (આધ્યાત્મિક) અને શારીરિક અને આર્થિક ઈબાદત છે.

બીજો – સમગ્ર દુનિયાના મુસલમાનોનું એક ભવ્યતમ્ સંમેલન છે, જે એક જગ્યા અને એક જેવા પહેરવેશમાં અને એક માત્ર અલ્લાહની ઈબાદત માટે એકત્ર થાય છે, જ્યાં અમીર અને ગરીબ, રાજા અને રંક, કાળા અને ગોરાના ભેદ સમાપ્ત કરીને ભાઈ-ભાઈ બનીને રહે છે, અને સૌ અલ્લાહ તઆલાની બંદગી કરે છે, જેનાથી વિભિન્ન પ્રદેશોથી આવેલ મુસલમાનોમાં પરિચય અને મુલાકાત થાય છે, એક-બીજાની સમસ્યાઓથી માહિતગાર થાય છે, પછી પરસ્પર સહયોગની ભાવના પેદા થાય છે, ઉપરાંત આ ભવ્ય સંમેલનથી મેદાને હશ્રની યાદ તાજી થાય છે, જ્યાં તમામ લોકો એક જ જગ્યાએ હિસાબ-કિતાબ માટે એકત્ર હશે, જેનાથી તેમનામાં અલ્લાહ તઆલાના આજ્ઞાપાલનની ભાવના અને અભિલાષા પેદા થશે.

ખાનએ-કાબાના તવાફ (પરિક્રમા)થી, જે મુસલમાનોનો કિબ્લા છે, જેના તરફ પાંચ સમયની નમાઝોમાં મુસલમાનો પોતાનું રૂખ કરીને નમાઝ પઢે છે, અને 'વુકૂફે-અરફાત' (અરફાતમાં રોકાણ)થી એ મુઝદલિફા અને મિનાના રોકાણથી આપણો હેતુ માત્ર અલ્લાહ તઆલાની બરાબર એ જ રીતે ઈબાદત કરવું છે, જેમ કે તેણે આપણને આદેશ આપ્યો છે. આનાથી ખાનએ કાબા કે પવિત્ર સ્થળોની ઈબાદત કદાપિ અપેક્ષિત નથી, કેમ કે ન તો તેમની ઈબાદત કરવામાં આવે છે અને ન તેમના અંદર નફો કે નુકસાન પહોંચાડવાની યોગ્યતા અને શક્તિ છે. આપણે તો એ એક માત્ર અલ્લાહની ઈબાદત કરીએ છીએ, જે એક માત્ર એ જ નફા અને નુકસાન પહોંચાડવાની શક્તિ ધરાવે છે. જો અલ્લાહ તઆલાએ બૈતુલ્લાહની હજ અને ખાનએ કાબાનો તવાફનો આદેશ ન આપ્યો હોત, તો કોઈ મુસલમાન માટે તેનો તવાફ અને ત્યાંની મુસાફરી જાઈઝ (વૈધ) ન હોત, કેમ કે ઈબાદત પોતાના અભિપ્રાય અને મરજીથી કરવામાં નથી આવતી, બલ્કે માત્ર અલ્લાહ તઆલાના એ આદેશ અનુસાર હોય છે, જે કુર્આને-કરીમમાં છે અથવા રસૂલુલ્લાહ ﷺના ઈરશાદથી સાબિત છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ اِلَيْهِ
سَبِيْلًا ۭ وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ ۝

''અને લોકોના શિરે અલ્લાહ માટે બૈતુલ્લાહની હજ કરવું છે, એ વ્યક્તિના શિરે જે ત્યાં પહોંચાવાની શક્તિ ધરાવતો હોય, અને જે કોઈ કુફ્ર કરે, તો અલ્લાહ તઆલા સમગ્ર સૃષ્ટિથી બેનિયાઝ (નિરપેક્ષ) છે.''[૧] (સૂરઃ આલે ઈમરાન, ૯૭)

એ જ પ્રમાણે ઉમરા દરેક સામર્થ્ય ધરાવતા મુસલમાન પર જીવનમાં એક વાર વાજિબ છે, ચાહે તે હજ દરમ્યાન કરે અથવા નિરંતર સફર કરીને કોઈક સમયે જાય.

નબી કરીમ ﷺ ની મસ્જિદની ઝ્યારત (દર્શન) હજ દરમ્યાન અથવા તેના સિવાય કોઈપણ સમયે વાજિબ નથી, બલ્કે તે એક મુસલમાન માટે મુસ્તહબ (ઈચ્છનીય) અને બદલા અને સવાબ (પુણ્ય)નું કારણ છે, અને ઝ્યારત ન કરવા અંગે કોઈપણ પ્રકારનો કોઈ ગુનો અને પૂછપરછ નથી, અને જ્યાં સુધી આ કાલ્પનિક અને પ્રચલિત હદીસોનો સંબંધ છે, જેમાં આ હદીસ પણ છે કે,

(૧) અને, જે કેટલાક અજ્ઞાની કબરો અને દરગાહોની ઝ્યારત હજની નિયતથી કરે છે, તેઓ સરાસર ગુમરાહી અને અલ્લાહ અને રસૂલની નાફરમાની છે. રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે – ''વિધિસર સફર કરીને આ ત્રણ મસ્જિદો સિવાય ક્યાંય બીજે ન જાઓ – મસ્જિદે હરામ, મારી મસ્જિદ અને મસ્જિદે અક્સા.''

من حج فلم يزرني فقد جفاني (જેણે હજ કરી અને મારી ઝ્યારત ન કરી તેણે મારા પર અત્યાચાર કર્યો) તો આ સહીહ નથી અને ખોટી અને બનાવટી છે.[1] જે રસૂલુલ્લાહ ﷺ સાથે ખોટી રીતે જોડવામાં આવી છે.

અલબત્ત, એ સફરની પરવાનગી છે, જે મસ્જિદે નબવીની ઝ્યારતની નિયતથી કરવામાં આવે અને જ્યારે કોઈ મસ્જિદે નબવી પહોંચી જાય, તો 'તહિય્યતુલ મસ્જિદ' (ની નમાઝ) પઢીને નિવૃત્ત થઈ જાય, તો તેના માટે આવશ્યક છે કે નબી કરીમ ﷺ ની કબરની પાસે હાજર થઈને આ રીતે 'સલાત-વ-સલામ' પઢે – ''અસ્સલામુ અલઈ-ક યા રસૂલુલ્લાહ'. આ વખતે અદબ અને આદર-માન અને સંપૂર્ણ કાળજી રાખે, અવાજ નીચો રાખે, અને રસૂલુલ્લાહ ﷺથી કોઈ માંગણી અને ફરિયાદ ન કરે, બલ્કે 'સલાત-વ-સલામ' પઢીને ત્યાંથી હટી જાય. આવી જ આપ ﷺ એ પોતાની ઉમ્મતને શિક્ષા આપી હતી અને સહાબા કિરામે અમલ કરીને બતાવ્યું.

જે લોકો નબી ﷺ ની કબરની પાસે નમાઝની જેમ વિનમ્રતા અને અલ્લાહના ડરની સાથે ઊભા થઈને પોતાની જરૂરિયાતોને પૂરી કરવાની દરખાસત કરે છે, અથવા આપથી ફરિયાદની દાદ ચાહે છે, અથવા અલ્લાહના ત્યાં આપને 'વાસ્તો' (માધ્યમ) ઠરાવે છે, તો એ લોકો અલ્લાહ તઆલાની સાથે શિર્ક કરે છે. રસૂલુલ્લાહ ﷺ તેમનાથી વિમુક્ત છે. તેથી મુસલમાનોએ આ પ્રકારના કાર્યોથી, ચાહે રસૂલુલ્લાહ ﷺ સાથે કે અન્ય કોઈ સાથે જોડવામાં આવે, બચવું અને દૂર રહેવું જોઈએ.

આના પછી હઝરત અબૂ બક્ર અને હઝરત ઉમર ﷺ ની કબરોની અને પછી 'જન્નતુલ બકી' અને અન્ય શહીદોની કબરોની શરઈ રીતે ઝ્યારત કરો, ત્યાં પહોંચીને સલામ કરો અને તેમના માટે મગફિરતની દુઆ કરો અને પોતે પણ તેનાથી બોધપાઠ ગ્રહણ કરો અને પાછા આવી જાઓ.

હજ કરવાની રીત :

એક – હલાલ (વૈધ) અને પવિત્ર ધન-સંપત્તિની વ્યવસ્થા તેમજ હરામ (અવૈધ) ધન-સંપત્તિથી બચવામાં આવે, કેમ કે હરામ ધન-સંપત્તિથી કરવામાં આવેલ હજ રદ કરી દેવામાં આવે છે અને નબી કરીમ ﷺએ એક હદીસમાં એ માંસ-હાડકાં (શરીર)ને જહન્નમનું ઈંધણ બતાવેલ છે, જે હરામ ધન-સંપત્તિથી પોષણ પામ્યું હોય.

(૧) આ જ પ્રકારની આ હદીસ છે – ''મારા દરજ્જાના માધ્યમથી દુઆ કરો, કેમ કે મારો દરજ્જો અલ્લાહના ત્યાં ખૂબ મોટો છે.'' બીજી જગ્યાએ છે – ''જેને કોઈ પથ્થરથી પણ કોઈ સારી આશા બંધાઈ જાય, તો તે પણ લાભપ્રદ હશે.'' તો આ પ્રકારની તમામ હદીસો મૌઝૂઅ (કાલ્પનિક, બનાવટી) અને પ્રમાણથી ખાલી છે, અને હદીસના પ્રમાણિત પુસ્તકોમાં નથી, બલ્કે એ ગુમરાહ કરનાર આલિમોના પુસ્તકોમાં જોવા મળે છે, જેઓ શિર્ક અને બિદઅતનું આમંત્રણ આપે છે.

બે – હજના સફર માટે એવા સાથી-મિત્રોની પસંદગી કરવામાં આવે, જે સાચા અકીદા (આસ્થા) અને સાચા ઈમાનવાળા હોય.

ત્રણ – જ્યારે હાજી મીકાત પર પહોંચી જાય, તો ત્યાંથી એહરામ બાંધે, જો વિમાનમાં હોય તો મીકાતના નજીક પહોંચતા જ એહરામ બાંધી લે અને મીકાતનું કદાપિ ઉલ્લંઘન ન કરે.

મીકાતનું વર્ણન :

મક્કા-મુકર્રમાના બહારથી આવનારા તમામ હાજીઓ માટે નીચે મુજબ 'મીકાત' (હજ માટેની સરહદ) નબી કરીમ ﷺ એ નિર્ધારિત ફરમાવી છે :

૧. – ઝુલહલિફા : આ મદીનાથી કે એ માર્ગથી આવનારાં હાજીઓની મીકાત છે. આને અબયાર અલી પણ કહે છે.

૨. – જોહફા : આ સીરિયા અને ઇજિપ્ત અને પશ્ચિમ અને એ તરફથી આવનારાં તમામ હાજીઓની મીકાત છે. આ રાબિગ શહેરથી નજીક છે.

૩. – કરનુલ મનાઝિલ : આ નજદવાસીઓ અને તાઈફવાસીઓ અને એ માર્ગથી આવનારાં તમામ હાજીઓની મીકાત છે. આ 'સીલ' અને 'વાદીએ અહમર'ના નામથી પણ પ્રસિદ્ધ છે.

૪. – ઝાતુલ ઈર્ક : આ ઇરાક કે એ માર્ગથી આવનાર તમામ હાજીઓની મીકાત છે.

૫. – યલમલમ : આ યમન અને દક્ષિણ તરફથી આવનારાં હાજીઓની મીકાત છે.

જે લોકો હજ કે ઉમરાની નિયતથી આવતાં આ મીકાતોથી પસાર થાય, ચાહે આ હાજીઓ મીકાતના બહાર, દૂર કે નજીકના હોય, અથવા દુનિયાના કોઈપણ ભાગમાંથી આવતા હોય, તેમણે અહીંથી જ એહરામ બાંધીને જ જવું જોઈએ.

મક્કાવાસીઓ, ઉપરાંત જે લોકો મીકાતની હદોની અંદર રહેવાવાળા છે, તેઓ હજનો એહરામ પોતાના ઘરથી જ બાંધીને નીકળે, ઘરથી મીકાત જઈને એહરામ બાંધવાની જરૂર નથી.

એહરામથી પહેલા શરીરની સફાઈ અને સ્વચ્છતા કરવી, ગુસ્લ કરવું અને ખુશ્બૂ લગાવવું મુસ્તહબ છે. મીકાત પહોંચીને એહરામના કપડાં પહેરે, અને વિમાનથી સફર કરવાવાળો વ્યક્તિ ઘરથી જ કપડા પહેરે અને મીકાત પહોંચીને 'તલ્બિયા' કહીને હજ કે ઉમરાની નિયત કરે.

પુરુષ માટે સુન્નત એ છે કે તે બે સાફસુથરા કપડાંમાં એહરામ બાંધે, જે સીવેલા ન હોય અને પોતાના માથાને ન ઢાંકે, બલ્કે તેને ખુલ્લું રાખે.

સ્ત્રી એહરામની હાલતમાં કોઈપણ પ્રકારના કપડાં પહેરી શકે છે. તેના માટે વિશિષ્ટ પ્રકારના કપડાં જરૂરી નથી. હા, શરત એ છે કે તેનો પોશાક પહોળો અને 'સતર' ઢાંકવાવાળો હોય અને બેપર્દગી (નિર્લજ્જતા) અને શણગારનું પ્રદર્શન કરવાવાળો ન હોય. તેના માટે એહરામ વખતે બંને હાથોમાં મોજા પહેરવાની કે નકાબ દ્વારા પોતાના ચહેરાને છુપાવવાની મનાઈ છે. અલબત્ત, જો ગૈરમહરમ સામે આવી જાય તો ચહેરા પર કોઈ કપડું લટકાવી લેવું કે કોઈ અન્ય વસ્તુથી મોઢું છુપાવવાની મનાઈ નથી, જેમ કે અઝવાજે મુતહર્રાત (નબી ﷺ ની પુનિત પત્નીઓ - ઉમ્મતની માતાઓ) જ્યારે તેમના સામેથી કાફલાઓ પસાર થતા, તો માથાઓ પરથી પોતાની ચાદરોને ચહેરાઓ પર લટકાવી લેતી હતી.

હજના પ્રકારો :

હજ્જે તમત્તોઅ – એહરામના કપડાં પહેર્યા પછી હાજી દિલથી ઉમરાની નિયત કરે અને اللهم لبيك عمرة **'અલ્લાહુમ્મ લબ્બૈક ઉમરહ'** (હે અલ્લાહ ! હું ઉમરા માટે હાજર છું) કહીને'તલ્બિયા' પોકારે, અને ઉમરાને હજથી મેળવીને 'મુતમત્તઅ' બની જાય, અને હજ્જે-તમત્તોઅ જ અફઝલ (શ્રેષ્ઠ) છે, કેમ કે રસૂલુલ્લાહ ﷺએ સહાબા કિરામને આનો જ આદેશ આપ્યો હતો, બલ્કે અનિવાર્ય કરી દીધું હતું, અને જેણે આ આદેશના પાલનમાં કંઈક સંકોચ કર્યો તેનાથી આપ નારાજ થઈ ગયા હતા; અલબત્ત જેમના સાથે 'હદી'ના જાનવરો હોય તેઓ 'કિરાન'ના એહરામમાં બાકી રહેશે, જેમ કે નબી ﷺએ કર્યું હતું. 'કારિન' એ વ્યક્તિ છે જે હજ અને ઉમરાનો એકી સાથે એહરામ બાંધે, અને 'તલ્બિયા' માં اللهم لبيك عمرة وحج 'અલ્લાહુમ્મ લબ્બૈક ઉમરતુ વલ હજ્જ' (હે અલ્લાહ ! હું ઉમરા અને હજ માટે હાજર છું) પોકારે, કારિન પોતાના એહરામમાં ત્યાં સુધી બાકી રહેશે, જ્યાં સુધી કે 'યવ્મુન્-નહ્ર'ના દિવસે 'હદી' કુરબાન ન કરી લે, અને 'મુફરદ' એ છે જે માત્ર હજની નિયત કરે અને اللهم لبيك حج'અલ્લાહુમ્મ લબ્બૈક હજ્જ' (હે અલ્લાહ ! હું હજ માટે હાજર છું) કહીને 'તલ્બિયા' પોકારે.

એહરામના પ્રતિબંધો :

એહરામની સ્થિતિમાં તમામ હાજીઓ માટે નીચેની વાતોની મનાઈ છે :

૧. – 'જમાઅ' (સંભોગ) અને 'જમાઅ' સાથે સંબંધિત કાર્યો, જેમ કે ચુંબન કરવું, કામવાસનાથી સ્પર્શ કરવો, નિર્લજ્જ અને અશ્લીલ વાતો કરવી, એ જ રીતે નિકાહ કરવા અને નિકાહ કરાવવા અને સગપણ કરવું.

૨. – કોઈ ચોંટી જનારી વસ્તુથી માથું ઢાંકવું, પરંતુ છત્રી કે તંબુ કે ગાડીની છત દ્વારા છાંયડો લેવામાં કોઈ વાંધો નથી.

૩. — માથું મુંડાવવું કે વાળ કપાવવા.

૪. — નખ કાપવા.

૫. — ખુશ્બૂ લગાવવું અને ખુશ્બૂ સૂંઘવી.

૬. — જમીનના જાનવરોનો શિકાર કરવો અને તેનું ઠેકાણું બતાવવું.

૭. — પુરુષ માટે ખમીસ કે કોઈ અન્ય સીવેલા કપડાંનો ઉપયોગ કરવો.

૮. — સ્ત્રીનું ચહેરા અને હાથો પર નકાબ કે સીવેલું કપડું નાખવું.

પુરુષ પગરખા પહેરી શકે છે અને જો પગરખા ન મળે તો મોજાનો ઉપયોગ કરી શકે છે. ઉપર દર્શાવેલ મનાઈ કરવામાં આવેલ વસ્તુઓમાંથી અજાણતામાં કે ભૂલથી જો કોઈ વ્યક્તિ કોઈ વસ્તુ કરી બેસે, તો તરત જ તેને દૂર કરી દે અને તેના પર કોઈ 'ફિદયા' વગેરે નથી.

તવાફ અને સઈની રીત :

જ્યારે હાજી ખાનએ કાબા પહોંચે તો તેના સાત 'તવાફે કુદૂમ' કરે, શરૂઆત હજ્રે-અસ્વદની પાસે તકબીર દ્વારા કરે અને અંત પણ ત્યાં જ કરે. તવાફ દરમ્યાન અલ્લાહનો ઝિક્ર અને વિભિન્ન દુઆઓમાં મશગૂલ રહે. તવાફ માટે કોઈ વિશિષ્ટ દુઆ નથી. હા, હજ્રે-અસ્વદ અને રુક્ને-યમાની વચ્ચે رَبَّنَآ اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ○ **'રબ્બના આતિના ફીદ્-દુન્યા હસનતંવ વ-ફીલ આખિરતિ હસનતંવ વ-કિના અઝાબન્નાર'** પઢવું સુન્નત છે.

આના પછી જો સંભવ હોય તો મકામે ઈબ્રાહીમના પાછળ, નહિં તો મસ્જિદે-હરામમાં કોઈપણ જગ્યાએ બે રકા'ત નમાઝ પઢે.

પછી, ત્યારબાદ સફા પહાડી તરફ જાય, તેના પર ચઢીને કિબ્લા તરફ ચહેરો કરે, અને અલ્લાહની હમ્દો-સના (પ્રશંસા અને સ્તુતિ) કરે, અને બંને હાથ ઉઠાવીને ત્રણ વાર 'અલ્લાહુ અકબર' કહે અને દુઆ કરે. ત્યાંથી મરવા તરફ જાય, ત્યાં પણ એવું જ કરે જેવું સફા પર કર્યું હતું. આ રીતે સાત વાર સઈ કરે. સફાથી મરવા સુધી એક 'શૂત' (ચક્કર) થયો. પછી પોતાના માથાના વાળ કપાવે, અને સ્ત્રી આંગળના એક ટેરવા બરાબર પોતાના વાળ કપાવે. આ અમલ પછી ઉમરા સમાપ્ત થયો અને એહરામના કારણે જે વસ્તુઓ હરામ થઈ ગઈ હતી, તે બધી હલાલ થઈ ગઈ.

સ્ત્રીઓના વિશિષ્ટ મસાઈલ :

જો કોઈ સ્ત્રી એહરામ બાંધતા પહેલા અથવા તેના પછી માસિક-ધર્મ કે નિફાસ

(પ્રસૂતિકાળ)માં આવી જાય, તો તે 'હજે-કિરાન', અર્થાત્ હજ અને ઉમરા બંનેનો એહરામ બાંધી લે અને બીજા હાજીઓની જેમ હજ અને ઉમરા માટે 'તલ્બિયા' પોકારે, કેમ કે માસિક-ધર્મ અને નિફાસ એહરામ બાંધવામાં અને અરફાત અને મુઝદલિફામાં વુકૂફ (રોકાણ)માં રુકાવટ નથી, અલબત્ત માત્ર બૈતુલ્લાહના તવાફ કરવાની તેને મનાઈ છે. તેથી જે સ્ત્રી આવી પરિસ્થિતિનો સામનો કરે તે તમામ હાજીઓની જેવા હજના બધા અરકાન અદા કરતી રહે અને માત્ર બૈતુલ્લાહના તવાફ પાક-સાફ થવા સુધી મુલતવી કરે અને તહારત (પવિત્રતા) પછી તેને પૂરા કરે.

જો કોઈ સ્ત્રી લોકો દ્વારા હજના એહરામ બાંધવા અને મિના જતા પહેલા જ પાક-સાફ થઈ ગઈ, તો તે ગુસ્લ કરીને બૈતુલ્લાહનો તવાફ અને સઈ કરે અને પોતાના વાળને કપાવીને ઉમરાના એહરામથી હલાલ (મુક્ત) થઈ જાય. પછી તમામ હાજીઓની સાથે હજનો એહરામ બાંધીને મિના જાય અને જો આઠમી તારીખે હાજીઓના એહરામ બાંધવા સુધી તે તહારત પ્રાપ્ત ન કરી શકી, તો તે પણ તેમના સાથે 'તલ્બિયા' કહેતાં 'હજે-કિરાન'ની નિયત કહીને બધા અરકાન અદા કરતી રહે, અર્થાત્ મિના જવું, અરફાત અને મુઝદલિફામાં રોકાવું, રમી જમરાત, કુરબાની અને કસ્ર કરાવવું વગેરે તમામ વસ્તુઓને હાજીઓની સાથે કરતી રહે; અને જ્યારે પાક-સાફ થઈ જાય તો ગુસ્લ કરીને બૈતુલ્લાહનો 'ફર્ઝ' તવાફ તથા સફા અને મરવાની સઈ કરે, અને આ જ તવાફ અને સઈ તેની હજ અને ઉમરા બંને તરફથી પૂરતા થઈ જશે, કેમ કે આ જ પ્રકારની પરિસ્થિતિ હજે-વિદાઅના પ્રસંગે હઝરત આઈશા ﵂ ની સામે ઊભી થઈ હતી અને તેમને નબી કરીમ ﷺ એ આવું જ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે-સાથે એ ઈરશાદ ફરમાવ્યો કે આ તવાફ અને સઈ, હજ અને ઉમરા બંને તરફથી પર્યાપ્ત થઈ જશે, કેમ કે 'હજે-કિરાન' કરનારાઓ પર 'મુફરદ'ની જેમ માત્ર એક તવાફ અને એક સઈ વાજિબ છે,(૧) અને નબી કરીમ ﷺનું ઉપરોક્ત ફરમાન તેની દલીલ છે. એક અન્ય હદીસમાં છે કે 'ઉમરા, હજમાં કયામત સુધી દાખલ થઈ ગયેલ છે." (વલ્લાહ આ'લમ)

હજના પાંચ દિવસો :

હાજી આઠમી ઝિલહજ્જના દિવસે મક્કા-મુકર્રમામાં પોતાના રહેઠાણથી હજનો એહરામ બાંધે, જે રીતે ઉમરાનો એહરામ બાંધીને મીકાતથી મક્કા આવ્યો હતો, બની શકે તો ગુસ્લ કરે અને ખુશ્બૂ લગાવે, પછી એહરામ બાંધે અને اللهم لبيك حجا (અલ્લાહુમ્મ

(૧) આ તવાફ ઈદના દિવસે કે તેના પછી કરશે, અને પેહલો તવાફ જે તેણે હજથી પહેલા કર્યો છે અને જેને તવાફે કુદૂમ કહેવામાં આવે છે, તે નફ્લ તવાફ છે. 'મુફરદ' અને 'કારિન' માટે માત્ર એક સઈ કરવાની રહેશે. આ સઈ જો તવાફે કુદૂમની સાથે જ કરી લીધી, તો પર્યાપ્ત છે, નહિં તો ઈદના દિવસે અથવા તેના પછી તવાફે-ઈઝાફાની સાથે સઈ પણ કરે.

લબ્બૈક હજ્જ) કહીને હજની નિયત કરે, અને એહરામની તમામ પાબંદીઓ ત્યાં સુધી રહેશે કે મુઝદલિફાથી પાછા મિના આવીને દસમી તારીખે રમી જમરાત અને કુરબાની અને 'હલક રાસ'થી નિવૃત્ત ન થઈ જાય.

હાજી આઠમી ઝિલહજ્જના દિવસે એહરામ બાંધીને તમામ હાજીઓ સાથે મિના જાય અને ત્યાં જ રાત્રિ-રોકાણ કરે, ત્યાં પાંચ સમયની ફર્ઝ નમાઝ તેના સમયે કસ્ર કરીને અદા કરે (ઝુહ્ર, અસ્ર, મગરિબ, ઈશા અને ફજ્ર). બીજા દિવસે નવમી તારીખે સૂર્યોદય પછી બધા હાજીઓની સાથે નમીરહ જાય અને ત્યાં રોકાણ કરે અને ઈમામની સાથે ઝુહ્ર અને અસ્રની નમાઝ જમા (એકત્ર) અને કસ્ર કરીને અદા કરે અને ઝવાલ પછી ત્યાંથી અરફાત તરફ નીકળીને કિબ્લા-રૂખ થઈને વધારેમાં વધારે દુઆ અને ઝિક્રમાં મશગૂલ રહે. અરફાતનું આખું મેદાન 'વુકૂફે-અરફાત' છે. જો કોઈ વ્યક્તિ મિનાથી સીધો અરફાત ચાલ્યો જાય, તો પણ સાચું છે. સૂર્યાસ્ત સુધી અરફાતની હદમાં રોકાયેલ રહે. કિબ્લાના બદલે જબલે-નૂર તરફ રૂખ કરવું અને સવાબ સમજીને તેના પર ચઢવું સાચું નથી, એ જ પ્રમાણે તેને ચુંબન કરવું અને બરકત હાંસલ કરવી જાઈઝ નથી, બલ્કે આ 'બિદઅતે-મુહર્રમા' છે.

ત્યારબાદ, સૂર્યાસ્ત પછી લબ્બૈક પોકારતા શાંતિપૂર્વક અને સંતોષથી મુઝદલિફા તરફ રવાના થઈ જાય અને મુઝદલિફા પહોંચતા જ મગરિબ અને ઈશાની નમાઝો એકી સાથે કસ્ર અદા કરે, ત્યારબાદ ત્યાં રાત્રિ-રોકાણ કરે અને ફજ્રની નમાઝ પઢીને જ્યારે અજવાળું થઈ જાય તો સૂર્યોદય પહેલા અલ્લાહનો ઝિક્ર કરતાં મિના તરફ રવાના થઈ જાય.

મિના પહોંચીને સૂર્યોદય પછી જમરા-ઉકબા (મોટા શૈતાન)ની રમી કરે, અર્થાત્ સાત કાંકરીઓ એક-પછી-એક મારે. કાંકરીઓ વધારે નાની કે વધારે મોટી ન હોય, બલ્કે ચણા બરાબર હોય. જૂતા-પગરખા વગેરે વસ્તુઓથી રમી કરવું જાઈઝ નથી. આ તુચ્છ અને શૈતાની કાર્ય છે. રસૂલુલ્લાહ ﷺની સુન્નતનું અનુસરણ અને અલ્લાહ અને રસૂલની અવજ્ઞાથી બચવું જ શૈતાનને સૌથી વધારે હતાશ કરનારી વસ્તુ છે.

જમરા-ઉકબાની રમીથી નિવૃત્ત થયા પછી વાજિબ કુરબાની હોય તો કુરબાની કરે, પછી પોતાના માથાનો 'હલક' કરાવે અને સ્ત્રીઓ થોડા વાળ કપાવે. જો પુરુષ પણ કસ્ર કરે તો જાઈઝ છે, પરંતુ 'હલક' (મુંડન) અફઝલ (શ્રેષ્ઠ) છે. આ બધું કર્યા પછી પોતાના કપડાં પહેરી લે અને હવે એહરામની પાબંદીઓ સમાપ્ત થઈ ગઈ અને સ્ત્રી (પત્ની) સિવાય બધી વસ્તુઓ હલાલ (વૈધ) થઈ ગઈ.

ફર્ઝ તવાફ :

હવે મક્કા જાય અને ફર્ઝ તવાફ અને તેના પછી સઈ કરે અને તેના પછી સ્ત્રી (પત્ની) પણ હલાલ થઈ જશે.

મિના ફરી પાછા આવવું અને રાત્રિ-જાગરણ :

તવાફે-ઈઝાફાથી નિવૃત્ત થયા પછી મિના પાછા આવી જાય અને અગિયાર અને બાર અને તેર ઝિલહજ્જની રાત્રિઓ ત્યાં જ વિતાવે. જો કોઈ માત્ર બે રાત્રિઓ ત્યાં વિતાવીને પાછો આવી જાય, તો પણ જાઈઝ છે. આ દિવસોમાં ઝવાલ પછી ત્રણેય જમરાતને કાંકરીઓ મારે, શરૂઆત પહેલા જમરાથી કરે જે મક્કાથી બાકી બે જમરાતની સરખામણીએ વધારે દૂર છે. પછી બીજાને અને પછી જમરા-ઉકબાને, દરેકને સાત કાંકરીઓ મારે, દરેક કાંકરીની સાથે 'અલ્લાહુ અકબર' કહે, અને કાંકરીઓ મિનામાં પોતાના રોકાણ-સ્થળેથી લઈને જાય. જેને મિનામાં જગ્યા ન મળે તો જ્યાં તંબુ સમાપ્ત થાય છે ત્યાં રોકાઈ જાય.

જો મિનામાં માત્ર બે જ દિવસ રોકાઈને વતન પાછા જવા ઈચ્છે, તો એવું કરી શકે છે, પરંતુ અફઝલ એ છે કે ત્રીજી રાત પણ મિનામાં વિતાવે.

તવાફે-વિદાઅ :

હજ પૂરી થઈ ગયા પછી જ્યારે પોતાના દેશ (કે વતન) પાછા જવા ઈચ્છે, તો 'તવાફે-વિદાઅ' કરે અને તરત જ રવાના થઈ જાય. 'તવાફે-ફર્ઝ' અને સઈ કર્યા પછી જો કોઈ સ્ત્રી માસિક-ધર્મ કે નિફાસ (પ્રસૂતિ-અવસ્થા)માં આવી જાય, તો તે 'તવાફે-વિદાઅ'થી બાકાત છે, અને તેનું તવાફ કરવું જરૂરી નથી. જો કોઈ હાજી કુરબાનીને અગિયાર કે બાર કે તેર સુધી મુલતવી કરી દે તો તે જાઈઝ છે. એ જ પ્રમાણે જો કોઈ તવાફે-ઈઝાફા અને સઈને મિનાથી પાછા ફરીને કરવા ચાહે તો એ પણ જાઈઝ છે, પરંતુ અફઝલ દસમી તારીખે કરવું છે.

ઈમાનનું વર્ણન :

રસૂલો, કિતાબો (ગ્રંથો), ફરિશ્તાઓ, આખિરતના દિવસ અને તકદીર (ભાગ્ય) પર ઈમાન લાવવું.

અલ્લાહ તઆલાએ મુસલમાનો માટે, અલ્લાહ અને તેના રસૂલ અને ઈસ્લામના સ્તંભો પર ઈમાનની સાથે ફરિશ્તાઓ[1] અને આકાશી ગ્રંથો[2] પર પણ ઈમાન લાવવાનું જરૂરી ઠેરવ્યું છે, જેને અલ્લાહ તઆલાએ પોતાના રસૂલો પર અવતરિત કર્યા છે. આ ક્રમનો અંતિમ ગ્રંથ કુર્આને-કરીમ છે, જે તમામ આકાશી ગ્રંથોને રદબાતલ કરનાર છે.

એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ મુસલમાનોને એ પણ આદેશ આપ્યો છે કે તેઓ મોકલવામાં આવેલ તમામ અંબિયાએ કિરામ અને રસૂલો પર ઈમાન લાવે, કેમ કે એ સૌનું આમંત્રણ એક અને દીન (ધર્મ) એક છે, અને તે દીન ઈસ્લામ છે. આ સૌ નબીઓ અને રસૂલોને અલ્લાહ તઆલાએ, જે સૃષ્ટિઓનો માલિક અને પાલનહાર છે, નબી અને રસૂલ બનાવીને મોકલ્યા છે. તેથી એક મુસલમાન માટે આવશ્યક છે કે આ તમામ અંબિયાએ કિરામ પર ઈમાન લાવે, જેનો ઉલ્લેખ કુર્આને-કરીમમાં કરવામાં આવેલ છે કે તેઓ અલ્લાહના રસૂલ હતા, જેઓ પોત-પોતાની જાતિ તરફ મોકલવામાં આવ્યા હતા, અને તેના સાથે એ પણ ઈમાન અને વિશ્વાસ રાખે કે સૌથી અંતિમ નબી હઝરત મુહમ્મદ ﷺ - ખાતમુલ અંબિયા વ મુરસલીન (નબીઓ અને રસૂલોના સમાપક) છે, જેમને સમગ્ર માનવ-જાત તરફ રસૂલ બનાવીને અલ્લાહે મોકલ્યા છે, અને સમગ્ર માનવતા, ત્યાં સુધી કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પણ આપની ઉમ્મતના સભ્ય છે અને સમસ્ત ધરતીના લોકો આપના અનુસરણ તેમજ આપની નુબૂવ્વત (પયગંબરી) અને

(૧) ફરિશ્તાઓ એક રૂહાની મખ્લૂક છે, જેમને અલ્લાહ તઆલાએ નૂર (પ્રકાશ)થી પેદા કર્યા છે, જેમની સંખ્યા અસાધારણ છે, અને અલ્લાહ તઆલા સિવાય કોઈ તેની સાચી સંખ્યાથી વાકેફ નથી. કેટલાક તો આકાશોમાં છે અને કેટલાક મનુષ્યોના વિભિન્ન મામલાઓને જોવા માટે નિયુક્ત છે.

(૨) મુસલમાનો એ વાત પર ઈમાન રાખે કે એ ગ્રંથો જે અલ્લાહ તઆલાએ રસૂલો પર અવતરિત કર્યા હતા, બધા સત્ય છે અને તેમાં કેવળ કુર્આને-કરીમ સાચો અને સુરક્ષિત બાકી રહ્યો છે, અને તૌરાત અને ઈંજીલ જે યહૂદીઓ અને ઈસાઈઓ (ખ્રિસ્તીઓ)ની પાસે છે તે સ્વયં તેમણે જ લખેલ પુસ્તકો છે, કેમ કે તેમાં અસંખ્ય મતભેદો-વિરોધાભાસો અને ફરક જોવા મળે છે, અને ફેરફાર અને પરિવર્તનની સૌથી મોટી દલીલ એ છે કે તેમાં એ આસ્થા જોવા મળે છે કે 'ઉપાસ્યો ત્રણ છે અને ઈસા અલ્લાહના પુત્ર છે.' જો કે સાચી અને સત્ય વાત એ છે કે ઉપાસ્ય માત્ર એક છે અને તે અલ્લાહ વહદહૂની પવિત્ર હસ્તી છે અને ઈસા અલ્લાહના બંદા અને પયગંબર છે, જેમ કે કુર્આને-કરીમમાં છે. ઉપરાંત, એ ગ્રંથોમાં અલ્લાહની જે વાણી છે, તે કુર્આનની સાથે નિરસ્ત થઈ ગયેલ છે. તેથી એક વખતે રસૂલુલ્લાહ ﷺ એ હઝરત ઉમર رضي الله عنه ના હાથમાં તૌરાતનું એક પૃષ્ઠ જોયું તો ખૂબ જ નારાજ થઈને ફરમાવ્યું, ''હે ઈબ્ને ખત્તાબ ! શું તમે હજુ સુધી શંકામાં છો. અલ્લાહના સોગંદ ! જો મારા ભાઈ મૂસા જીવતા હોત તો મારું જ અનુસરણ કરતા.'' તેથી હઝરત ઉમર رضي الله عنه એ પૃષ્ઠ ફેંકી દીધુ અને અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ﷺ ! મારા માટે મગફિરતની દુઆ ફરમાવો.''

રિસાલત (ઈશદૂતત્વ) પર ઈમાન લાવવા માટે બંધાયેલ છે. હઝરત મૂસા અને હઝરત ઈસા અને તમામ અંબિયા એ લોકોથી વિમુક્તિ અને છૂટકારાનું એલાન કરી દેશે, જેઓ રસૂલુલ્લાહ ﷺ ના દીને-ઇસ્લામ પર ઈમાન ન લાવે. મુસલમાનો તમામ અંબિયાએ-કિરામ પર ઈમાન લાવવાને પોતાના ઈમાનનો એક ભાગ સમજે છે અને જે વ્યક્તિ હઝરત મુહમ્મદ ﷺ પર ઈમાન ન લાવે અને આપનું અનુસરણ ન કરે અને દીને-ઇસ્લામ પર ઈમાન અને વિશ્વાસ ન રાખે, તે વાસ્તવમાં તમામ અંબિયાએ કિરામનો ઇન્કાર કરે છે, ચાહે પોતાને કોઈ એક નબીનો અનુયાયી કહે. આ સંદર્ભમાં વિગતવાર દલીલોનો ઉલ્લેખ થઈ ચૂક્યો છે.

રસૂલુલ્લાહ ﷺ નો ઇરશાદ છે –

''સોગંદ છે એ પવિત્ર જાતના, જેના હાથમાં મારા પ્રાણ છે ! આ ઉમ્મતો કોઈપણ વ્યક્તિ, ચાહે તે યહૂદી હોય કે ખ્રિસ્તી, તેને મારા આગમનની જાણ થઈ જાય અને મારી રિસાલત અને શરીઅત પર ઈમાન લાવ્યા વગર મૃત્યુ પામે, તો તે જહન્નમમાં જશે.'' (રિવાયત : મુસ્લિમ)

આખિરત પર ઈમાન :

એ જ પ્રમાણે દરેક મુસલમાન માટે મૃત્યુ પછી ફરીથી જીવતા થવા અને હિસાબ-કિતાબ, જઝા (ઇનામ, વળતર, બદલો) અને સજા, જન્નત અને જહન્નમ, અર્થાત્ આખિરત (પરલોક)ના દિવસની દરેક વસ્તુ પર ઈમાન લાવવું જરૂરી છે.

કઝા અને કદ્ર (ભાગ્ય) પર ઈમાન :

કઝા અને કદ્ર પર ઈમાન લાવવું દરેક મુસલમાન માટે જરૂરી છે, અને ભાગ્ય પર ઈમાન લાવવાનો અર્થ એ છે કે મુસલમાન એ આસ્થા રાખે કે અલ્લાહ તઆલાને સૃષ્ટિની દરેક વસ્તુનું અને બંદાઓના બધા કાર્યોનું, આકાશ અને ધરતીને પેદા કર્યા તે પહેલાથી જ્ઞાન છે, અને આ તમામ માહિતી તેના પાસે 'લૌહે મહફૂઝ' (સુરક્ષિત પાટી) પર લખેલી છે, અને મુસલમાનને એ વાતનું પણ જ્ઞાન હોવું જોઈએ કે અલ્લાહ તઆલાએ જે વસ્તુને ઇચ્છ્યું તે થઈ ગઈ, અને જે વસ્તુને તેણે ન ઇચ્છ્યું તે ન થઈ, અને તેણે બંદાઓને પોતાની ઇબાદત અને આજ્ઞાપાલન માટે પેદા કર્યા છે અને તેની રીતને સ્પષ્ટ કરી દીધી છે, અને તેના આચરણનું સ્પષ્ટતાપૂર્વક આદેશ આપ્યો છે, અને એ જ પ્રમાણે તેની બૂરાઈથી મનાઈ કરી છે અને એ પણ નિર્દેશ કરી દીધો છે, અને મનુષ્યોને શક્તિ અને ઇરાદાની યોગ્યતા આપી છે, જેના દ્વારા તે અલ્લાહ તઆલાના ફરમાનોનું પાલન કરી શકે, જેથી તેમને અજ્ર અને સવાબ (ઇનામ અને પુણ્ય)થી નવાજવામાં આવે,

અને જેણે તેની અવજ્ઞા કરી અને ગુનાઓનું આચરણ કર્યું તે સજા અને યાતનાને પાત્ર ઠરશે, અને બંદાઓની મરજી અને શક્તિ અલ્લાહ તઆલાની મરજીને તાબે છે. અલ્લાહ તઆલા જે ઇચ્છે છે, એ જ બંદા કરે છે.

જ્યાં સુધી એ વસ્તુઓનો સંબંધ છે, જેમાં બંદાઓની મરજી અને અધિકારનો કોઈ હસ્તક્ષેપ નથી અને તેનું થવું કે અસ્તિત્વમાં આવવું અનિવાર્ય હોય છે અને માનવીના ન ઇચ્છવા છતાં પણ તે અસ્તિત્વમાં આવે છે, જેમ કે - ભૂલી જવું, ભૂલ કરવી, બીમારી, ગરીબી, મુસીબતોનું આવવું, બળજબરીથી કરાવવામાં આવેલ વસ્તુઓ, તો આવી તમામ બાબતો પર અલ્લાહ તઆલા તરફથી માનવી પર કોઈ પકડ નથી અને ન કોઈ પ્રકારની સજા અને અઝાબ (યાતના) છે, બલ્કે ભૂખમરો અને ગરીબી અને મુસીબતો પર બંદો જ્યારે ધીરજ અને દઢતાનું પ્રદર્શન કરે છે અને અલ્લાહના ફેંસલા પર રાજી રહે છે, તો અલ્લાહ તઆલા તેને અજ્ર અને સવાબ (બદલો અને પુણ્ય)થી નવાજે છે.

મુસલમાનોમાં સૌથી વધારે મજબૂત આસ્થા અને દઢ ઈમાનવાળા અને અલ્લાહ તઆલાથી સામીપ્ય રાખનારા અને જન્નતમાં ઉચ્ચ દરજ્જાવાળા સદાચારીઓ છે, જેઓ અલ્લાહ તઆલાની એ રીતે ઈબાદત કરે છે, તેનાથી એવો ડર અને ભય રાખે છે, અને વિનમ્રતા અને આદર-માનનું પ્રદર્શન કરે છે, જાણે એ લોકો તેને જોઈ રહ્યા હોય, અને તેની કોઈપણ પ્રકારની બૂરાઈ નથી કરતા, તેમનું બાહ્ય અને આંતરિક એક જેવું હોય છે, અને જો આવી સ્થિતિ નથી થઈ શકતી તો ઓછામાં ઓછું તેની સભાનતા રહે છે કે અલ્લાહ તઆલા તેમને જોઈ રહ્યો છે, અને તેમના વાણી અને વર્તન અને નિયતો અને ઈરાદાઓમાંથી કોઈ વસ્તુ પણ તેનાથી છૂપી નથી. તેથી તેના આજ્ઞાપાલનમાં સમર્પિત અને તેની અવજ્ઞાથી દૂર રહે છે, અને જ્યારે તેમનાથી કોઈ ગુનો થઈ જાય છે તો તૌબા અને ઈસ્તગફાર (ક્ષમાયાચના અને પ્રાયશ્ચિત)માં જલ્દી કરે છે અને પોતાના ગુનાઓ પર પસ્તાવો કરે છે અને ભવિષ્યમાં ન કરવાનો નિર્ધાર કરે છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

إِنَّ اللَّهَ مَعَ الَّذِينَ اتَّقَوْا وَّالَّذِينَ هُم مُّحْسِنُونَ ﴿١٢٨﴾

"નિ:શંક, અલ્લાહ એ લોકોની સાથે છે જેઓ તકવા (અલ્લાહનો ડર અને સંયમ) અપનાવે છે અને એ લોકો કે જેઓ સદ્વ્યવહાર કરે છે." (સૂરઃ નહ્લ, ૧૨૮)

દીને-ઈસ્લામની પરિપૂર્ણતા અને સર્વગ્રાહિતા :

કુર્આને-કરીમમાં અલ્લાહનો ઈરશાદ છે –

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَ اَتْمَمْتُ عَلَيْكُمْ
نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا ط

''આજે મેં તમારા માટે તમારો દીન સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી ને'મત (કૃપા) પરિપૂર્ણ કરી દીધી અને તમારા માટે ઈસ્લામને દીન તરીકે પસંદ કરી લીધો.'' (સૂરઃ માઈદા, ૩)

બીજી જગ્યાએ ઈરશાદ છે –

اِنَّ هٰذَا الْقُرْاٰنَ يَهْدِيْ لِلَّتِيْ هِيَ اَقْوَمُ وَيُبَشِّرُ الْمُؤْمِنِيْنَ
الَّذِيْنَ يَعْمَلُوْنَ الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ اَجْرًا كَبِيْرًا ۙ

''નિઃશંક, આ કુર્આન એવી પદ્ધતિનો નિર્દેશ કરે છે, જે તદ્દન સીધી છે અને ઈમાનવાળાઓને, જેઓ સદ્કાર્યો કરતા રહે છે, ખુશખબર આપે છે કે તેમના માટે મહાન બદલો છે.'' (સૂરઃ બની ઈસરાઈલ, ૯)

વધુમાં કુર્આન વિશે ઈરશાદ છે –

وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ وَّهُدًى
وَّرَحْمَةً وَّبُشْرٰى لِلْمُسْلِمِيْنَ ۝

''અને અમે તમારા પર ગ્રંથ ઉતારેલ છે, દરેક વસ્તુને સ્પષ્ટ કરી દેનાર, અને મુસલમાનો માટે સત્યનું માર્ગદર્શન અને દયા અને ખુશખબર છે.'' (સૂરઃ નહ્લ, ૮૯)

એક સહીહ હદીસમાં નબી કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો –

''હું તમને અત્યંત સ્પષ્ટ અને પ્રકાશિત રાજ-માર્ગ પર છોડીને જઈ રહ્યો છું, જેની રાત્રિઓ દિવસની જેમ પ્રકાશિત અને ખુલ્લી છે, આ માર્ગથી એ વિકૃતિ અપનાવશે જે નાશ પામીને રહેવાનો છે.''

એક અન્ય હદીસમાં ઈરશાદ ફરમાવ્યો –

''હું તમારા પાસે બે વસ્તુઓ છોડીને જઈ રહ્યો છું. જ્યાં સુધી તેને મજબૂતીથી પકડી રાખશો, ક્યારેય ગુમરાહ (પથભ્રષ્ટ) નહીં થાઓ - અલ્લાહની કિતાબ (કુર્આન) અને મારી સુન્નત.''

ઉપરોક્ત આયતોમાંથી પહેલી આયતમાં અલ્લાહ તઆલાએ એ બતાવ્યું છે કે તેણે દીને-ઈસ્લામને મુસલમાનો માટે પરિપૂર્ણ કરી દીધો છે, હવે તેમાં કોઈપણ પ્રકારના

વધારા કે ઘટાડાનો જરાપણ અવકાશ નથી, તે દરેક યુગ અને દરેક દેશ માટે સમાનરૂપે સ્વીકૃત છે, અને એ એલાન ફરમાવી દીધું કે તેણે મુસલમાનોને આ અત્યંત પરિપૂર્ણ દીન (ધર્મ) પ્રદાન કરીને નબી કરીમ ﷺ ની રિસાલત (ઈશદૂતત્વ) દ્વારા અને મુસલમાનોને તેમના દુશ્મનો પર વિજયી કરીને પોતાની બધી ને'મતો (કૃપાઓ)ને સંપૂર્ણ કરી દીધી છે. વધુમાં એ પણ સ્પષ્ટ કરી દીધું કે તેણે ઈસ્લામને દીન (ધર્મ, જીવન-વ્યવસ્થા)ની હેસિયતે પસંદ કરી લીધો છે. હવે તેનાથી ક્યારેય નારાજ નહીં થાય અને દીને-ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીન (ધર્મ, જીવન-વ્યવસ્થા, વિચારધારા) તેના નજીક સ્વીકાર્ય નથી.

બીજી આયતમાં અલ્લાહ તઆલાએ એ બતાવ્યું છે કે કુર્આને-કરીમ એક સંપૂર્ણ જીવન-બંધારણ છે. તેમાં દીન અને દુનિયાની તમામ બાબતો અને મામલાઓનું અત્યંત સ્પષ્ટ અને સંતોષકારક માર્ગદર્શન અને શિક્ષા આપવામાં આવેલ છે. કોઈ એવી સારી અને ભલાઈની વસ્તુ નથી જેના તરફ કુર્આને નિર્દેશ ન કર્યો હોય અને એ જ પ્રમાણે કોઈ ખરાબી અને બૂરાઈની વાત નથી જેનાથી તેણે સાવધાન ન કર્યા હોય.

આધુનિક અને પ્રાચીન, ગમે તેવી સમસ્યાઓ હોય, કુર્આને-કીરમમાં તેનો બુદ્ધિગમ્ય અને સંતોષકારક ઉકેલ આપવામાં આવેલ છે. સમસ્યાઓનો જે પણ ઉકેલ કુર્આનથી ટકરાતો હોય તે સરાસર અત્યાચાર અને અજ્ઞાનતા છે.

જ્ઞાન અને શ્રદ્ધા કે આસ્થા, રાજનીતિ અને શાસન-વ્યવસ્થા તથા ન્યાયતંત્ર, સામાજિક, આર્થિક અને ફોજદારી વ્યવસ્થાઓથી સંબંધિત તમામ આદેશો અને કાનૂનો કુર્આને-કરીમમાં અલ્લાહ તઆલાએ સ્પષ્ટતાપૂર્વક વર્ણવી દીધા છે, અને તેની સંપૂર્ણ અને સર્વગ્રાહી સમજૂતી અને વિવરણ રસૂલુલ્લાહ ﷺએ પોતાના વાણી અને વર્તનથી બતાવી દીધું છે. તેના જ તરફ કુર્આનની આ આયત સંકેત કરે છે –

وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ وَّهُدًى
وَّرَحْمَةً وَّبُشْرٰى لِلْمُسْلِمِيْنَ ﴿٨٩﴾

''અમે આ ગ્રંથ તમારા પર અવતરિત કરી દીધો, જે દરેક વસ્તુની સાફ-સાફ સ્પષ્ટતા કરવાવાળો છે અને મુસલમાનો માટે માર્ગદર્શન અને દયા અને ખુશખબર છે.''

(સૂરઃ નહ્લ, ૮૯)



પ્રકરણ–૪

ઈસ્લામની જીવન-વ્યવસ્થા

૧. જ્ઞાનની પ્રાપ્તિ :

અલ્લાહ તઆલાએ માનવી માટે જે સૌથી પહેલી વસ્તુ વાજિબ (આવશ્યક) અને અનિવાર્ય ઠેરવી છે, તે જ્ઞાન (ઇલ્મ)ની પ્રાપ્તિ છે. તેથી અલ્લાહ તઆલાનો ઇરશાદ છે –

فَاعْلَمْ أَنَّهُ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَاسْتَغْفِرْ لِذَنْبِكَ وَلِلْمُؤْمِنِيْنَ
وَالْمُؤْمِنٰتِ ۗ وَاللّٰهُ يَعْلَمُ مُتَقَلَّبَكُمْ وَمَثْوٰىكُمْ ﴿١٩﴾

''તો તમે એ વાતનો વિશ્વાસ રાખો કે અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ (ઉપાસ્ય, પૂજ્ય) નથી અને પોતાની ભૂલોની માફી માંગતા રહો અને તમામ ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓ માટે પણ, અને અલ્લાહ બરાબર માહિતી રાખે છે તમારા સૌના ચાલવા-ફરવાની અને રહેણી-કરણીની.'' (સૂરઃ મુહમ્મદ, ૧૯)

વધુ ઈરશાદ છે –

يَرْفَعِ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ ۙ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ ۗ

''અલ્લાહ તમારામાંથી ઈમાનવાળાઓના અને તેમના જેમને જ્ઞાન પ્રદાન કરવામાં આવેલ છે, દરજ્જાઓ ઉચ્ચ કરે છે.'' (સૂરઃ મુજાદલા, ૧૧)

વધુ ઈરશાદ છે –

وَقُلْ رَّبِّ زِدْنِيْ عِلْمًا ﴿١١٤﴾

''અને તમે કહો કે હે મારા પાલનહાર ! વધારી દે મારા જ્ઞાનને.''

(સૂરઃ તા-હા, ૧૧૪)

એક અન્ય જગ્યાએ ફરમાવ્યું –

فَسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝

"જો તમે લોકો નથી જાણતા, તો જ્ઞાનીઓને પૂછી લેવાનું રાખો."

(સૂરઃ નહ્‌લ, ૪૩)

એક હદીસમાં રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે –

"દરેક મુસલમાન પર ઇલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરવું ફર્ઝ (અનિવાર્ય) છે."

એક જ પ્રમાણે બીજી એક હદીસમાં ફરમાવ્યું –

"એક આલિમ (જ્ઞાની, વિદ્વાન)ની જાહિલ (અજ્ઞાની) પર એવી ફઝીલત (શ્રેષ્ઠતા) છે, જે રીતે ચૌદમી રાત્રિના ચંદ્રની તમામ તારાઓ પર."

ઈસ્લામમાં વિશ્વસનીય રીતે વાજિબ ઇલ્મ (જ્ઞાન)ના અમુક પ્રકારો :

પ્રકાર-૧ જે દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી પર અનિવાર્ય છે અને જેને ન જાણવાના કારણે કોઈને અપાત્ર અને નિર્દોષ સમજવામાં નહીં આવે – તે છે અલ્લાહ તઆલાની ઓળખ, રસૂલુલ્લાહ ﷺ ની ઓળખ અને દીને-ઈસ્લામની જરૂરી બાબતોની ઓળખ પ્રાપ્ત કરવી.

પ્રકાર-૨ જે 'ફર્ઝે-કિફાયા' છે, અર્થાત્ તેને ઉમ્મતના કેટલાક લોકો પ્રાપ્ત કરી લે તો, બાકીના તમામ લોકો તરફથી પર્યાપ્ત હશે અને એ લોકો જ્ઞાન ન પ્રાપ્ત કરવાને કારણે ગુનેગાર નહીં હોય, પરંતુ એ લોકો માટે પણ તેનું પ્રાપ્ત કરવું 'મુસ્તહબ' (ઇચ્છનીય) અને અફઝલ (ઉત્તમ) હશે, અને તે છે ફિકહી અને શરઈ મસાઈલ (ઈસ્લામની કાનૂન અને શરીઅતની બાબતો)માં એટલી કાબેલિયત પ્રાપ્ત કરવી કે તદરીસ (સંભાષણ, વ્યાખ્યાન, શિખામણ, ઉપદેશ), મન્સબે કઝા (ન્યાયાધીશના પદ) અને ઈફ્તા (ફતવા, ધર્માદેશ)ને યોગ્ય થઈ જવાય અને લોકોને દીની અને શરઈ માર્ગદર્શન આપી શકાય.

આ જ અનુસંધાનમાં એ તમામ આધુનિક વિદ્યાઓ અને જ્ઞાન પણ આવે છે, જેના દ્વારા મુસલમાનો આત્મ-નિર્ભર થઈ જાય અને બીજાઓનો મોહતાજ (આશ્રિત) ન રહે. તેથી મુસ્લિમ શાસકો માટે પણ જરૂરી છે કે તેઓ કેટલાક એવા લોકો તૈયાર કરે, જેઓ એ જ્ઞાન અને વિદ્યાઓ પ્રાપ્ત કરે, જે મુસલમાનો માટે આવશ્યક છે અને જેના દ્વારા તેઓ આત્મ-નિર્ભર બની શકે છે.

૨. અકીદા (આસ્થા)ની સુધારણા :

અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺ ને એ આદેશ આપ્યો કે તેઓ જાહેરમાં એ એલાન કરી દે કે સૌ એક માત્ર અલ્લાહના બંદાઓ છે, તેથી તેમના માટે જરૂરી છે કે

માત્ર તેની જ ઈબાદત (ઉપાસના) કરે અને તેનાથી જ, કોઈપણ પ્રકારના માધ્યમ કે સહારા વગર, પોતાની ઈબાદત અને દુઆનો પ્રત્યક્ષ અને સીધો સંપર્ક સ્થાપિત રાખે, જેની વિગત તૌહીદની સમજૂતીમાં આપી દેવામાં આવી છે, અને એ જ પ્રમાણે માત્ર અલ્લાહ તઆલાની જ પવિત્ર જાત પર ભરોસો રાખે, તેનો જ ભય અને ડર રાખે, તેનાથી આશાઓ બાંધે, કેમ કે નફા અને નુકસાનનો માલિક એ જ છે, અને એવા તમામ પરિપૂર્ણ ગુણોથી તેને વિશિષ્ટ કરે જેનાથી અલ્લાહ તઆલાએ પોતાને અથવા રસૂલુલ્લાહ ﷺએ તેને વિશિષ્ટ કરેલ છે.

૩. હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો)ને અદા કરવા :

અલ્લાહ તઆલાએ મુસલમાનને એ આદેશ આપ્યો છે કે તે એવો સદાચારી માણસ બને, જે માનવતાને કુફ્ર અને શિર્કના અંધકારથી કાઢીને ઈસ્લામના નૂર (પ્રકાશ) તરફ લાવવાની કોશિશ કરે. આને જ ધ્યાનમાં રાખીને આ પુસ્તકને સંકલિત અને છપાવીને લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે, જેથી આ દા'વત (દીનના આમંત્રણ) અને હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો)ના કર્તવ્યને નિભાવી શકે.

એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ એ પણ સ્પષ્ટ કરી દીધું કે અલ્લાહ પર ઈમાન સાથે સંબંધ જ એક મુસલમાનને બીજાથી જોડી દે, અને આ જ આધાર પર પારસ્પારિક સંબંધો અને મામલાઓને વિકસિત કરતો જાય, તેથી એક મુસલમાન પોતાના મુસલમાન ભાઈથી, જે નેક અને અલ્લાહનો આજ્ઞાંકિત હોય, પ્રેમ કરે, ચાહે તે દૂરનોય સગો ન હોય, અને એ કાફિરોથી નફરત અને વૈમનસ્ય રાખે જે અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺના અવજ્ઞાકારી છે, ચાહે તેઓ સગાં જ કેમ ન હોય.

આ એ જ મજબૂત સંબંધ અને નાતો છે, જે બે ભિન્ન વ્યક્તિઓને, વંશીય અને રાષ્ટ્રીય અને હંગામી અને ભૌતિક સંબંધો જે ખૂબ જ જલ્દી તૂટી-ફૂટી જાય છે તેનાથી વિપરીત, પરસ્પર મેળવે છે અને તેમનામાં સ્નેહ અને પ્રેમ પેદા કરે છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

لَا تَجِدُ قَوْمًا يُؤْمِنُونَ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ يُوَادُّونَ مَنْ حَادَّ اللَّهَ وَرَسُولَهُ وَلَوْ كَانُوا آبَاءَهُمْ أَوْ أَبْنَاءَهُمْ أَوْ إِخْوَانَهُمْ أَوْ عَشِيرَتَهُمْ ۚ

"જે લોકો અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન રાખે છે, તમે તેમને નહીં જુઓ કે એવાઓ સાથે મિત્રતા રાખે જેઓ અલ્લાહ અને તેના રસૂલના વિરોધી છે, ચાહે તે લોકો તેમના પિતા કે તેમના પુત્રો કે તેમના કુટુંબવાળા કેમ ન હોય."

(સૂરઃ મુજાદલા, ૨૨)

વધુમાં ઈરશાદ છે –

إِنَّ أَكْرَمَكُمْ عِنْدَ اللَّهِ أَتْقَاكُمْ ۚ

“નિઃશંક, તમારામાં સૌથી વધારે પરહેજગાર (અલ્લાહથી ડરવાવાળા અને સંયમી) વ્યક્તિ અલ્લાહના નજીક સૌથી વધારે પ્રતિષ્ઠિત છે.” (સૂરઃ હુજુરાત, ૧૩)

અલ્લાહ તઆલા પહેલી આયતમાં એ બતાવી રહ્યો છે કે અલ્લાહ પર ઈમાન રાખવાવાળો મોમિન વ્યક્તિ અલ્લાહના દુશ્મનોથી પ્રેમ નથી રાખતો, ચાહે તે સૌથી નજીકનો રિશ્તેદાર કેમ ન હોય.

બીજી આયતમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અલ્લાહના ત્યાં બહુમાન અને સ્થાન ધરાવનાર પ્રિય વ્યક્તિ એ છે જે તેનો આજ્ઞાંકિત હોય, ચાહે તે કોઈપણ રંગ અને વંશથી સંબંધ ધરાવતો વ્યક્તિ હોય.

એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ મુસલમાનોને ન્યાય અને ઈન્સાફનું વર્તન કરવાનો આદેશ આપ્યો છે, ચાહે બીજો વ્યક્તિ દુશ્મન હોય કે મિત્ર, અને અન્યાય અને અત્યાચારને પોતાના પર હરામ ઠેરવેલ છે અને પોતાના બંદાઓ દરમ્યાન પણ હરામ ઠેરવેલ છે; અને પ્રમાણિકતા અને સચ્ચાઈનો આદેશ આપ્યો છે અને અપ્રમાણિકતા, વિશ્વાસઘાત અને જૂઠની મનાઈ કરી છે, અને માતા-પિતાનું આજ્ઞાપાલન અને સેવા, સગાવહાલાઓ સાથે સદ્વ્યવહાર, વંચિતો અને ગરીબોની સાથે ઉપકાર અને સહાનુભૂતિનો આદેશ આપ્યો છે, અને કલ્યાણકારી કાર્યોમાં ભાગ લેવાનું પ્રોત્સાહન આપ્યું છે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ તમામ સર્જનોની સાથે સદ્વર્તનનો મામલો કરવાનો આદેશ આપ્યો છે, ત્યાં સુધી કે પશુ-પક્ષીઓની સાથે પણ સારા વ્યવહારનો આદેશ આપ્યો છે અને તેમને તકલીફ આપવાની મનાઈ કરી છે.[૧]

હા, નુકસાન પહોંચાડનાર જાનવરોને, જેમ કે પાગલ કૂતરા, સાપ, ઉંદર, વીંછી અને ગરોડી વગેરે જેવા પ્રાણીઓને મારી નાખવામાં આવશે, જેથી તેમના દ્વારા પહોંચાડવામાં આવતી ઈજાઓથી લોકો સુરક્ષિત રહી શકે, જો કે તેમને પણ તકલીફ આપી-આપીને મારવાની મનાઈ છે.

(૧) હલાલ (વૈધ) જાનવરને ઝબેહ કરતી વખતે આપણને રસૂલુલ્લાહ ﷺ એ એ નિર્દેશ કર્યો છે કે છરીને તેજ કરી લેવામાં આવે, જેથી જાનવરને વધારે તકલીફ ન થાય અને સરળતાથી ઝબેહ થઈ જાય, અને હલક (ગળાનો આગળનો અન્નનળીની પાસેનો ભાગ)ની જગ્યાએ છરી ફેરવવામાં આવે અને ધોરી નસ કાપવામાં આવે, જેથી લોહી પૂરેપૂરું બહાર નીકળી જાય, અને ઊંટને ગળાથી નીચે ‘નહ્ર’ (કતલ) કરવામાં આવે, અને જાનવરને વીજળીનો કરંટ આપીને કે માથા પર ફટકો મારીને કતલ કરવું અને તેને ખાવું નાજાઈઝ (નિષેધ) છે.

૪. મોમિમ વ્યક્તિની હૃદયની સ્થિતિ :

કુર્આને-કરીમની ઘણી આયતો એ બતાવે છે કે અલ્લાહ ત્આલા પોતાના બંદાઓને જુએ છે, તેઓ જ્યાં પણ હોય. ઉપરાંત, તેમનાં તમામ કાર્યો અને દિલમાં છુપાયેલ રહસ્યો અને ઈરાદાઓથી વાકેફ અને માહિતગાર છે, અને તેમના વાણી અને વર્તનનો રેકર્ડ તૈયાર કરી રહ્યો છે અને આ કામ માટે કેટલાક ફરિશ્તાઓને નિયુક્ત કરવામાં આવ્યા છે, જે હંમેશા તેમના સાથે હોય છે અને દરેક નાની અને મોટી તથા જાહેર અને છૂપી વસ્તુઓને જે માનવી કરે છે, લખી લે છે, અને તે અનુસાર જ અલ્લાહ ત્આલા આખિરતના દિવસે તેમનો હિસાબ-કિતાબ લેશે.

એ જ પ્રમાણે અલ્લાહ ત્આલાએ એ લોકોને પીડાદાયક અઝાબ (યાતના)થી ડરાવ્યા અને સાવધાન કર્યા છે, જે લોકો આ દુનિયાના જીવનમાં તેની અવજ્ઞા અને ગુનાઓ કરે છે. તેથી મોમિનો આ ચેતવણીઓથી બોધપાઠ લઈને બૂરાઈઓ અને અવજ્ઞાઓથી બચવાની પૂરેપૂરી કોશિશ કરે છે તથા ગુનાઓ અને વિરોધોથી દૂર રહે છે અને અલ્લાહ ત્આલાથી ભય અને ડરનું પ્રદર્શન કરે છે, અને એ લોકો જેઓ અલ્લાહ ત્આલાથી ભય અને ડર નથી રાખતા અને ગુનાઓનું સ્વચ્છંદતાથી આચરણ કરે છે, તો અલ્લાહ ત્આલાએ તેમને પણ તેનાથી અટકાવવાની એક રીત નિર્ધારિત કરી છે, તે એ છે કે તેણે મુસલમાનોને એ આદેશ આપ્યો છે કે તેઓ પરસ્પર 'અમ્ર બિલ મા'રૂફ' (ભલાઈની આજ્ઞા આપવી) અને 'નહી અનિલ મુન્કર' (બુરાઈથી રોકવું)નું કર્તવ્ય અદા કરતા રહે, અને આ રીતે મુસલમાનો તેની સાવધાની રાખે કે પ્રત્યેક એ ગુનો જે બીજો કોઈ વ્યક્તિ પણ કરે તે પોતાને અલ્લાહ સમક્ષ તેના માટે જવાબદાર સમજતાં યથાશક્તિ પોતાની વાણીથી, કે હાથથી રોકવાની કોશિશ કરે, નહિં તો ઓછામાં ઓછું તેને દિલથી ખરાબ સમજે.

એ જ પ્રમાણે અલ્લાહ ત્આલાએ મુસલમાન શાસકોને એ આદેશ આપ્યો છે કે ઈસ્લામી કાનૂનનું ઉલ્લંઘન કરનારાઓ પર અલ્લાહના આદેશોને લાગુ કરે, જેની વિગત અલ્લાહ ત્આલાએ કુર્આને-કરીમમાં અને રસૂલુલ્લાહ ﷺ એ પોતાના કથનો અને આચરણથી વર્ણવી છે, અર્થાત્ ગુનેગાર લોકો પર ગુનાઓ અનુસાર તેમના પર સજાઓ અને દંડ લાગુ કરે, જેથી ન્યાય અને ઈન્સાફ, શાંતિ અને સુરક્ષા તથા ખુશહાલી અને સમૃદ્ધિ ફૂલેફાલે અને તેની બોલબાલા થાય.

૫. ઈસ્લામમાં સામાજિક સહયોગ :

અલ્લાહ ત્આલાએ મુસલમાનોને એ આદેશ આપ્યો છે કે તેઓ પરસ્પર આર્થિક તેમજ સ્વાભાવિક અને આવશ્યક સહયોગ કરવાનું રાખે, જેની વિગતવાર ચર્ચા ઝકાત

અને સદકાતના પ્રકરણમાં થઈ ચૂકી છે. એ જ પ્રમાણે તેણે મુસલમાનોને એક-બીજાને હાનિ પહોંચાડવાની મનાઈ કરી છે, ચાહે મામૂલી વસ્તુ દ્વારા જ કેમ ન હોય; જેમ કે રસ્તાઓ કે છાંયડાવાળી જગ્યાઓ પર કોઈ અણગમતી-ખરાબ વસ્તુ નાખી દેવામાં આવે, અને એવી તકલીફદાયક વસ્તુઓને દૂર કરવા પર અજ્ર અને સવાબ (બદલા અને પુણ્ય)નું વચન આપવામાં આવ્યું છે, અને તકલીફદાયક વસ્તુ રાખનારને સજાની ધમકી સંભળાવવામાં આવી છે.

એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ મુસલમાન પર અનિવાર્ય કર્યું છે કે તે બીજાઓ માટે એ જ વસ્તુ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરે છે, અને તેના માટે એ વસ્તુ નાપસંદ કરે જે પોતે પોતાના માટે નાપસંદ કરે. તેથી અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى ۖ وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ ۖ

"એક-બીજાની મદદ નેકી અને તકવામાં કરતા રહો, અને ગુનાઓ અને અત્યાચારમાં એક-બીજાની મદદ ન કરો." (સૂરઃ માઈદા, ૩)

વધુમાં ઈરશાદ છે –

اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ فَاَصْلِحُوْا بَيْنَ اَخَوَيْكُمْ

"નિઃશંક, મુસલમાનો (પરસ્પર) ભાઈ-ભાઈ છે, તેથી પોતાના બે ભાઈઓ વચ્ચે સુધારણા (અને સુલેહ) કરવાનું રાખો." (સૂરઃ હુજુરાત, ૧૦)

ઉપરાંત, ફરમાવ્યું –

لَا خَيْرَ فِيْ كَثِيْرٍ مِّنْ نَّجْوٰىهُمْ اِلَّا مَنْ اَمَرَ بِصَدَقَةٍ اَوْ مَعْرُوْفٍ اَوْ اِصْلَاحٍۭ بَيْنَ النَّاسِ ۭ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ ابْتِغَاۗءَ مَرْضَاتِ اللّٰهِ فَسَوْفَ نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ۝

"ગુસપુસ વાતો ઘણી એવી છે જેમાં કોઈ ભલાઈ નથી. હા, અલબત્ત ભલાઈ એ છે કે કોઈ સદકા (દાન)નું પ્રોત્સાહન આપે અથવા કોઈ ભલાઈના કાર્યનું, અથવા લોકો દરમ્યાન સુધારણા અને સુલેહનું, અને જે કોઈ અલ્લાહની પ્રસન્નતા અને ખુશી પ્રાપ્ત કરવા માટે આવું કરશે, તો અમે તેને ટૂંક સમયમાં મહાન બદલો પ્રદાન કરીશું."

(સૂરઃ નિસા, ૧૧૪)

રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે –

"કોઈ વ્યક્તિ (પૂર્ણ) મોમિન નથી હોઈ શકતો, જ્યાં સુધી પોતાના ભાઈ માટે એ જ વસ્તુ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે છે." (રિવાયત : મુસ્લિમ)

તેથી આપ ﷺ એ હજ્જતુલ વિદાઅના મહાન ખુત્બા દરમ્યાન, જે આપ ﷺ એ પોતાના જીવનના અંતિમ દિવસોમાં આપ્યો હતો, અલ્લાહ તઆલાના ઉપરોક્ત આદેશોની પુષ્ટિ કરતાં ઈરશાદ ફરમાવ્યો –

"હે લોકો ! તમારો રબ (માલિક અને પાલનહાર) એક છે અને તમારા પિતા એક છે. ધ્યાનથી સાંભળો ! કોઈ આરબને કોઈ બિનઆરબ પર શ્રેષ્ઠતા અને પ્રાધાન્યતા નથી, ન કોઈ બિનઆરબને કોઈ આરબ પર, અને ન કોઈ કાળાને કોઈ ગોરા પર અને ન કોઈ ગોરાને કોઈ કાળા પર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે, પરંતુ તકવા (ઈશભય અને સંયમ) દ્વારા. શું મેં અલ્લાહનો આદેશ તમને પહોંચાડી દીધો ? બધા લોકોએ કહ્યું : આપ ﷺ એ સારી રીતે પહોંચાડી દીધો છે."

વધુમાં ફરમાવ્યું –

"નિઃશંક, તમારું લોહી અને તમારી સંપત્તિ અને તમારી ઈજ્જત-આબરૂ એવી જ રીતે હરામ (અવૈધ અને પ્રતિષ્ઠિત) છે, જે રીતે આ મહિનાનો આ દિવસ અને તમારા આ શહેરમાં, શું મેં પહોંચાડી નથી દીધું ?" સૌએ અરજ કરી : હા. પછી આપ ﷺ એ પોતાની આંગળી આકાશ તરફ ઉઠાવીને ફરમાવ્યું, "હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે."[૧]

૬. ઈસ્લામની આંતરિક રાજનીતિ :

અલ્લાહ તઆલાએ મુસલમાનોને એ આદેશ આપ્યો છે કે તેઓ પોતાનામાંથી જ કોઈની પસંદગી કરીને પોતાનો ઈમામ (નેતા) અને શાસક નિયુક્ત કરી લે અને તેના આજ્ઞાપાલન અને શાસનનો સ્વીકાર કરે અને સહમતી અને એકતાનું પ્રદર્શન કરે અને મતભેદ અને વિભાજનનો ભોગ ન બને અને એ રીતે એક ઉમ્મત હોવાનો પુરાવો આપે.

એ જ પ્રમાણે તેમને આદેશ આપ્યો કે તેઓ પોતાના ઈમામ અને શાસકનું અનુસરણ અને આજ્ઞાપાલન કરે. અલબત્ત, જ્યારે અલ્લાહ તઆલાની અવજ્ઞા પર મજબૂર કરે તો તેમાં તેનું અનુસરણ અને આજ્ઞાપાલન કરવામાં નહીં આવે, કેમ કે અલ્લાહ તઆલાની અવજ્ઞામાં કોઈ મખ્લૂકનું આજ્ઞાપાલન નથી.

અલ્લાહ તઆલાએ મુસલમાનને એ પણ આદેશ આપ્યો છે કે જ્યારે તે કોઈ

(૧) આ અવતરણો એ (આપ ﷺ ના) સર્વગ્રાહી અને મહાન ખુત્બાના છે, જે હદીસોના પુસ્તકોમાં જુદી-જુદી જગ્યાઓએ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

એવા શહેર કે દેશમાં રહે, જ્યાં પોતાના ઈસ્લામ પર અમલ ન કરી શકતો હોય અને ન સ્વતંત્રતાથી તેનું આમંત્રણ આપી શકે, ન પ્રચાર-પ્રસાર કરી શકે, તો તે ત્યાંથી ગમે તે ઈસ્લામી દેશ તરફ હિજરત કરી જાય, જ્યાં ઈસ્લામી કાનૂન અને શરીઅત લાગુ હોય, અને અલ્લાહ તૂઆલાએ અવતરિત કરેલ આદેશો અને કાનૂનો અનુસાર કોઈ મુસલમાન શાસન કરતો હોય, કેમ કે ઈસ્લામ પ્રાદેશિક સરહદો અને રાષ્ટ્રીય અને ભાષાકીય ભેદભાવ અને તફાવતોને નથી સ્વીકારતો, બલ્કે મુસલમાનની રાષ્ટ્રીયતા ઈસ્લામ છે, તમામ લોકો અલ્લાહના બંદા છે અને સમગ્ર ધરતીનો સર્જનહાર અને માલિક અલ્લાહ તૂઆલા છે. તેથી મુસલમાન જ્યાં મન હોય, કોઈપણ રુકાવટ વગર સ્વતંત્રતાથી અવર-જવર કરી શકે છે, શરત એ છે કે તે અલ્લાહ તૂઆલાના કાનૂનો પર અમલ કરતો હોય, અને જ્યારે તે અલ્લાહના નિયુક્ત કરેલ હદોનો વિરોધ કરે તો તેને ઈસ્લામી સજા આપવામાં આવશે. અલ્લાહની શરીઅત પર અમલ અને ઈસ્લામી હદોના અમલીકરણથી જ શાંતિ અને સુરક્ષાની સ્થાપના થઈ શકે છે, મુસલમાનોના અધિકારો સુરક્ષિત રહી શકે છે અને તેમના જાન અને માલ તેમજ ઈજ્જત અને આબરૂની રક્ષા થઈ શકે છે અને તેમાં જ ભલાઈ છે અને આ શરીઅતથી અવગણનાની સ્થિતિમાં દરેક બૂરાઈ જન્મ લઈ શકે છે.

શરાબની હુરમત (મનાઈ) : અલ્લાહ તૂઆલાએ માનવીય બુદ્ધિ અને ચેતનાની રક્ષા માટે નશીલી અને બેહોશી પેદા કરતી વસ્તુઓને હરામ (અવૈધ) ઠેરવી છે અને શરાબ પીવાવાળાની સજા ચાળીસથી એંશી કોરડા સુધી નિર્ધારિત કરવામાં આવી છે, જેથી આ કૃત્યથી લોકો અટકી જાય અને તેની બુદ્ધિ અને સમજની રક્ષા થઈ શકે. ઉપરાંત, તેઓ બીજા લોકો માટે શિક્ષાપ્રદ હોય અને તેઓ તેની બૂરાઈ અને દુષ્ટતાથી સુરક્ષિત રહી શકે.

હત્યાની હુરમત (મનાઈ) : એ જ પ્રમાણે અલ્લાહ તૂઆલાએ મુસલમાનોના પ્રાણ અને લોહીની રક્ષાને ધ્યાનમાં રાખીને નાહક (અનુચિત) હત્યાને હરામ ઠેરવેલ છે અને હત્યારાની સજા 'કિસાસ' (સમાન બદલા)ના રૂપમાં 'કતલ' ઠેરવી છે, અને ઈજાઓ માટે પણ 'કિસાસ' નક્કી કરી દેવામાં આવેલ છે. એ જ પ્રમાણે મુસલમાનને પોતાના પ્રાણ અને સંપત્તિ તથા ઈજ્જત અને આબરૂની રક્ષાનો પણ અધિકાર આપવામાં આવેલ છે. અલ્લાહ તૂઆલાનો ઈરશાદ છે –

وَلَكُمْ فِي الْقِصَاصِ حَيَوٰةٌ يَٰٓأُولِي الْأَلْبَٰبِ لَعَلَّكُمْ تَتَّقُونَ

''અને તમારા માટે હે બુદ્ધિશાળીઓ ! 'કિસાસ' (ના કાનૂન)માં જીવન છે, જેથી તમે મુત્તકી (અલ્લાહથી ડરનાર અને સંયમી) બની જાઓ.'' (સૂરઃ બકરહ, ૧૭૯)

ઉપરાંત, રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે –

''જે વ્યક્તિ પોતાના નફ્સ (જાત)ની સ્વરક્ષામાં માર્યો જાય તે શહીદ છે અને જે વ્યક્તિ પોતાના કુટુંબીજનોની રક્ષામાં માર્યો જાય તે શહીદ છે, અને જે વ્યક્તિ પોતાની સંપત્તિની રક્ષામાં માર્યો જાય તે શહીદ છે.''

ગીબત અને તહોમતની હુરમત (મનાઈ) : અલ્લાહ તઆલાએ મુસલમાનોની ઈજ્જત અને આબરૂની રક્ષા એ રીતે ફરમાવી કે મુસલમાનને પોતાના મુસલમાન ભાઈની ગેરહાજરીમાં એવી વાતો કહેવાની મનાઈ ફરમાવી છે, જે તેને અપ્રિય લાગે. (અર્થાત્ ગીબતની મનાઈ કરી છે.) એ જ પ્રમાણે કોઈ મુસલમાન પર કોઈ નૈતિક કે ચારિત્રીક ગુનાનો, જેમ કે વ્યભિચાર કે સમલૈંગિકતાનો આરોપ મૂકનારની સજા, જ્યાં સુધી તે આ આરોપને શરઈ રીતે સાબિત ન કરી દે, એંશી કોરડાની સજા નિર્ધારિત કરી છે.

વ્યભિચારની હુરમત : એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ મુસલમાનોની પેઢી અને વંશની રક્ષા માટે વ્યભિચાર અને નાજાઈઝ (ગેરકાયદેસર, અનુચિત, લગ્નેતર) જાતીય (અને યૌન) સંબંધોને હરામ (અવૈધ) કરેલ છે, અને આ નૈતિક ગુનાને ખૂબ મોટો ગુનો ઠેરવીને કઠોરતાથી તેની મનાઈ કરી છે, અને જ્યારે શરઈ રીતે આ સાબીત થઈ જાય તો તેની અત્યંત ભયાનક સજા નિશ્ચિત કરી છે, જેથી લોકો માટે બોધપાઠરૂપ બની રહે.

ચોરી અને છેતરપિંડી વગેરેની મનાઈ : અલ્લાહ તઆલાએ લોકોની માલ-મિલકતની રક્ષા હેતુસર ચોરી, છેતરપિંડી, જુગાર, લાંચ-રુશ્વત અને તે ઉપરાંત, તમામ નાજાઈઝ (અનુચિત અને ગેરકાયદેસર) રીતોથી કમાવેલ ધનદોલતને હરામ ઠેરવેલ છે, અને એ ખોટી પદ્ધતિઓ પર પ્રતિબંધ અને તેને અટકાવવા માટે ચોરી અને ધાડ-લૂટફાટ કરનારાઓને હાથ કાપવાની સજા નિર્ધારિત કરી છે જો આ ગુનામાં હાથ કાપવાની શરતો જોવા મળે, અને જો ગુનામાં ભલે હાથ કાપવાની શરતો પૂરી ન થાય પણ ચોરી સાબિત છે, તો પણ અમુક સજાઓ આપવામાં આવે, જેથી આવા લોકો આ પ્રકારના કૃત્યોથી અટકી જાય.

જે લોકો આ ઈસ્લામી સજાઓ અને શરઈ હદોની આલોચના કરે છે, તેમણે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આ કાનૂનો એ પવિત્ર હસ્તીએ નિર્ધારિત કરેલ છે, જે અસાધારણ જ્ઞાન અને તત્ત્વદર્શિતા અને બુદ્ધિમત્તાની માલિક છે અને તે પોતાના બંદાઓની પ્રકૃતિ અને સ્વભાવ તથા તેની સ્થિતિથી સૌથી વધારે વાકેફ છે, અને સાથે-સાથે તેમના પર અત્યંત કૃપા અને દયા કરવાવાળી છે, તેથી તેણે આ સજાઓને મુસલમાન ગુનેગારોના ગુનાઓ માટે કફ્ફારો (પ્રાયશ્ચિત) ઠેરવેલ છે અને સમાજને

તેમના અને બીજાઓની બૂરાઈ અને ઉપદ્રવથી સુરક્ષિત કરવાનું સાધન બનાવેલ છે.

જે લોકો હત્યારાને મૃત્યુ-દંડ અને ચોરના હાથ કાપવા પર વાંધો ઉઠાવે છે તેઓ વાસ્તવમાં એ 'સડી ગયેલ અંગ'ને કાપવા અંગે વાંધો ઉઠાવી રહ્યા છે, જેને જો ન કાપવામાં આવે તો તેના (દુષિત) જીવાણુઓ આખા સમાજમાં ફેલાઈ જશે અને એ રીતે આખો સમાજ નષ્ટ-વિનષ્ટ થઈ જશે,(૧) જ્યારે કે આ જ લોકો બીજી બાજુ પોતાના સડી ગયેલા અને બગડેલા હિતો અને સ્વાર્થો માટે નિર્દોષ લોકોને મારી નાખવા તથા અનુચિત અત્યાચાર અને લોહી વહાવવા માટે પ્રશંસા કરતા હોય છે.

૭. ઈસ્લામની આંતરરાષ્ટ્રીય રાજનીતિ :

અલ્લાહ તૂઆલાએ મુસલમાનોને અને તેમના શાસકોને એ આદેશ આપ્યો છે કે તેઓ બિનમુસ્લિમોને ઈસ્લામનું આમંત્રણ આપે, જેથી તેમને કુફ્ર અને શિર્કના અંધકારથી કાઢીને ઈમાન અને ઈસ્લામના પ્રકાશ તરફ લઈ જાય, અને દુનિયાના જીવનની ભૌતિક ગંદકીઓ અને ભ્રષ્ટતાઓ તથા વંચિતતાઓથી મુક્તિ અપાવીને એ આધ્યાત્મિક અને શુખી અને આત્મિક શાંતિ અને સંતોષથી લાભાન્વિત કરાવે, જેનાથી મુસલમાનો વાસ્તવિક રીતે આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે.

એ જ પ્રમાણે મુસલમાનને એ આદેશ છે કે તેઓ એક સદાચારી અને લાભપ્રદ વ્યક્તિ બનીને સમાજમાં રહે અને પોતાના ચરિત્ર અને સુધારાત્મક વલણ દ્વારા બગડેલા સમાજને ઠીકઠાક કરે અને સમસ્ત માનવતાને વિનાશથી બચાવે અને તેની ભલાઈ અને સહયોગમાં કોઈ કસર બાકી ન રાખે. આનાથી વિપરીત અન્ય માનવીય જીવન-વ્યવસ્થાઓ, જે મનુષ્યથી એવી માંગણી તો કરે છે કે તે એક સારો નાગરિક બનીને રહે, પણ બીજાઓની સુધારણા અને કલ્યાણની જવાબદારી પોતાના શિરે લેતી નથી.

આ એ વાતની સ્પષ્ટ અને ખુલ્લી દલીલ છે કે માનવી દ્વારા મનઘડત અને સ્વરચિત જીવન-વ્યવસ્થાઓ કેટલી ત્રુટિપૂર્ણ, અપૂર્ણ અને દૂષિત છે, અને ઈસ્લામની જીવન-વ્યવસ્થા કેટલી પરિપૂર્ણ અને સદાચારી છે.

એ જ પ્રમાણે અલ્લાહ તૂઆલાએ મુસલમાનોને એ આદેશ આપ્યો છે કે તેઓ અલ્લાહ તઆલાના દુશ્મનોનો સામનો કરવા માટે પોતાની તમામ યોગ્યતાઓ અને સામર્થ્યને કામમાં લગાવે, જેથી ઈસ્લામ અને મુસલમાનોની સુરક્ષા કરી શકાય અને અલ્લાહ અને તેમનાં દુશ્મનોને આધીન અને ભયભીત કરી શકાય. એ જ પ્રમાણે અલ્લાહ

(૧) બીમારના શરીરના સડી ગયેલા અંગને કાપી નાખવું વધારે સારું છે, જેની માગણી સ્વયં બીમાર અને તેના કુટુંબીજનો કરતા હોય છે, જેથી આખું શરીર સારું અને સ્વસ્થ રહે.

તઆલાએ બિનમુસ્લિમો સાથે જરૂર પડે તો સુલેહ અને સંધિ કરવાની પરવાનગી આપી છે, જે શરઈ સિદ્ધાંતો અને નિયમો અનુસાર હોય, અને તેમને વચન-ભંગની મનાઈ કરી છે, સિવાય કે દુશ્મન પોતે જ વચન-ભંગ કરવા લાગે અથવા એવા કૃત્યો કરે અને એવી સ્થિતિ ઊભી કરી દે, જે કરાર અને સુલેહના તદ્દન વિરુદ્ધ હોય.

કતલ કરતાં અને યુદ્ધ કરતાં પહેલા મુસલમાનોને એ આદેશ આપ્યો છે કે પહેલા કાફિરો અને મુશ્‌રિકોને ઈસ્લામનું આમંત્રણ આપે, જો તેઓ તેનાથી ઈન્કાર કરી દે, તો તેમના પાસેથી જિઝ્‌યા (રક્ષા-કર) આપવા અને ઈસ્લામી કાનૂનોના પાલન કરવાની માંગણી કરવામાં આવે, જો તેઓ આનો પણ ઈન્કાર કરી દે, તો કુફ્ર અને શિર્ક તથા અન્યાય અને અત્યાચારના ઉપદ્રવોને નાબૂદ કરવા માટે તેમનાથી યુદ્ધ કરે, જેથી માત્ર અલ્લાહ તઆલાના દીન (ધર્મ)ની બોલબાલા થાય.

એ જ પ્રમાણે યુદ્ધ દરમ્યાન મુસલમાનોને આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો અને ઉપાસનાગૃહોમાં રહેતા સંન્યાસીઓ-તપસ્વીઓને હેરાન ન કરે, સિવાય કે આ લોકો કાફિરો અને મુશ્‌રિકોની સાથે કોઈપણ પ્રકારનો સહયોગ કરતા હોય. એ જ પ્રમાણે કેદીઓની સાથે પણ સદ્‌વર્તનનો આદેશ છે.

આ શિક્ષાઓ અને આદેશોથી સારી રીતે ખ્યાલ આવે છે કે ઈસ્લામી જિહાદ અને યુદ્ધોનો ઉદ્દેશ્ય લૂટફાટ કે વર્ચસ્વ પ્રાપ્ત કરવાનો નથી કે નાજાઈઝ (અનુચિત) લાભ ઉઠાવવાનો નથી, બલ્કે તેના અત્યંત મહાન, નિઃસ્વાર્થ અને પવિત્ર હેતુઓ અને ઉદ્દેશ્યો છે, અને તે છે સત્ય-દીનનો પ્રચાર અને પ્રસાર તથા માનવતા સાથે દયા અને કૃપા તેમજ માનવ-જાતને માનવોની ગુલામીમાંથી કાઢીને સર્જનહાર અને માલિક અલ્લાહની બંદગીમાં દાખલ કરવાં.

૮. ઈસ્લામમાં સ્વતંત્રતા :

(૧) – ધાર્મિક સ્વતંત્રતા : અલ્લાહ તઆલાએ બિનમુસ્લિમોને જેઓ ઈસ્લામી વ્યવસ્થા આધીન આવી જાય, ધાર્મિક સ્વતંત્રતા આપી છે. તેમને ઈસ્લામી આસ્થાઓ અને આદેશોથી પરિચિત કરી દેવામાં આવે અને ઈસ્લામનું આમંત્રણ આપવામાં આવે. તે પછી જેનું મન ચાહે, દીને-ઈસ્લામ સ્વીકારીને દીન અને દુનિયાની ખુશી અને સફળતા પ્રાપ્ત કરે, અને જે કોઈ વ્યક્તિ પોતાના બાપ-દાદાઓના ધર્મ પર રહીને દુર્ભાગ્ય અને આખિરતના અઝાબને પાત્ર બનવા ચાહે, તો તેને પણ પૂરેપૂરો અધિકાર છે, અને આ રીતે તેના પર હુજ્જત (પ્રમાણ) સ્થાપિત થઈ ગઈ. હવે તેને અલ્લાહ તઆલા સામે એ દલીલ કે બહાનુ રજૂ કરવાનો કોઈ અવકાશ નહીં હોય કે તેને સંદેશ નહોતો પહોંચ્યો.

હવે મુસલમાનો તેને તેના પૂર્વ ધર્મ પર છોડી દેશે અને તેના પ્રાણ અને તેની

સંપત્તિની રક્ષાના અવેજમાં તેનાથી જિઝ્યા વસૂલ કરશે. તે સમસ્ત ઈસ્લામી કાનૂનને પાબંદ હશે અને મુસલમાનો સામે પોતાની કુફ્ર અને શિર્કની ઓળખ અને પ્રતીકોનું પ્રદર્શન નહીં કરે.

પરંતુ કોઈ મુસલમાન જો દીને-ઈસ્લામનો સ્વીકાર કર્યા પછી 'મુર્તદ' થઈ જાય, (અર્થાત્ દીનથી ફરી જાય), તો તેની સજા મૃત્યુ-દંડ છે, એટલા માટે કે તે આ ભયાનક અપરાધના કારણે જીવંત રહેવાનો અધિકાર રાખતો નથી. હા, જો તે તૌબા (પ્રાયશ્ચિત) કરીને અને માફી માંગીને ફરીથી ઈસ્લામમાં દાખલ થઈ ગયો, તો તેની તૌબાને કબૂલ કરવામાં આવશે.

જો કોઈએ ઈસ્લામથી કાઢી નાખનાર અને બાકાત કરી નાખનાર વસ્તુઓમાંથી કોઈ એક વસ્તુનું પણ આચરણ કરી લીધું, તો તેનાથી 'તૌબા' કરે અને ફરીથી ન કરવાનો પાકો નિર્ધાર અને ઈરાદો કરે.

ઈસ્લામથી બાકાત કરી નાખનારી વસ્તુઓ :

ઈસ્લામથી બાકાત કરી નાખનારી વસ્તુઓ ઘણી છે, જેમાંથી પ્રચલિત આ છે –

1 – અલ્લાહ ત્આલાની જાત અને ગુણો તેમજ ઈબાદતમાં બીજાઓને ભાગીદાર બનાવવા, ચાહે પોતાના અને અલ્લાહ ત્આલા વચ્ચે કોઈને વાસ્તો (માધ્યમ) અને 'સિફારીશ કરનાર (ભલામણકર્તા) બનાવીને કેમ ન હોય; જેને તે પોકારે અને સામીપ્ય પ્રાપ્ત કરે અને ભલામણની દરખાસ્ત કરે, ચાહે તે અલ્લાહની ખુદાઈનો મૌખિક અને વ્યવહારૂ એકરાર કરે, મા'બૂદ (ઉપાસ્ય) અને ઈબાદતનો અર્થ જાણવાને કારણે કરે, જેમ કે અજ્ઞાનતા-કાળના મુશ્રિકો કરતા હતા, જેમણે પોતાના પૂર્વજોના નામે એવી મૂર્તિઓ બનાવી રાખી હતી જેમની શફાઅત (ભલામણ)ના આશયથી ઈબાદત કરતા હતા.

અથવા, એ એકરાર ન કરે કે તે માધ્યમ મા'બૂદ (ઉપાસ્ય) છે અને તેમનું આ કૃત્ય ઈબાદત છે, જેમ કે આજના કથિત મુસલમાનોની સ્થિતિ છે, જેમને જો તૌહીદની આસ્થાનું આમંત્રણ આપવામાં આવે તો તેનો સ્વીકાર કરતા નથી. તેઓ એ ખોટા ભ્રમમાં છે કે શિર્ક તો માત્ર મૂર્તિઓની સામે સિજદો કરવાનું નામ છે, અથવા એ કોઈ બંદો કોઈ ગૈરુલ્લાહ વિશે એમ કહે કે આ મારો મા'બૂદ છે.

આવા લોકોનું ઉદાહરણ એ વ્યક્તિ જેવું છે, જેઓ શરાબને બીજું નામ આપીને પીવે છે, જેની જરૂરી વિગત અગાઉ આવી ચૂકી છે.

અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે –

إِنَّا أَنزَلْنَا إِلَيْكَ الْكِتَابَ بِالْحَقِّ فَاعْبُدِ اللَّهَ مُخْلِصًا لَّهُ الدِّينَ ﴿٢﴾ أَلَا لِلَّهِ الدِّينُ الْخَالِصُ ۚ وَالَّذِينَ اتَّخَذُوا مِن دُونِهِ أَوْلِيَاءَ مَا نَعْبُدُهُمْ إِلَّا لِيُقَرِّبُونَا إِلَى اللَّهِ زُلْفَىٰ إِنَّ اللَّهَ يَحْكُمُ بَيْنَهُمْ فِي مَا هُمْ فِيهِ يَخْتَلِفُونَ ۗ إِنَّ اللَّهَ لَا يَهْدِي مَنْ هُوَ كَاذِبٌ كَفَّارٌ ﴿٣﴾

''તમે વિશુદ્ધ રૂપે વિશ્વાસ કરીને અલ્લાહની જ ઈબાદત કરતા રહો. યાદ રાખો, ઈબાદત વિશુદ્ધ રૂપે અલ્લાહ માટે જ છે અને જે લોકોએ તેના સિવાય અન્ય ભાગીદારો બનાવી રાખ્યા છે (એટલા માટે) કે અમે તો તેમની પૂજા બસ એટલા માટે કરીએ છીએ કે આ અમને અલ્લાહના નિકટ કરી દે. નિઃશંક, અલ્લાહ તેમના વચ્ચે ફેંસલો કરી દેશે, જે વાતમા આ લોકો પરસ્પર મતભેદ કરી રહ્યા છે. નિઃશંક, અલ્લાહ એ લોકોને સીધા માર્ગ પર નથી લાવતો, જે જૂઠો હોય, કૃતઘ્ન અને નિમકહરામ હોય.''

(સૂરઃ ઝુમર, ૨-૩)

બીજી જગ્યાએ ઈરશાદ છે –

ذَٰلِكُمُ اللَّهُ رَبُّكُمْ لَهُ الْمُلْكُ ۚ وَالَّذِينَ تَدْعُونَ مِن دُونِهِ مَا يَمْلِكُونَ مِن قِطْمِيرٍ ﴿١٣﴾ إِن تَدْعُوهُمْ لَا يَسْمَعُوا دُعَاءَكُمْ وَلَوْ سَمِعُوا مَا اسْتَجَابُوا لَكُمْ ۖ وَيَوْمَ الْقِيَامَةِ يَكْفُرُونَ بِشِرْكِكُمْ ۚ وَلَا يُنَبِّئُكَ مِثْلُ خَبِيرٍ ﴿١٤﴾

''આ જ અલ્લાહ તમારો રબ છે, તેની જ સત્તા છે, અને જેમને તમે અલ્લાહ સિવાય પોકારો છો તેઓ ખજૂરના ઠળિયાની છાલ બરાબર પણ અધિકાર ધરાવતા નથી. જો તમે તેમને પોકારો તો તેઓ તમારી પોકાર નહીં સાંભળે, અને જો સાંભળી પણ લે તો તમારું કહ્યું નહીં કરી શકે, અને કયામતના દિવસે તેઓ તમારા શિર્ક કરવાનો ઈન્કાર કરી દેશે અને તને (અલ્લાહ) સર્વજ્ઞ જેવું કોઈ નહીં બતાવે.''

(સૂરઃ ફાતિર, ૧૩-૧૪)

2 – મુશ્રિકો અને અન્ય કાફિરો, જેમ કે યહૂદીઓ, ખ્રિસ્તીઓ, નાસ્તિકો, અગ્નિપૂજકો અને એ તાગૂતી શક્તિઓ, જેઓ અલ્લાહના કાનૂનો સિવાયથી ફેંસલાઓ અને શાસન કરે છે અને અલ્લાહના આદેશોનો વિરોધ કરે છે, તો જે વ્યક્તિ જાણવા છતાં તેમને કાફિર ન સમજે તે પોતે પણ કાફિર થઈ ગયો.

3 – જેણે શિર્ક પર આધારિત જાદૂ, મંત્ર-તંત્ર પોતે કર્યું, કે કરવાવાળાને સાચો સમજ્યો તેનો સમાવેશ કાફિરોમાં થશે.

4 – એ શ્રદ્ધા રાખવી કે કોઈ બીજી શરીઅત કે વ્યવસ્થા, ઈસ્લામી શરીઅતથી વધારે પૂર્ણ અને શ્રેષ્ઠ છે, અથવા એ કે કોઈ અન્યનો ફેંસલો આપ ﷺ ના ફેંસલાથી વધારે સારો છે, અથવા ગૈરઈલાહી કાનૂનથી ફેંસલો લેવો જાઈઝ છે.

5 – રસૂલુલ્લાહ ﷺ થી ઘૃણા અને દ્વેષ રાખવું અથવા આપ ﷺ દ્વારા લાવવામાં આવેલ વાતોમાંથી કોઈ વાતને ઘૃણાસ્પદ સમજવી.

6 – જાણીજોઈને અલ્લાહના દીનની મજાક ઉડાવવી.

7 – ઈસ્લામના વિજય અને વર્ચસ્વને નાપસંદ કરવું અને તેના પરાજય અને પીછેહઠ પર ખુશીનું પ્રદર્શન કરવું.

8 – કાફિરોથી મિત્રતા અને તેમનું સમર્થન તેમજ મુસલમાનો વિરુદ્ધ એ જાણવા છતાં તેમની મદદ કરવી કે કાફિરોથી મિત્રતા રાખનાર તેમનાં જ જૂથમાં સામેલ ગણાશે.

9 – એવું માનવું કે મને મુહમ્મદી શરીઅતનું ઉલ્લંઘન કરવાની પરવાનગી છે, જ્યારે કે કોઈ વ્યક્તિ માટે કોઈપણ મામલામાં રસૂલુલ્લાહ ﷺની શરીઅતથી જરાપણ ઉલ્લંઘન કરવાનો અવકાશ નથી.

10 – અલ્લાહ તૂઆલાના દીનની અવગણના કરવી, તેથી જેણે જાણીજોઈને ઈસ્લામની અવગણના કરી, અર્થાત્ ન તેનું શિક્ષણ પ્રાપ્ત કર્યું અને ન તેના પર અમલ કર્યો, તે કાફિર છે.

11 – ઈસ્લામના કોઈ એવા આદેશનો ઈન્કાર, જેના પર સૌની સહમતી હોય, અને તેના જેવા લોકો માટે એ આદેશ છૂપો ન હોય. આવા વિચલનની અસંખ્ય દલીલો કુર્આન અને સુન્નતમાં જોવા મળે છે.

(૨) – **વૈચારિક સ્વતંત્રતા :** ઈસ્લામે વૈચારિક સ્વતંત્રતાની પૂર્ણ અનુમતી આપી છે, શરત એ છે કે આ સ્વતંત્રતા ઈસ્લામી શિક્ષાઓથી ટકરાતી ન હોય. તેથી મુસલમાનને એ આદેશ છે કે સત્ય વાત કહેવામાં કોઈની પરવા ન કરે, બલ્કે તેને સૌથી સારો જિહાદ કહેવામાં આવેલ છે. એ જ પ્રમાણે તેને એ આદેશ છે કે પોતાના શાસકોને ભલાઈમાં સલાહ-સૂચન આપે અને સારી વાતોની શિખામણ કરે અને ખરાબ વસ્તુઓની મનાઈ કરે, અને અસત્યના ઝંડાધારીઓનો વિરોધ કરે, તેમને તેનાથી રોકે, અને કોઈનાય અભિપ્રાય અંગે ધ્યાનમાં રાખવાની આ સૌથી ઉત્તમ વ્યવસ્થા છે.

રહ્યા એ વિચારો અને દષ્ટિકોણો, જે ઈસ્લામી શરીઅતના વિરોધી અને ટકરાતા

હોય, તો તેના પ્રચાર-પ્રસારની તદ્દન પરવાનગી નથી, કેમ કે આ સરાસર બગાડ અને વિનાશ અને સત્યનું નિર્મૂલન છે.

(૩) – **વ્યક્તિ સ્વાતંત્ર્ય :** અલ્લાહ તઆલાએ ઈસ્લામી શરીઅતની હદોની અંદર રહેતાં મુસલમાનને અંગત અને વ્યક્તિગત સ્વતંત્રતા આપેલ છે. તેથી કોઈ વ્યક્તિ, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, પોતાના વ્યવહારો અને મામલાઓમાં સંપૂર્ણ સ્વતંત્ર છે અને આ આઝાદીના કારણે ખરીદ-વેચાણ, હિબા (ભેટ, બક્ષિસ), વક્ફ (ધર્માદા), માફી અને દરગુજર, ઉપરાંત જીવનસાથીની પસંદગી કરવા અને અન્ય ઘણા દીની અને દુન્યવી મામલાઓનો અધિકાર રાખે છે. તેને કોઈ મજબૂર કરી શકતું નથી. અલબત્ત, સ્ત્રી કોઈ એવા પુરુષ સાથે નિકાહ (લગ્ન) નથી કરી શકતી જે દીનમાં તેના સમાન ન હોય, જેથી તેની શ્રદ્ધા અને સભ્યતાની રક્ષા થઈ શકે, અને આ પાબંદી સ્વયં તેની અને તેના પરિવારની ભલાઈ માટે છે. સ્ત્રીનો 'વલી' (પેઢીની રીતે તેનો સૌથી નજીકનો વ્યક્તિ કે તેનો પ્રતિનિધિ કે વાલી) જ તેના નિકાહના બંધનનો જવાબદાર હશે, કેમ કે સ્ત્રી પોતે પોતાનો નિકાહ સીધેસીધા નથી કરી શકતી, એટલા માટે કે તે વ્યભિચારી સ્ત્રી જેવી ન થઈ જાય, અને તેની શિષ્ટતા અને સભ્યતા તેમજ ઈજ્જત અને આબરૂ તથા શરમ અને લજ્જા પર આંચ ન આવે. તેથી 'વલી' થવાવાળા પતિને કહેશે કે મેં ફલાણીનો નિકાહ તમારાથી કરી દીધો, અને તેના જવાબમાં તે સાક્ષીઓની હાજરીમાં એમ કહેશે કે મેં સ્વીકાર કર્યો.

ઈસ્લામ મુસલમાનને એ પરવાનગી નથી આપતો કે તે શરઈ હદો અને કાનૂનનું ઉલ્લંઘન કરે, કેમ કે તે અને સમગ્ર સૃષ્ટિ અલ્લાહ તઆલાની મિલ્કત છે. તેથી આ કાનૂની હદોની અંદર રહેતાં મામલાઓ અને વ્યવહારો કરે, જેને અલ્લાહ તઆલાએ દયા અને સૌભાગ્યનું માધ્યમ બનાવેલ છે. જે તેના પર અમલ કરે તે માર્ગદર્શન-પ્રાપ્ત અને સફળ થયો અને જેણે તેનો વિરોધ કર્યો તે દુર્ભાગી અને પાયમાલ થયો. તેથી અલ્લાહ તઆલાએ વ્યભિચાર, સમલૈંગિકતા, આત્મ-હત્યા અને અલ્લાહના સર્જનમાં ફેરફાર અને પરિવર્તન કરવાના કૃત્યને કઠોરતાથી હરામ (અવેધ) ઠરાવેલ છે.

જ્યાં સુધી નખ કાપવા, મૂંછ કતરાવવી, ડુંટી નીચે વાળ સાફ કરવા, બગલના વાળ સાફ કરવા અને ખત્ના કરવવાનો સંબંધ છે, તો તે એટલા માટે કરે છે કે અલ્લાહ તઆલાએ તે કરવાનો આદેશ આપ્યો છે.

ઈસ્લામે મુસલમાનોને અલ્લાહના દુશ્મનોનું એ વસ્તુઓમાં અનુકરણ કરવાની મનાઈ કરી છે, જે તેમની વિશિષ્ટતામાંથી હોય, કેમ કે બાહ્ય અનુકરણથી આંતરિક રીતે સંબંધ અને હૃદયમાં પ્રેમ પેદા થઈ જાય છે અને અલ્લાહ તઆલા મુસલમાનોથી એ

અપેક્ષા રાખે છે કે તેઓ સાચી ઈસ્લામી વિચારધારા અને દૃષ્ટિબિંદુનું પ્રતિબિંબ હોય, રદ કરવા લાયક વિચારો અને દૃષ્ટિકોણોનું સંગ્રહ-સ્થાન ન હોય. એ જ રીતે તેઓ બીજા લોકો માટે સારા નમૂના હોય, તેમના અનુપાલક ન હોય.

એ જ પ્રમાણે ઈસ્લામે મુસલમાનોને ઔદ્યોગિક નિર્માણ અને વિકાસ અને બૌદ્ધિક-વૈજ્ઞાનિક અન્વેષણ અને સંશોધન તેમજ ઉચ્ચ વિદ્યાઓ અને હુન્નરને પ્રાપ્ત કરવાનો આદેશ આપ્યો છે, અને બિનમુસ્લિમોથી પણ લાભાન્વિત થવા અને તેમનાથી શીખવામાં કોઈ અવરોધ રાખ્યો નથી, કેમ કે અલ્લાહ તઆલા જ માનવીનો સાચો શિક્ષક છે.

તેથી ઈરશાદ છે –

عَلَّمَ الْإِنْسَانَ مَا لَمْ يَعْلَمْ ۝

"મનુષ્યને એ વાતો શિખવાડી, જે તે જાણતો ન હતો." (સૂરઃ અલક, ૫)

અને, માનવીના વ્યક્તિ-સ્વાતંત્ર્યથી ફાયદો ઉઠાવવા, તેની કાબેલિયતને સુરક્ષિત રાખવા અને સ્વયં તેની અને બીજાઓની બૂરાઈથી બચાવવામાં માનવીની સુધારણા અને ભલાઈનું આ સૌથી ઉચ્ચ સ્થાન છે.

(૪) – રહેવાનું સ્વાતંત્ર્ય : અલ્લાહ તઆલાએ મુસલમાનને ઘરની અંદર રહેતી વખતે સ્વતંત્ર રાખ્યો છે. તેથી કોઈ બીજા વ્યક્તિને તેની અનુમતી વગર ઘરમાં ઝાંકવા કે દાખલ થવાની પરવાનગી નથી.

(૫) – આર્થિક સ્વાતંત્ર્ય : અલ્લાહ તઆલા મુસલમાનોને આજીવિકા શોધવા અને તેના ખર્ચના સંદર્ભમાં શરઈ હદોની અંદર રહેતાં સ્વતંત્ર રાખ્યો છે. તેથી તેને કામ કરવા, કમાવા અને મહેનત-મજૂરી કરવાનો આદેશ આપ્યો છે, જેથી પોતાનું અને પોતાના કુટુંબીજનોનું ભરણ-પોષણ કરી શકે, વધુમાં ભલાઈ અને પરોપકારના રસ્તામાં ખર્ચ કરે, તેના સામે હરામ કમાણી જેવા વ્યાજ, જુગાર, લાંચ-રુશ્વત, ચોરી, જાદૂ અને મંત્ર-તંત્રનું વળતર, શરાબનું વેચાણ, વ્યભિચાર, સમલૈંગિકતા, જીવંત વસતુઓની ફોટોગ્રાફી, આનંદ-પ્રમોદના સાધનોની કમાણી અને નાચગાનથી પ્રાપ્ત તમામ નાણા, ધનદોલતને હરામ ઠરાવેલ છે. જે રીતે આ માર્ગોથી કમાવું હરામ કરેલ છે, એ જ રીતે આ માર્ગોમાં સહયોગ કરવું પણ હરામ કરેલ છે. તેથી મુસલમાન માટે આવશ્યક છે કે તે માત્ર ભલાઈના અને જાઈઝ કાર્યોમાં ખર્ચ કરે.

અને, આ માનવી માટે કમાવા અને ખર્ચ કરવાના મામલામાં માર્ગદર્શન અને ભલાઈ તથા સુધારણાનો સૌથી ઉચ્ચ દરજ્જો છે, જેથી હલાલ (વૈધ) કમાણી દ્વારા તે ધનવાન બનીને સુખી જીવન વિતાવી શકે.

૯. ઈસ્લામની કૌટુંબિક વ્યવસ્થા :

અલ્લાહ તઆલાએ ઈસ્લામી શરીઅતમાં પારિવારિક વ્યવસ્થાને અસાધારણ ખૂબીઓની સાથે રેખાંકિત અને સંચાલિત કરી દીધી છે, અને તે એવી સર્વગ્રાહી અને પૂર્ણ છે, જેના પર અમલ કરવાવાળાઓને દરેક પ્રકારની રાહત અને ખુશી પ્રાપ્ત થાય છે. તેના સિદ્ધાંતો અને બાબતો નીચે દર્શાવવામાં આવેલ છે :

(૧) – માતા-પિતાના અધિકારો : અલ્લાહ તઆલાએ દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી પર માતા-પિતાની સાથે સદ્‌વ્યવહાર અને તેમની સેવા અને આજ્ઞાપાલન આવશ્યક ઠરાવેલ છે, જેથી તેઓ તેમનાથી રાજી અને ખુશ રહે, કેમ કે તેમની ખુશી અલ્લાહ તઆલાની ખુશી છે.

એ જ પ્રમાણે માતા-પિતાથી દૂર રહેનાર વ્યક્તિ માટે તેમની વારંવાર ઝ્યારત (દર્શન) કરવી, તેમની સેવા કરવી અને જરૂરતમંદ હોય તો તેમનું ભરણ-પોષણ કરવું અને રહેઠાણ ઉપલબ્ધ કરવું જરૂરી ઠરાવેલ છે, અને આવું કરનારાઓ માટે અજ્ર અને સવાબનું વચન આપવામાં આવ્યું છે.

એ જ પ્રમાણે અલ્લાહ તઆલાએ એ લોકોને અઝાબ અને પ્રકોપને પાત્ર બતાવ્યા છે, જેઓ માતા-પિતાની અવજ્ઞા કરે છે અને તેમની સેવા અને જરૂરતો પૂરી કરવામાં નિષ્કાળજી દાખવે છે.

(૨) – પતિ-પત્નીના અધિકારો : અલ્લાહ તઆલાએ નિકાહનો શરઈ હુકમ આપ્યો છે અને તેનો ઉદ્દેશ્ય અને તત્ત્વદર્શિતા સ્વયં કુર્આને-કરીમ અને નબી કરીમ ﷺ દ્વારા સ્પષ્ટ કરી છે, જેમાં કેટલીક વાતો નીચે પ્રમાણે છે :

– નિકાહથી પવિત્ર અને આબરૂભર્યું જીવન પ્રાપ્ત થાય છે.

– વ્યભિચાર અને સમલૈંગિકતાથી વ્યક્તિ સુરક્ષિત રહે છે.

– ખરાબ દૃષ્ટિથી વ્યક્તિ સુરક્ષિત રહે છે.

– નિકાહ પછી પુરુષ અને સ્ત્રી બંનેને શાંતિ તથા સંતોષ પ્રાપ્ત થાય છે, કેમ કે અલ્લાહ તઆલાએ દંપતિ દરમ્યાન સ્નેહ અને પ્રેમ મૂક્યા છે.

– મુસલમાનોની સંખ્યામાં વધારો થાય છે અને એક પવિત્ર અને નિર્મળ સમાજનું નિર્માણ થાય છે.

– દાંપત્ય જીવનથી પતિ-પત્નીમાં કાર્ય-વહેંચણી થાય છે. એ રીતે પુરુષ બહારના કાર્યો અને આજીવિકા માટે જવાબદાર હોય છે અને સ્ત્રી ઘરના અંદરની બાબતો અને ગર્ભ અને જન્મ, બાળકોનું પાલન-પોષણ અને ઉછેર, પ્રશિક્ષણ, સફાઈ-સ્વચ્છતા,

રસોઈ તૈયાર કરવી વગેરે બાબતો માટે જવાબદાર હોય છે. આમ, જ્યારે પતિ થાકીને ઘરમાં દાખલ થાય છે તો પત્ની તેના માટે રાહત અને શાંતિ ઉપલબ્ધ કરાવે છે અને તે પોતાના કુટુંબીજનોથી ખુશી અને સંતોષનો અનુભવ કરે છે અને બધો થાક તેમજ દુઃખદર્દ ભૂલી જાય છે, અને આ રીતે ઘર આનંદમય અને સુખી બની રહે છે.

જો કોઈ ઉચિત અને યોગ્ય પરિસ્થિતિ અને અવકાશ હોય તો સ્ત્રી માટે કામ કરવું અને ઘરેલુ ખર્ચાઓમાં પતિને સહયોગ આપવું જાઈઝ છે, પરંતુ તેના માટે નીચે મુજબની કેટલીક શરતો છે :

એક – સ્ત્રીનું કાર્ય-સ્થળ પુરુષોથી અલગ હોય, એ રીતે કે પરસ્પર મેળમેળાપ ન થાય, જેમ કે ઘરની અંદર અથવા પોતાના કોઈ બગીચામાં અથવા પતિના કોઈ ફાર્મ વગેરેમાં જ્યાં સ્ત્રી-પુરુષ ભેગા ન હોય, અને જ્યાં ભેગા હોય જેમ કે કારખાના, દુકાન, કાર્યાલય, તો એવી જગ્યાએ તદ્દન તેને કામ કરવાની અનુમતી નથી, અને ન તેના પતિ, કે માતા-પિતા, કે સગાવહાલાને હક્ક છે કે તેઓ તેની પરવાનગી આપે, કેમ કે આવું કરવું સ્વયં ફિત્ના (ઉપદ્રવ)માં પડવા અને બીજાઓને તેમાં ગ્રસ્ત કરવા અને આખા સમાજમાં બગાડ ઊભો કરવા બરાબર છે.

સ્ત્રી જ્યાં સુધી પોતાના ઘરમાં સુરક્ષિત અને પરદામાં તેમજ શાંતિ અને સલામતીમાં રહે છે, ત્યાં સુધી દુષ્ટ લોકો દુષ્ટતા આચરી નથી શકતા, અને ગુનેગાર લોકો ખરાબ દૃષ્ટિ નાખી નથી શકતા. પરંતુ તેનાથી વિપરીત જ્યારે સ્ત્રી લોકો દરમ્યાન નીકળી પડે છે, તો પોતાની કીમતી દોલત - ઈજ્જત અને આબરૂ ખોઈ બેસે છે અને એ બકરીની જેમ થઈ જાય છે જે જંગલી પ્રાણીઓ દરમ્યાન ફસાઈ જાય. પછી થોડી વારમાં જ તેના શીલ અને પવિત્રતાના તાણાવાણા તાર-તાર થઈ જાય છે અને તે દુષ્ટ લોકો તેની ઈજ્જત અને આબરૂને ધૂળમાં મેળવી દે છે.

(૩) – **બહુપત્નીત્વ :** ઈસ્લામે બહુપત્નીત્વની અનુમતી આપી છે. જો કોઈ વ્યક્તિ એક સ્ત્રીથી સંતુષ્ટ ન હોય તો અલ્લાહ તઆલાએ તેને ચાર લગ્નો સુધી પરવાનગી આપેલ છે, શરત એ છે કે તેમના વચ્ચે ભરણ-પોષણ, રહેઠાણ અને રાત્રિ વિતાવવામાં ન્યાય અને ઈન્સાફથી કામ લે, અને જ્યાં સુધી હૃદયના પ્રેમ અને લગાવનો સંબંધ છે, તો તેમાં સમાનતા શરત નથી, કેમ કે તે માનવીની શક્તિની વાત નથી, તે તેમાં મજબૂર છે, અને આવી સમાનતા રાખવાની શક્તિના સંદર્ભમાં અલ્લાહ તઆલાએ પોતાના આ ઈરશાદથી ખંડન કર્યું છે –

وَلَنْ تَسْتَطِيعُوٓا أَنْ تَعْدِلُوا بَيْنَ النِّسَآءِ وَلَوْ حَرَصْتُمْ

"અને તમારાથી એ તો થઈ શકતું જ નથી કે તમે પત્નીઓ દરમ્યાન (પૂરેપૂરો) ન્યાય કરો, ચાહે તમે તેની (ગમે તેટલી) ઈચ્છા રાખતા હોવ." (સૂરઃ નિસા, ૧૨૯)

આમ, પત્નીઓ વચ્ચે પૂરેપૂરો ન્યાય અને સમાનતા માનવીના સામર્થ્યમાં નથી, તેથી તે નિંદનીય નથી, કેમ કે આ દિલની ભાવના અને લાગણીની બાબત છે. તેમ છતાં તેને બહુપત્નીત્વના વિરુદ્ધ દલીલ ન ગણી શકાય.

અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામ માટે એકથી વધારે પત્નીઓની છૂટ આપી હતી. આ છૂટ દરેક એ વ્યક્તિ માટે છે જે પત્નીઓ વચ્ચે ન્યાય કરવાની શક્તિ રાખતો હોય, કેમ કે અલ્લાહ તઆલા પુરુષો અને સ્ત્રીઓના હિતો અને તેમના સ્વભાવ અને શોખથી સૌથી વધારે વાકેફ છે અને તેને ધ્યાનમાં રાખીને આદેશો અવતરિત કરે છે. તેથી એક તંદુરસ્ત અને સ્વસ્થ સ્વભાવનો વ્યક્તિ એટલી જાતીય શક્તિ અને યોગ્યતા ધરાવે છે કે તે ચાર સ્ત્રીઓને એકી સાથે રાખી શકે અને તેમને ઈજ્જત અને આબરૂભેર જીવન આપી શકે. જો ખ્રિસ્તીઓ[૧]ના ધર્મ અનુસાર એક પત્ની સુધી દાંપત્ય જીવનને સીમિત અને કેદ કરી દેવામાં આવે, જેનો નારો કેટલાક કથિત મુસલમાનો પણ બુલંદ કરે છે, તો તેનાથી નીચે દર્શાવેલ બગાડ ઊભો થશે :

એક – જો કોઈ મોમિન સાચો અને મુત્તકી અને પરહેજગાર હોય તો આ કાનૂન અને પાબંદીના કારણે પોતાને થોડોક નિરાશ અને વંચિત માનશે અને પોતાની જાઈઝ ઈચ્છાઓને દબાવવા અને સમાપ્ત કરવા માટે વિવશ થઈ જશે, કેમ કે એક પત્ની સ્ત્રીત્વના કારણે વિભિન્ન સ્થિતિઓનો સામનો કરતી હોય છે, જેમ કે ગર્ભ-ધારણ, માસિક-ધર્મ, નિફાસ (પ્રસૂતિ-અવસ્થા) અને બીમારી વગેરે, જેમાં પતિ જાતીય સંબંધો સ્થાપિત નથી રાખી શકતો, તો આ દરમ્યાન તે પોતાને એકલો અને પત્ની વગરનો અનુભવી શકે છે. આ એ સ્થિતિમાં છે જ્યારે કે પત્ની તેને પસંદ હોય અને બંને વચ્ચે પ્રેમ અને સનેહ હોય, પરંતુ જો તેને પોતાની પત્નીથી વધારે પ્રેમ અને લગાવ ન હોય તો આ દિવસોમાં વધારે પરેશાની અને માનસિક ઉલઝન અને તણાવનો ભોગ બની જાય છે.

બે – જો કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાનો અવજ્ઞાકારી અને કૃતઘ્ન હોય તો આ પરિસ્થિતિમાં નિશ્ચિતપણે વિશ્વાસઘાત કરશે અને પત્નીની અવગણના કરતાં વ્યભિચારના ભયાનક ગુનાનું આચરણ કરી બેસશે. ઘણા એ લોકો, જેઓ બહુપત્નીત્વ પર લાંબા-લાંબા વાંધાઓ ઉઠાવે છે અને સ્ત્રીઓના અધિકારોના ઝંડાધારીઓ દેખાય છે, તેઓ પોતાના અંગત જીવનમાં વ્યભિચાર અને અશ્લીલતાના અસીમિત ગુનાઓમાં ગ્રસ્ત હોય છે, અને તેનાથી પણ વધારે ખતરનાક વાત એ છે કે બહુપત્નીત્વનો વિરોધ

(૧) હઝરત ઈસા ﷺ ની શરીઅતમાં બહુપત્નીત્વની મનાઈ ન હતી, આ પાછળથી ખ્રિસ્તીઓનો સ્વરચિત કાનૂન છે.

કરવાવાળા અને તેની શરતોને જાણતા હોવા છતાં આલોચના કરનારો કાફિર ગણાશે.

ત્રણ – બહુપત્નીત્વની મનાઈથી સમાજની અસંખ્ય સ્ત્રીઓ દાંપત્ય જીવન અને કુટુંબીજનોની કૃપાથી વંચિત થઈ જશે, તેથી એક શુદ્ધ ચરિત્રને પસંદ કરનાર અને શીલવાન સ્ત્રી ગરીબ અને વિધવા બનીને જીવન પસાર કરશે, જ્યારે કે બીજી બાજુ નિર્લજ્જતા અને બૂરાઈની શોખીન યુવતીઓ ગુનેગાર લોકોની સાથે આનંદ અને વિલાસિતાને આમંત્રણ આપશે.

તમામ લોકો એ સારી રીતે જાણે છે કે દુનિયાના દરેક યુગમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષોથી વધારે રહી છે, કેમ કે પુરુષ જ યુદ્ધોમાં ભાગ લે છે અને મરે છે અને આજીવિકાની શોધમાં વિભિન્ન પ્રકારના જોખમોનો સામનો કરીને મૃત્યુને ભેટતા હોય છે. એ જ પ્રમાણે સૌ લોકો એ પણ જાણે છે કે સ્ત્રી પુખ્ત થતાં જ લગ્નને લાયક થઈ જાય છે, પરંતુ ઘણા પુરુષો પુખ્ત થયા પછી તરત જ દાંપત્ય જીવનની જવાબદારીઓ સંભાળવાની યોગ્યતા અને સામર્થ્ય નથી રાખતા, કેમ કે તેમના શિરે મહ્ર અને પત્નીના ખર્ચ વગેરે હોય છે.

આ ઉપરોક્ત કારણોથી સારી રીતે અનુમાન કરી શકાય છે કે ઈસ્લામે સ્ત્રીની સાથે ઈન્સાફ અને તેના પર દયા કરેલ છે.

જે લોકો જાઈઝ બહુપત્નીત્વનો વિરોધ કરે છે, તેઓ વાસ્તવમાં સ્ત્રીઓના, અંબિયાએ કિરામની સુન્નતના, તેમજ સ્ત્રીના ગૌરવ અને પવિત્રતાના દુશ્મન છે, કેમ કે અંબિયાએ કિરામે પણ એકથી વધારે લગ્નો કર્યા છે અને શરઈ હદોની અંદર પત્નીઓને અપનાવી છે.

રહી દુઃખ અને ઈર્ષ્યા (અને સ્વાભિમાન)ની વાત, જે બીજી પત્નીના આવવાની સ્થિતિમાં પહેલી પત્ની અનુભવે છે, તો આ એક સંવેદના અને ભાવનાની વાત છે. તેને શરઈ આદેશ પર પ્રાધાન્યતા નથી આપી શકાતી. હા, એવું થઈ શકે છે કે સ્ત્રી લગ્નથી પહેલા પોતાના થનારા પતિથી એ શરત મૂકે કે તેની હયાતિમાં તે બીજા લગ્ન નહીં કરે, અને આ શરતને કબૂલ કરી લીધા પછી પતિએ આ શરતનું પાલન કરવું પડશે. પરંતુ તેમ છતાં જો તે બીજા લગ્ન કરવા માંગે તો પહેલી પત્નીને એ અધિકાર હશે કે ચાહે તો તેના દાંપત્યમાં રહે અને ચાહે તો નિકાહ 'ફસ્ખ' (લગ્ન-વિચ્છેદ) કરાવી લે, અને આ સ્થિતિમાં પત્નીને આપેલ કોઈપણ વસ્તુ પાછી લેવાનો કોઈ અધીકાર પતિને નહીં હોય.

(૪) – તલાકની અનુમતિ : અલ્લાહ તઆલાએ તલાકની અનુમતિ આપી છે, અને તેની અનુમતિ અને છૂટ એ અનિવાર્ય પરિસ્થિતિમાં છે, જ્યારે પતિ-પત્ની વચ્ચે ઊંડા મતભેદ ઊભા થઈ જાય, અને સ્વભાવમાં કોઈ સુમેળ ન જોવા મળે તથા પ્રેમ અને લગાવ સમાપ્ત થઈ જાય અને એક-બીજા સાથે નિભાવનો કોઈ અવકાશ બાકી ન રહે.

તેથી આવી ખૂબ જ ખરાબ અને અસહ્ય પરિસ્થિતિમાં બંનેને કમનસીબીથી બચાવવા માટે ઈસ્લામે આ અનુમતિ ઉપલબ્ધ કરી છે કે પતિ-પત્ની ભલી રીતે અલગ થઈ જાય અને ફરી નવેસરથી કોઈ જીવન-સાથીની પસંદગી કરીને દુનિયાના શેષ જીવનને સુખરૂપ વિતાવી શકે, અને જો બંનેનું મૃત્યુ ઈસ્લામ પર થયું તો આખિરતના જીવનમાં પણ સૌભાગ્યને પ્રાપ્ત કરશે.[૧]

૧૦. ઈસ્લામની સ્વાસ્થ્ય-સુરક્ષા વ્યવસ્થા :

ઈસ્લામી શરીઅતે સ્વાસ્થ્યને લગતાં તમામ પ્રકારના સોનેરી સિદ્ધાંતો અને નિયમો આપ્યા છે. કુર્આનિ-કરીમ અને નબી કરીમ ﷺ ની ઘણી હદીસોમાં મનોવૈજ્ઞાનિક અને શારીરિક રોગોનું નિદાન અને તેના ભૌતિક અને આધ્યાત્મિક ઈલાજની પદ્ધતિ વર્ણવવામાં આવી છે.

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

وَ نُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ۙ

''અને અમે કુર્આનમાં એવી વસ્તુઓ અવતરિત કરીએ છીએ, જે ઈમાનવાળાઓ માટે શિફા (રોગ-નિવારણ, ઈલાજ) અને દયા છે.'' (સૂરઃ બની ઈસરાઈલ, ૮૨)

રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે –

''અલ્લાહ તઆલા જ્યારે કોઈ બીમારી ઉતારે છે, તો તેના સાથે તેનો ઈલાજ પણ ઉતારે છે, તો અમુક લોકો તેને ઓળખી લે અને અમુક લોકો તેનાથી અજાણ રહે છે.''

એક અન્ય હદીસમાં ઈરશાદ છે –

''હે અલ્લાહના બંદાઓ ! ઈલાજ કરવાનું રાખો, અને સાવધાન ! હરામ વસ્તુઓથી ઈલાજ ન કરો.''

ઈમામ ઈબ્ને કય્યીમ ﵀ એ પોતાના પુસ્તક 'ઝાદુલ મઆદ'માં તિબ્બે નબવી વિશે વિગતવાર પ્રકાશ પાડ્યો છે. આ પુસ્તકનું અધ્યયન કરવું જોઈએ, કેમ કે ઈસ્લામ અને અંતિમ પયગંબર મુહમ્મદ ﷺ ની સીરતના વર્ણનમાં આ પુસ્તક સર્વગ્રાહી, સત્ય પર આધારિત અને લાભપ્રદ પુસ્તકોમાંથી એક છે.

(૧) મુસલમાન સ્ત્રીને જ્યારે અલ્લાહ હિસાબ-કિતાબ પછી જન્નતમાં દાખલ કરશે તો તેને મુસલમાન જન્નતી પુરુષોથી લગ્ન કરવા અને તેમની પસંદગી કરવાનો અધિકાર આપશે, તો તે જેનાથી ઈચ્છે, લગ્ન કરશે, અને તે સ્ત્રીના દુનિયામાં એક-પછી-બીજો એમ વધારે પતિઓ રહ્યા હશે, તો તેમાંથી દુનિયામાં જે સૌથી વધારે પ્રિય પતિ રહ્યો હશે તે તેનો પતિ હશે, શરત એ છે કે તે પણ જન્નતી હોય.

૧૧. ઈસ્લામની આર્થિક વ્યવસ્થા :

ઈસ્લામે માનવીની જરૂરતોનું ધ્યાન રાખતાં એ તમામ વસ્તુઓની બરાબર સ્પષ્ટતા કરી દીધી છે, જેની વ્યક્તિને પોતાના નાગરિક જીવન માટે જરૂરત પડતી હોય છે. જેમ કે - ખાવા-પીવાની વસ્તુઓની ઉપલબ્ધિ, જાહેર કલ્યાણ અને સેવાનો પ્રબંધ, સંસ્થાકીય અને વહીવટી બાબતોનો પ્રબંધ, આવવા-જવા અને માલસામાનની હેરફેરનો બંદોબસ્ત (ટ્રાન્સપોર્ટેશન), વેપારી અને વ્યવસાયિક મામલાઓના સિદ્ધાંતો અને નિયમો, ઉદ્યોગોની સ્થાપનાના પરિબળોની વ્યવસ્થા તેમજ ખેતીનો વિકાસ, સ્વનિર્ભરતાના પગલાઓ, ધોકો-છેતરપિંડી અને સંગ્રહખોરી અને બ્લેક-માર્કેટિંગનું નિવારણ, તથા આના જેવા અન્ય મામલાઓ, જેની માનવીને આવશ્યકતા પડે છે.

૧૨. દુશ્મનોથી સુરક્ષાની રીત :

અલ્લાહ તઆલાએ કુર્આને-કરીમમાં મુસલમાનોના દુશ્મનોનો નિર્દેશ કરી દીધો છે, જેઓ તેમના દીની અને દુન્યવી પાયમાલીનું કારણ બને છે, આવા લોકોથી બચવા અને તેમની બૂરાઈ અને દુષ્ટતાઓથી સુરક્ષિત રહેવાની રીત વર્ણવી દીધી છે, અને આવા દુશ્મનો આ પ્રમાણે છે :

દુશ્મન નં.-૧ : તિરસ્કૃત શૈતાન છે, જે માનવીનો સૌપ્રથમ ઈર્ષ્યાખોર અને દુશ્મન છે. એ જ બીજા દુશ્મનોને માનવી વિરુદ્ધ ઉશ્કેરે છે અને ભડકાવે છે, અને તેણે જ આપણા માતા-પિતા હઝરત આદમ અને હવ્વાને જન્નતમાંથી કઢાવ્યા હતા અને કયામત સુધી તેમના વંશજોનો કાયમી દુશ્મન બની ગયો. શૈતાન પૂરેપૂરી શક્તિથી કોશિશ કરે છે કે માનવીને બહેકાવીને કુફ્ર અને શિર્કમાં ગ્રસ્ત કરી દે, જેથી 'નઊઝુબિલ્લાહ' (અલ્લાહ ન કરે) તેઓ તેની સાથે જહન્નમમાં જાય, અને જે વ્યક્તિ તેના કુફ્ર અને શિર્ક (ના ફંદા)માં નથી સપડાતો, તો તેને ગુનાઓ અને બૂરાઈઓની ગંદકીમાં નાખવાની કોશિશ કરે છે, જેથી તે અલ્લાહ તઆલાની નારાજગી અને અઝાબ (યાતના) અને પ્રકોપનો ભોગ બને. ધિક્કારપાત્ર શૈતાન એવી મખ્લૂક (સર્જન) છે, જે માનવીની નસેનસમાં દોડે છે અને તેને પ્રભાવિત કરે છે, તેને વસવસાઓ (શંકા-કુશંકાઓ)માં નાખે છે, અને બૂરાઈઓ પર વરખ ચઢાવીને સુંદર અને આકર્ષકરૂપમાં પ્રસ્તુત કરે છે, જેથી માનવી ધોકો ખાઈ બેસે. શૈતાનના બંધનો અને કારસ્તાનીઓથી બચવા અને સુરક્ષિત રહેવાની રીત એ છે, જેમ કે અલ્લાહ તઆલાએ સ્વયં વર્ણવેલ છે કે જ્યારે કોઈ મુસલમાન ગુસ્સામાં આવી જાય કે કોઈ ગુનાનો ઇરાદો કરે તો اعوذ باللہ من الشیطان الرجیم **અઊઝુ બિલ્લાહિ મિનશ્-શઈતાનિર્રજીમ** (હું તિરસ્કૃત અને ધિક્કારપાત્ર શૈતાનથી અલ્લાહનું શરણ ચાહું છું) કહે અને ગુનાનું આચરણ ન કરે, અને એમ સમજે કે આ ગુના પર

તૈયાર કરનાર તેનો સનાતન અને કટ્ટર દુશ્મન તિરસ્કૃત શૈતાન છે, જે તેના વિનાશની પાછળ પડ્યો છે, પછી તેનાથી પોતાની વિમુક્તિ અને નફરત પ્રગટ કરે –

إِنَّ الشَّيْطَٰنَ لَكُمْ عَدُوٌّ فَاتَّخِذُوهُ عَدُوًّا ۚ إِنَّمَا يَدْعُوا حِزْبَهُۥ لِيَكُونُوا مِنْ أَصْحَٰبِ السَّعِيرِ ۝٦

''નિઃશંક, આ શૈતાન તમારો દુશ્મન છે, તેથી તમે તેને દુશ્મન જ સમજો. તે તો પોતાના જૂથને માત્ર એટલા માટે બોલાવે છે કે તે લોકો જહન્નમવાસીઓમાંથી થઈ જાય.'' (સૂરઃ ફાતિર, ૬)

દુશ્મન નં.-૨ : નફસાની ખ્વાહિશો (મનેચ્છાઓ) છે, જેના કારણે માનવી સત્યનો ઈન્કાર અને તેને રદ કરવા માટે તૈયાર થઈ જાય છે, અને પોતાની મનેચ્છાઓ વિરુદ્ધ અલ્લાહના આદેશો અને ઈસ્લામી શરીઅતને પણ રદ કરી નાખે છે. ભાવનાઓ અને લાગણીઓને સત્ય અને ન્યાય પર પ્રાધાન્યતા આપવું પણ મનેચ્છાઓમાંથી છે.

આ દુશ્મનથી રક્ષા અને મુક્તિની રીત એ છે કે નફસ (મનેચ્છા)ના અનુસરણથી અલ્લાહનું શરણ માંગવામાં આવે અને મનેચ્છાઓની પાછળ ચાલવામાં ન આવે, બલ્કે સત્ય અને માર્ગદર્શનનો સ્વીકાર કરવામાં આવે અને તેના તકાદાઓ પર અમલ કરવામાં આવે, ચાહે તેમાં કટુતા અને મુશ્કેલીનો અનુભવ થાય, ઉપરાંત શૈતાનથી પણ અલ્લાહનું શરણ માંગવામાં આવે.

દુશ્મન નં-૩ : નફસે અમ્મારા છે, જે માનવીને હંમેશા બૂરાઈઓ પર ઉત્પ્રેરિત કરે છે અને તૈયાર કરે છે.

ક્યારેક માનવી પોતાના દિલમાં જે નાજાઈઝ (અનુચિત) ઈચ્છાઓ અનુભવે છે, જેમ કે વ્યભિચાર કે દારૂ પીવો કે કોઈ (શરઈ) કારણ વગર રમઝાનનો રોઝો ન રાખવો કે આવા અન્ય ગુનાની ઈચ્છાઓ, જેને અલ્લાહે હરામ ઠેરવેલ છે, આ બધું આ જ 'નફસે-અમ્મારા' તરફથી થાય છે.

આ છૂપા દુશ્મનના ધોકા અને ફરેબથી છુટકારો મેળવવાની રીત એ છે કે બંદો પોતાના નફસ અને શૈતાનની બૂરાઈ અને ઉપદ્રવથી અલ્લાહ તઆલાનું શરણ માંગે અને આ હરામ કરવામાં આવેલ કામુક અને અશ્લીલ વાતોના આચરણથી બચવામાં આવે અને અલ્લાહની પ્રસન્નતાને ધ્યાનમાં રાખીને ગુનાઓથી સંપૂર્ણ ઘૃણા કરવામાં આવે, જે રીતે ઈચ્છા હોવા છતાં હાનિકારક વસ્તુઓને ખાવા-પીવાથી માનવી પરહેજ કરે છે; અને એ ધ્યાનમાં રાખે કે આ નાજાઈઝ ઈચ્છાઓ થોડા સમય પછી નાશ પામશે અને તેના પછી દુઃખ અને અફસોસ તેમજ સ્થાયી પસ્તાવાનો સામનો કરવો પડશે.

દુશ્મન નં-૪ : માનવ-રૂપી શૈતાન છે, અને આ એ ગુનેગાર લોકો છે, જેઓ તિરસ્કૃત શૈતાનનું હથિયાર બનેલ માણસો છે અને તેના મદદગારો છે, જેઓ ગુનાઓના અનુયાયીઓ છે અને પોતાના સાથીઓને તેનું જ આમંત્રણ આપે છે. આવા લોકોની સભાઓ અને બેઠકોથી દૂર રહીને અને તેનાથી સચેત રહીને તેમની બૂરાઈ અને દુષ્ટતાઓથી બચી શકાય છે.

૧૩. મુસલમાનોનો જીવન-ધ્યેય :

એ ઉચ્ચ અને મહાનતમ્ આશય અને ઉદ્દેશ્ય જેના માટે અલ્લાહ ત્આલાએ મનુષ્યને પેદા કર્યો છે, તે નાશવંત દુનિયાની શોભા અને સૌંદર્ય તથા તેમાં ભોગવિલાસ અને એશઆરામ નથી, બલ્કે આ દુનિયા હકીકતમાં એ વાસ્તવિક અને હંમેશ બાકી અને કાયમ અને સ્થાયી રહેવાવાળા ભવિષ્યની તૈયારી છે, જે મૃત્યુ પછી મળશે, જેને આપણે આખિરત (પરલોક)નું જીવન કહીએ છીએ.

તેથી એક સાચો અને પાકો મુસલમાન દુનિયાના જીવનને આખિરતના જીવન સુધી પહોંચવાનું સાધન અને તેની ખેતી માને છે, અને તેને જ સાચો ધ્યેય નથી સમજતો. તે અલ્લાહ ત્આલાના આ ઈરશાદને નજર સમક્ષ રાખે છે –

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُونِ ﴿٥٦﴾

''મેં જિન્નાત અને મનુષ્યોને પેદા જ એ હેતુસર કર્યા છે કે તેઓ મારી ઈબાદત કરે.'' (સૂરઃ ઝારિયાત, ૫૬)

અને, ઈરશાદ છે –

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَلْتَنْظُرْ نَفْسٌ
مَا قَدَّمَتْ لِغَدٍ ۖ وَاتَّقُوا اللَّهَ ۚ إِنَّ اللَّهَ خَبِيرٌ بِمَا
تَعْمَلُونَ ﴿١٨﴾ وَلَا تَكُونُوا كَالَّذِينَ نَسُوا اللَّهَ فَأَنْسَاهُمْ
أَنْفُسَهُمْ ۚ أُولَٰئِكَ هُمُ الْفَاسِقُونَ ﴿١٩﴾ لَا يَسْتَوِي
أَصْحَابُ النَّارِ وَأَصْحَابُ الْجَنَّةِ ۚ أَصْحَابُ الْجَنَّةِ هُمُ
الْفَائِزُونَ ﴿٢٠﴾

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરતા રહો અને દરેક વ્યક્તિ એ જોઈ લે કે તેણે કાલ માટે શું મોકલ્યું છે, અને અલ્લાહથી ડરતા રહો. નિઃશંક, અલ્લાહને તમારા કર્મોની બરાબર જાણ છે, અને એ લોકોના જેવા ન થઈ જાઓ જેમણે અલ્લાહને ભુલાવી

દીધો, તો અલ્લાહે સ્વયં તેમની જાતને તેમનાથી ભુલાવી દીધી. આ જ લોકો તો અવજ્ઞકારી છે, દોજખવાળા અને જન્નતવાળા સમાન નથી હોઈ શકતા, જન્નતવાળા જ સફળ લોકો છે." (સૂરઃ હશ્ર, ૧૮-૨૦)

એક અન્ય જગ્યાએ ઈરશાદ છે –

فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ ۝ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ۝

"તો જે કોઈ કણ બરાબર પણ નેકી કરશે તેને તે જોઈ લેશે અને જે કોઈએ કણ બરાબર પણ બૂરાઈ કરી હશે તેને તે જોઈ લેશે." (સૂરઃ ઝિલઝાલ, ૭-૮)

સાચો મોમિન આ પ્રકારની આયતો પર ચિંતન-મનન કરે છે, જેમાં અલ્લાહ તઆલાએ માનવીના સર્જનના હેતુઓ અને ઉદ્દેશ્યોનું વર્ણન કર્યું છે, અને તેના વાસ્તવિક ભવીષ્ય અને મૂળ ઠેકાણા તરફ ધ્યાન દોર્યું છે, જે તેમની રાહ જોઈ રહ્યું છે. તેથી મોમિન એ વાસતવિક ભવીષ્યની તૈયારીમાં અલ્લાહ તઆલાની ઈબાદત અને તેની મરજી અનુસાર ચાલવામાં વ્યસ્ત થઈ જાય છે, જેથી દુનિયામાં અલ્લાહની પ્રસન્નતા અને આખિરતમાં જન્નતને પાત્ર બને. આ રીતે અલ્લાહ તઆલા તેને દુનિયામાં સંતોષભર્યું જીવન પ્રદાન કરે છે. તે અલ્લાહની સુરક્ષામાં રહે છે અને અલ્લાહના 'નૂર' (પ્રકાશ)થી જુએ છે અને તેની ઈબાદત અને મુનાજાત (જાપ)થી આનંદ ઉઠાવે છે, અને અલ્લાહના ઝિક્ર (સ્મરણ)થી પોતાના મનો-મસ્તિષ્કને દ્રઢતા પ્રદાન કરે છે. લોકોની સાથે સદ્‌વ્યવહાર કરે છે, તો લોકોની શુભકામનાઓ અને હ્રદયની દુઆઓ મળે છે, જેનાથી તેને વધારે ખુશી અને તેનું હ્રદય ખૂલે છે.

બીજી બાજુ કેટલાક લોકો તરફથી વિશ્વાસઘાત જુએ છે, તો પણ તે પોતાના ઉપકાર-વૃત્તિને છોડતો નથી, કેમ કે તેનો હેતુ અલ્લાહની પ્રસન્નતા અને અજ્ર અને સવાબ (બદલો અને પુણ્ય)ની પ્રાપ્તિ હોય છે. એ જ રીતે કેટલાક લોકો ઈસ્લામ-દુશ્મનોને જુએ છે કે તેઓ તેની મજાક ઉડાવી રહ્યા છે અને તેના પાછળ પડી ગયા છે, તો તેને અંબિયાએ કિરામની સુન્નત સમજે છે અને ઈસ્લામથી પ્રેમ તથા સુન્નત અને શરીઅત પર દ્રઢતામાં વધારો થઈ જાય છે. એ જ પ્રમાણે મોમિન હલાલ (વૈધ) રોજી માટે મહેનત કરે છે અને કષ્ટ ઉઠાવે છે, તે કાર્યાલય કે દુકાન કે કારખાનામાં કે ખેતીમાં પૂરેપૂરી મહેનત અને એકાગ્રતાથી કામ કરે છે, જેથી પોતાની કૃતિ (કે સર્જન કે ઉપાર્જન)થી ઈસ્લામ અને મુસલમાનોને ફાયદો પહોંચાડે, અને કયામતના દિવસે પોતાની નિખાલસતા અને સારી નિયત પર અજ્ર અને સવાબને પાત્ર બને, અને તેનાથી પોતાના

પરિવારજનોનું ભરણ-પોષણ કરે અને જરૂરતમંદો અને ગરીબો પર દાન-સખાવત કરે અને એ રીતે સંસ્કારી, સંતોષી અને નિરપેક્ષ જીવન વિતાવે, કેમ કે અલ્લાહ તઆલાના ત્યાં મજબૂત અને કામ કરવાવાળો મોમિન વધારે પ્રિય છે.

એ જ પ્રમાણે તે વ્યર્થ ખર્ચ કર્યા વગર ખાય-પીવે અને ઊંઘે છે, જેથી અલ્લાહ તઆલાની ઈબાદત માટે શક્તિ પ્રાપ્ત કરે. તે પોતાની પત્નીથી મળે છે, જેથી તેને અને પોતાને મુહર્રમાત (હરામ કામો)થી સુરક્ષિત રાખે અને એવી સંતાન પેદા કરે જે અલ્લાહ તઆલાની ઇબાદત અને આજ્ઞાપાલન કરે, અને તેના માટે સદકએ-જારિયા (નિરંતર ફાયદો પહોંચાડતું દાન) હોય, અને ઉમ્મતે મુહમ્મદમાં વધારો થાય અને આ રીતે તે અલ્લાહની નજીક અજ્ર અને સવાબને લાયક હોય.

મુસલમાન અલ્લાહ તઆલાએ પ્રદાન કરેલ ને'મત (કૃપા)નો આભાર વ્યક્ત કરે છે અને તેનાથી ઈબાદતમાં સ્થાયિત્વ પ્રાપ્ત કરે છે અને તેને માત્ર અલ્લાહ તઆલાની કૃપા અને મહેરબાની સમજે છે, જેના પર તેને વધારે કૃપા પ્રદાન કરવામાં આવે છે અને અજ્ર અને સવાબ પ્રાપ્ત કરે છે.

બીજી બાજુ જ્યારે તેને કોઈ મુસીબત પહોંચે છે, જેમ કે ભૂખ અને ગરીબી, ભય અને બીમારી વગેરે, તો તે તેને અલ્લાહ તઆલા તરફથી પોતાની પરીક્ષા સમજે છે, જેથી અલ્લાહ તઆલા ભાગ્ય પર તેના ધૈર્ય અને રાજી રહેવાની તેની યોગ્યતા જોઈ લે, જો કે અલ્લાહ તઆલા આ તમામ વાતોથી સુમાહિતગાર છે.[1]

આમ, મોમિન ધૈર્ય કરે છે અને અલ્લાહની પ્રસન્નતાને દૃષ્ટિ સમક્ષ રાખીને અલ્લાહ તઆલાની પ્રશંસા અને સ્તુતિ કરે છે, જેથી એ અજ્ર અને સવાબને પાત્ર બની જાય, જે અલ્લાહ તઆલાએ સાબિરો (ધૈર્ય કરનારાઓ) માટે રાખેલ છે અને આ રીતે મુસીબત તેના માટે સરળ બની જાય છે અને તેને તે ધીરજ દાખવીને સહન કરી લે છે, જે રીતે કોઈ બીમાર કડવી દવા શિફાની પ્રાપ્તિને દૃષ્ટિ સામે રાખીને ગળી લે છે.

જો કોઈ મોમિન પોતાના જીવનને એ રસ્તા અને રીતમાં ઢાળી લે, જે રીતે અલ્લાહ તઆલાએ તાલીમ આપી છે અને નબી કરીમ ﷺએ પોતાના કથન અને આચરણથી સ્પષ્ટ કરેલ છે, તો તે 'હયાતે સઈદા' (સુખમય અને કલ્યાણકારી જીવન)થી ગૌરવાન્વિત થઈ જશે, જેને કોઈ કડવાશ અસ્વસ્થ અને બેચેન નહીં કરી શકે અને ન

(૧) અલ્લાહ તઆલા પોતાના બંદાઓને અમ્ર-વ-નહી (આજ્ઞા અને મનાઈ) વડે તેને ઉત્તરદાયી બનાવે છે, જો કે તે જાણે છે કે કોણ આજ્ઞાંકિત છે અને કોણ ગુનેગાર, જેથી એ વાત જાહેર થઈ જાય અને તેમના અમલ મુજબ બદલો આપે, અને ગુનેગાર એમ ન કહે કે અલ્લાહે કોઈ ગુના વગર મને સજા આપીને અન્યાય અને અત્યાચાર કર્યો છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે – وَمَا رَبُّكَ بِظَلَّامٍ لِّلْعَبِيدِ (આપનો રબ પોતાના બંદાઓ પર જરા પણ અન્યાય અને અત્યાચાર કરવાવાળો નથી. - સૂરઃ હા-મીમ-સજદહ, ૪૬)

મૃત્યુ જ તેનાથી તેને દૂર કરી શકશે, અને ચોક્કસ તે બંને લોક (દુનિયા અને આખિરત)માં સૌભાગ્યને પ્રાપ્ત કરશે.

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِي الْاَرْضِ وَلَا فَسَادًا ۭ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ۝

"આ આખિરતની દુનિયા તો અમે એ જ લોકો માટે વિશિષ્ટ કરી દઈએ છીએ, જેઓ ધરતી પર ન મોટા બનવા માગે છે, ન બગાડ કરવા (માગે છે), અને (નેક) પરિણામ તો મુત્તકીઓ (અલ્લાહથી ડરનારા અને સંયમી લોકો)નો હિસ્સો છે."

(સૂરઃ કસસ, ૮૩)

વધુમાં ફરમાવ્યું –

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً ۚ وَلَنَجْزِيَنَّهُمْ اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ ۝

"નેક અમલ જે કોઈપણ કરશે, પુરુષ હોય કે સ્ત્રી, શરત એ છે કે ઈમાનવાળા હોય, તો અમે તેમને અવશ્ય એક પવિત્ર જીવન પ્રદાન કરીશું અને અમે તેમને તેમના સારા કર્મોના બદલામાં અવશ્ય વળતર આપીશું." (સૂરઃ નહ્લ, ૯૭)

આયતની સમજૂતી :

આ આયતમાં અને આના જેવી તમામ આયતોમાં અલ્લાહ તઆલા એ બતાવવા ઈચ્છે છે કે તે સદાચારી મનુષ્યને, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી, એ તમામ સત્કર્મો પર સૌથી ઉત્તમ બદલો અને અજ્ર અને સવાબ આપશે, જે તેની પ્રસન્નતાની પ્રાપ્તિ માટે કરવામાં આવે, અને આ બદલો અલ્લાહ તઆલા દુનિયામાં સુખમય જીવન પ્રદાન કરીને આપે છે અને આખિરતમાં જન્નતની કૃપાઓ, જે અનંત અને શાશ્વત છે, પ્રદાન કરશે.

રસૂલુલ્લાહ ﷺ ફરમાવે છે –

"મોમિનનો મામલો આશ્ચર્યજનક રીતે ભલાઈ જ ભલાઈ છે. જો તેને ખુશી પહોંચે છે તો આભાર (શુક્ર) વ્યક્ત કરે છે, જે તેના માટે ભલાઈનું કારણ છે અને જો તેને કોઈ મુસીબત પહોંચે છે તો સબ્ર (ધૈર્ય) કરે છે, જે તેના માટે ભલાઈનું કારણ છે."

ઉપરોક્ત વિગતથી એ ખ્યાલ આવે છે કે ઈસ્લામ જ એ એક માત્ર ધર્મ છે, જે સુંદર, સાચા અને યથાર્થ વિચારધારાનો ધ્વજવાહક અને સારા અને ખરાબનું માપદંડ છે, અને તે સંપૂર્ણ અને સંતુલિત જીવન-બંધારણ છે, અને તેના સિવાય તમામ રાજકીય, આર્થિક, સામાજિક અને શૈક્ષણિક જીવન-વ્યવસ્થાઓ અપૂર્ણ અને નિષ્ફળ છે, અને આ તમામ વ્યવસ્થાઓને ઈસ્લામી કસોટી પર પારખવા અને તેના પ્રકાશમાં તેની સુધારણા કરવી જોઈએ અને તમામ સિદ્ધાંતો અને નિયમો તેમજ બંધારણ ઘડતાં અને અપનાવતા પહેલા તેનો સ્રોત ઈસ્લામને બનાવવો જોઈએ. તેના સિવાય આ બંધારણની સફળતા મુશ્કેલ, બલ્કે અસંભવ છે, અને અપનાવનારાઓ માટે દુનિયા અને આખિરતમાં દુર્ભાગ્યનું કારણ છે.



પ્રકરણ—૫

કેટલાક સંદેહોનું નિવારણ

૧. ઈસ્લામને નુકસાન પહોંચાડનારા લોકો બે પ્રકારના છે :

પહેલો પ્રકાર : આ એ લોકો છે, જેઓ પોતાને મુસલમાન કહે છે અને ઈસ્લામી સમુદાયમાં સામેલ હોવાનાં દાવેદાર છે, પરંતુ પોતાના આચાર-વિચારથી ઈસ્લામનો વિરોધ કરે છે અને એવા દુરાચારોમાં ગ્રસ્ત છે, જેનો ઈસ્લામથી જરા પણ સંબંધ નથી. ખરા અર્થમાં આવા લોકો કદાપિ ઈસ્લામના પ્રતિનિધિ નથી અને ન ઈસ્લામથી તેમને જોડવું સાચું છે. આવા લોકોના અમુક પ્રકાર છે :

૧. – બગડેલા અકીદા (આસ્થા)ના ભોગ બનેલા છે :

એ લોકો જેઓ અકીદામાં બગાડને કારણે કબરોનો તવાફ કરે છે અને કબરવાળાથી પોતાની જરૂરતોની દરખાસ્ત કરે છે અને તેઓ નફો કે નુકસાન પહોંચાડી શકે છે એવી માન્યતા રાખે છે.

૨. – દુરાચારનો ભોગ બનેલા છે :

એ લોકો જેઓ દુરાચારમાં એટલી હદ સુધી પહોંચી ગયા છે કે ફરાઈઝ (અનિવાર્ય ઈબદાતો) અને વાજિબાત (આવશ્યક ઈબાદતો)ને છોડી દે છે, અને હરામ અને મનાઈ કરવામાં આવેલ વસ્તુઓનું આચરણ કરતાં શરાબ પીવે છે, વ્યભિચાર વગેરે કરે છે, અને ઈસ્લામના દુશ્મનોથી પ્રેમ અને સામીપ્ય રાખે છે અને તેમનાથી એકરૂપતા અપનાવે છે અને તેમનું અનુકરણ કરે છે

૩. – આચરણમાં અધ:પતનનો ભોગ બનેલા છે :

એ લોકો જેમના અકીદા કમજોર છે અને ઈસ્લામી શિક્ષાઓ પર અમલ કરતા નથી અને કેટલાક વાજિબાતને અદા કરવામાં નિષ્કાળજી દાખવે છે, પરંતુ સંપૂર્ણ અવગણના કરતા નથી. એ જ પ્રમાણે કેટલાક હરામ કાર્યો કરી લે છે જે કુફ્ર અને શિર્ક સુધી પહોંચાડી દે છે અને કેટલીક ખરાબ આદતોનો ભોગ બને છે, જેમને ઈસ્લામે હરામ કરેલ છે; જેમ કે - ધોકો, વચનભંગ, નફરત અને ઈર્ષ્યા વગેરે. આવો વ્યક્તિ

પણ ઈસ્લામને જાણે-અજાણે નુકસાન પહોંચાડે છે, કેમ કે ઈસ્લામી શિક્ષાઓથી અજાણ બિનમુસ્લિમ એવું સમજે છે કે ઈસ્લામ આ બૂરાઈઓની અનુમતિ આપે છે.

બીજો પ્રકાર : આ એ લોકો છે, જેઓ ઈસ્લામથી કોઈપણ પ્રકારનો સંબંધ રાખતા નથી, બલ્કે ઈસ્લામના સૌથી ખરાબ દુશ્મન છે અને તેનાથી અસામાન્ય નફરત અને ઈર્ષ્યા રાખે છે અને તેને નુકસાન પહોંચાડવા હંમેશા તૈયાર રહે છે.

પૂર્વના દેશોની સંસ્કૃતિ અને ઈતિહાસના વિદ્વાનો (Orientalist) અને ખ્રિસ્તી મિશનરીઓ અને યહૂદી સંગઠનો અને આ પ્રકારનાં બીજા લોકો, જેઓ ઈસ્લામના ઝડપથી ફેલાવા અને તેની સર્વવ્યાપકતા અને તેના પ્રાકૃતિક ધર્મ[૧] હોવાના કારણે તેનાથી અસાધારણ નફરત અને ઈર્ષ્યા રાખે છે.

આના કારણે બિનમુસ્લિમ વ્યક્તિ માનસિક ઉલઝન અને પરેશાનીમાં રહે છે અને પોતાના પૂર્વજોના ધર્મથી અસંતુષ્ટ રહે છે, કેમ કે તેમણે અપ્રાકૃતિક ધર્મને અપનાવી રાખ્યો છે અને વાસ્તવિક અને સીધી પ્રકૃતિથી હટીને જીવન વિતાવી રહ્યો છે. તેનાથી વિપરીત મુસલમાન પોતાના ધર્મથી રાજી થઈને સુખી અને સંતોષી જીવન વિતાવી રહ્યો છે, કેમ કે તેણે અલ્લાહે નિર્ધારિત કરેલ સત્ય-દીનને અપનાવ્યો છે, જે તેના સ્વભાવ અને પ્રકૃતિને તદ્દન અનુરૂપ છે.

તેથી પ્રત્યેક યહૂદી અને ખ્રિસ્તી, બલ્કે કોઈપણ અસત્ય ધર્મ અપનાવનાર દરેક વ્યક્તિથી અમે કહીએ છીએ કે તમારાં બાળકો તો ઈસ્લામની પ્રકૃતિ પર પેદા થાય છે, પરંતુ કુફ્ર (અને શિર્ક) પર ખોટી શિક્ષા-દીક્ષા આપીને તમે તેમને ઈસ્લામથી કાઢીને અસત્ય ધર્મ પર લગાવી દો છો.

આ જ નફરત અને ઈર્ષ્યાના કારણે ઈસ્લામ દુશ્મનોએ ઈસ્લામ વિરુદ્ધ દોષારોપણો અને ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ની શાનમાં ધૃષ્ટતાઓ અને દુષ્ટતાઓનો ક્રમ શરૂ કરી દીધો છે. ક્યારેક તેઓ આપનો ઈન્કાર કરે છે અને ક્યારેક આપ પર કીચડ ઉછાળે છે, અને ક્યારેક ઈસ્લામી આસ્થાઓ અને સચ્ચાઈઓને તોડી-મરોડીને, વિકૃત કરીને પ્રસ્તુત કરે છે, જેથી લોકો ઈસ્લામથી શંકાશીલ થઈ જાય, જ્યારે કે આપ ﷺ ની હસ્તી તમામ શારીરિક અને નૈતિક ત્રુટિઓ અને દોષોથી પવિત્ર છે અને ઈસ્લામ તદ્દન સાફ અને સ્વચ્છ છે. પરંતુ બીજી બાજુ અલ્લાહ તઆલા તેમના ષડયંત્રોને નિષ્ફળ

(૧) રસૂલુલ્લાહ ﷺ નો ઈરશાદ છે : ‘‘દરેક બાળક પોતાની પ્રકૃતિ પર પેદા થાય છે, પછી તેના માતા-પિતા તેને યહૂદી કે ખ્રિસ્તી કે અગ્નિ-પૂજક બનાવી દે છે.’’ આ હદીસમાં રસૂલુલ્લાહ ﷺ એ બતાવવા માંગે છે કે દરેક બાળક દીને-ઈસ્લામ પર પેદા થાય છે, તે તેના પર પ્રાકૃતિક રીતે ઈમાન રાખે છે. જો તેને આ વાસ્તવિક પ્રકૃતિ પર છોડી દેવામાં આવે તો ઈસ્લામને જરાય સંકોચ વગર કબૂલ કરી લેશે. પરંતુ ખોટી શિક્ષા-દીક્ષા અને દૂષિત વાતાવરણના કારણે તે યહૂદી કે ખ્રિસ્તી કે જરથુષ્ટ્ર કે કોઈ અન્ય ધર્મ કબૂલ કરી લે છે.

બનાવી દે છે, કેમ કે તેઓ સત્ય સામે લડે છે અને સત્યની શાન સર્વોપરિતા છે, આધીન થવું નહીં.

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે –

يُرِيْدُوْنَ لِيُطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ ؕ وَ اللّٰهُ مُتِمُّ نُوْرِهٖ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ۝ هُوَ الَّذِيْۤ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ ۝

"આ લોકો ઈચ્છે છે કે અલ્લાહના 'નૂર' (પ્રકાશ)ને પોતાના મોઢાની ફૂંકોથી બુઝાવી દે, પરંતુ અલ્લાહ પોતાના નૂરને પરિપૂર્ણ કરીને રહેશે, ચાહે કાફિરોને (ગમે તેટલું) અપ્રિય લાગે. એ (અલ્લાહ) જ છે, જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સાચો દીન આપીને મોકલ્યો છે, જેથી આ (દીન)ને તમામ ધર્મો (અને જીવન-વ્યવસ્થાઓ) પર વર્ચસ્વ આપી દે, ચાહે મુશ્રિકોને (ગમે તેટલું) અપ્રિય લાગે." (સૂરઃ સફ, ૮-૯)

૨. ઈસ્લામનાં સ્રોત :

જ્યારે કોઈ વ્યક્તિ દીને-ઈસ્લામની હકીકતથી સાચા અર્થમાં પરિચિત થવા માગતો હોય તો તેણે ઈસ્લામના સૌપ્રથમ સ્રોત 'કુર્આને-કરીમ'નો અભ્યાસ કરવો જોઈએ, પછી રસૂલુલ્લાહ ﷺની સહીહ (સાચી અને પ્રમાણિત) હદીસોને, જે બુખારી, મુસ્લિમ, મુવત્તા ઈમામ માલિક, મુસ્નદ ઈમામ અહમદ, સુનન અબૂ દાઉદ, સુનન તિરમિઝી, સુનન નિસાઈ, સુનન ઈબ્ને માજા અને સુનન દારમી વગેરેમાં ઉલ્લેખિત છે, તેને વાંચે. એ જ પ્રમાણે સીરત ઈબ્ને હિશ્શામ, તફસીર ઈબ્ને કસીર, ઉપરાંત ઈમામ ઈબ્ને કય્યીમના પુસ્તક 'ઝાદુલત્મઆદ ફી હુદા ખૈરુલ ઈબાદ'નું અધ્યયન કરે. ઉપરાંત દા'વત અને તૌહીદના ઈમામો, જેમ કે - શૈખુલ ઈસ્લામ ઈબ્ને તૈમિયા અને ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબના પુસ્તકો વાંચે. એ ઈમામ અબ્દુલ વહ્હાબ, જેમના દ્વારા અને અમીર મુહમ્મદ બિન સઉદના સહયોગથી બારમી સદી હિજરીમાં અલ્લાહ તઆલાએ સમગ્ર આરબ મહાદ્વીપમાં અને અન્ય વિસ્તારોમાં પણ તૌહીદનો પ્રસાર કર્યો અને શિર્ક અને બિદઅતને નેસ્ત-નાબૂદ કરી નાખ્યા, અને અલ્લાહનો શુક્ર છે કે આજ સુધી તેની સારી અસરો જોવા મળે છે.

પ્રાચ્યવિદ્યાઓના જાણકાર અને ઘણી કથિત ઈસ્લામી જમાઅતોના એ પુસ્તકો, જે ઈસ્લામી શિક્ષાઓનો વિરોધ કરે છે અને સહાબા કિરામ ﷺ કે પૂરોગામી ઈસ્લામી

વિદ્વાનોને અપશબ્દો બોલે છે અથવા દા'વત અને તૌહીદના ઈમામો જેવાં કે અલ્લામા ઈબ્ને તૈમિયા, અલ્લામા ઈબ્ને કય્યીમ અને ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ વિરુદ્ધ ખોટા આરોપો મૂકે છે, અને આ સૌની શાનમાં અનેક શંકાઓ અને ભ્રમણાઓ ઊભી કરે છે, તો આવા પુસ્તકોથી દૂર રહેવું જોઈએ, કેમ કે તે ગુમરાહી (પથભ્રષ્ટતા) તરફ લઈ જાય છે.

૩. ફિક્હી પંથો :

તમામ મુસલમાનોનો દીન એક છે અને તે છે ઈસ્લામ, જેનો સ્રોત કુર્આને-કરીમ અને પવિત્ર સુન્નત છે, અને જે ફિક્હી પંથો મશહૂર છે, જેમ કે હમ્બલી, માલિકી, શાફઈ અને હનફી, તો આ ફિક્હી મકતબે-ફિક્ર (વૈચારિક શાળાઓ) છે, જેની આ અઈમ્મએ કિરામે (આદરણીય ઈમામોએ) પોત-પોતાના શિષ્યોને તાલીમ આપી હતી, પછી દરેક ઈમામના શિષ્યોએ તેના કુર્આન અને હદીસથી સંલગ્ન મસાઈલને સંકલિત કર્યા. આ જ સંકલિત મસાઈલને એ અઈમ્મએ-કિરામથી જોડવામાં આવ્યા અને પાછળથી તેને એક 'મસ્લક'નું નામ આપી દેવામાં આવ્યું. આ ચારેય ફિક્હી પંથો ઈસ્લામી સિદ્ધાંતોમાં સંમત અને સમાન છે અને તેમાં પારસપારિક રીતે કોઈ પ્રકારનો મતભેદ નથી, બલ્કે આ સૌનું કેન્દ્ર અને સ્રોત કુર્આને-કરીમ અને રસૂલુલ્લાહ ﷺ ની પવિત્ર સુન્નત છે, અને તેમાં જે થોડાઘણા મતભેદો જોવા મળે છે તે માત્ર કેટલાક ગૌણ અને નાના મસાઈલમાં છે, જેના વિશે ઈમામોએ પોતે નિર્દેશ કરેલ છે કે જે કથન કુર્આન અને સુન્નતની દલીલોના પ્રકાશમાં છે તેના પર અમલ કરવામાં આવે, ચાહે તે કોઈપણ ઈમામનું હોય.

મુસલમાનો આ પંથોમાંથી કોઈપણ પંથનો પાબંદ નથી, બલ્કે કુર્આન અને સુન્નતનું અનુપાલન તેના માટે વાજિબ અને જરૂરી છે, અને જે લોકો આ પંથોથી પોતાને જોડીને અકીદામાં વિકૃતિ રાખે છે અને દરગાહો વગેરેનો તવાફ અને આસ્તાનાઓ (સ્થાનકો)ની ઝ્યારતો કરે છે અને તેમનાથી પોતાની જરૂરતો પૂરી કરવાની દરખાસતો કરે છે અને અલ્લાહ તઆલાના ગુણોના ખોટા અર્થઘટનો કરે છે અને સ્પષ્ટ અર્થથી હટીને બીજા અર્થ કાઢે છે, તો આવા લોકો (હકીકતમાં) આદરણીય ઈમામોનો વિરોધ કરે છે, કેમ કે ઈમામોનો અકીદો (આસ્થા) તો એ પૂરોગામી ઈસ્લામી વિદ્વાનોનો જ અકીદો હતો, જેની વિગત પહેલાં આવી ચૂકી છે.

૪. બાતિલ ફિરકાઓ (અસત્ય જૂથો) :

ઈસ્લામી જગતમાં કેટલાક એવા ફિરકાઓ ઉભરી આવ્યા છે, જે પોતાના ખોટા અકીદાઓ (અસ્થાઓ) અને પથભ્રષ્ટ કરે એવા વિચારોના કારણે ઈસ્લામથી બહાર છે.

આ ફિરકાઓ પોતાને ઈસ્લામથી જોડે છે, પરંતુ વાસ્તવમાં તે ઈસ્લામથી બહાર છે, કેમ કે તેમની આસ્થાઓ કુફ્ર પર આધારિત છે. તેમાંથી કેટલાક ફિરકાઓ આ પ્રમાણે છે :

(૧) બાતની ફિરકો : આ ફિરકો 'હુલૂલ' (આવાગમન, આત્માનું બીજા દેહમાં પ્રવેશ) અને આત્માઓના અંતને માને છે. ઉપરાંત, એવી આસ્થા રાખે છે કે શરઈ સ્રોતનો એક બાહ્ય અને બીજો 'બાતની' (ગૂઢ) અર્થ હોય છે. બાહ્ય અર્થ એ છે, જેને રસૂલુલ્લાહ ﷺ એ પોતાનાં વાણી અને વર્તનથી સ્પષ્ટ કરી દીધો છે અને તમામ મુસલમાનોનો તેના પર ઈજમાઅ (સહમતિ) છે, અને 'બાતની' અર્થ તેનાથી વિપરીત છે, જેની સીમા અને નિર્ધારણ પોતાની ઈચ્છાઓ અનુસાર તેઓ સ્વયં કરે છે.(૧)

'બાતની' ફિરકાનો આરંભ એ રીતે થયો કે જ્યારે ઈસ્લામનો સંદેશ પોતાના સર્વોચ્ચ શિખરે પહોંચ્યો અને ઈસ્લામ એક શક્તિ બનીને ઉભર્યો, તો યહૂદીઓ અને મજૂસીઓ (અગ્નિ-પૂજકો) અને ફારસ શહેરના દાર્શનિકોના એક જૂથે ઈસ્લામને નુકસાન પહોંચાડવા અને મુસલમાનોમાં નિફાક (દંભ) અને શંકા-કુશંકાઓ પેદા કરીને તેમને ટુકડે-ટુકડા કરવાના આશયથી એક ધર્મનો પાયો નાખવાનો નિર્ણય કર્યો, જેથી તેના દ્વારા કુર્આને-કરીમના અર્થ અને ભાવાર્થમાં ફેરફાર અને પરિવર્તન કરવામાં આવે અને એ રીતે મુસલમાનો પરસ્પર મતભેદોનો ભોગ બની જાય. તેથી એહલે-બૈત સાથે વફાદારી અને તેમનાથી પ્રેમની આડ લઈને તેમણે એક નવા ધર્મનો પાયો નાખ્યો અને પોતાને તેમના વફાદાર અને તેમના અધિકારોના ધ્વજવાહકો ગણાવ્યા, જેથી લોકોની હમદર્દી પ્રાપ્ત કરે, અને એ રીતે અજ્ઞાની લોકોની એક મોટી સંખ્યા તેમના સાથે થઈ ગઈ, જેમને આ લોકોએ ગુમરાહ કરીને છોડ્યા.

(૨) કાદિયાની ફિરકો : આ ગુમરાહ અને બાતિલ ફિરકાઓમાં 'કાદિયાનિયત' પણ છે, જે ગુલામ મુહમ્મદ કાદિયાની સાથે સંલગ્ન છે, જેણે નબી હોવાનો દાવો કર્યો અને એક વૈચારિક અરાજકતા તરફ ઉપખંડમાં આમંત્રણ આપ્યું. ગુલામ મુહમ્મદ કાદિયાનીનો અંગ્રેજોએ પૂરેપૂરી રીતે પોતાના સ્વાર્થો અને હિતો માટે ઉપયોગ કર્યો. એ રીતે તે અને તેના અનુયાયીઓ બ્રિટનના આખા સામ્રાજ્ય-કાળમાં તેના હથિયાર બની રહ્યા અને બ્રિટન તેમને ખુલ્લા દિલે ઈનામોથી નવાજતું રહ્યું અને પોતાની મહેરબાનીઓના

(૧) 'બાતની' ફિરકાના જુદા-જુદા અર્થ છે અને તેઓ અનેક ફિરકાઓમાં વહેંચાઈ ગયા છે, જે ભારત, સીરિયા, ઈરાન, ઈરાક અને બીજા ઘણા દેશોમાં ફેલાયેલા છે, જેની વિગત પૂરોગામીઓમાંથી અલ્લામા શહરસતાનીએ પોતાના વિખ્યા પુસ્તક 'અલ-મિલાલ વલ-નિહાલ' (The Book of Sects and Creeds)માં વર્ણવવામાં આવેલ છે અને કેટલાક પછીના ઇતિહાસકારોએ પણ 'કાદિયાનિયત' અને 'બહાઈયત'ને આ જ ફિરકાનો પ્રકાર ઠરાવેલ છે. વધુ વિગત માટે ઉસ્તાદ મુહમ્મદ સઈદ કીલાનીના પુસ્તક 'ઝેલ અલ-મિલાલ વલ-નિહાલ' અને શૈખ અબ્દુલ કાદિર શબીયહ અલ-હમ્દના પુસ્તક 'અલ-અદયાન વલ ફર્ક વલ-મઝાહિબ અલ-મઆશરહ'નું અધ્યયન કરવું જોઈએ.

દરવાજા તેમના માટે તદ્દન ખુલ્લા કરી દીધા હતા.

આમ, અજ્ઞાની લોકોની એક મોટી સંખ્યા તેના આમંત્રણ પર લબ્બૈક કરીને ઈમાન લઈ આવી. કાદિયાની બાહ્ય રીતે ઈસ્લામનો દાવો કરતા હતા, પરંતુ તેઓ ઈસ્લામને નેસ્ત-નાબૂદ કરવાની ભરપૂર કોશિશ કરી રહ્યા હતા અને લોકોને ઈસ્લામથી બહાર કાઢવા પોતાની તમામ શક્તિઓ લગાવી રહ્યા હતા.

ગુલામ મુહમ્મદ કાદિયાનીએ 'બરાહીને અહમદિયા'ના નામથી એક પુસ્તક લખ્યું, જેમાં ખુલ્લંખુલ્લા નબી હોવાનો દાવો કર્યો હતો અને ઈસ્લામના મૂળ સ્ત્રોતોમાં ફેરફાર અને પરિવર્તન કર્યું હતું. તેણે દાવો કર્યો કે 'જિહાદ' રદ થઈ ગયેલ છે અને તમામ મુસલમાનોને અંગ્રેજોના હાથ પર 'બૈત' કરી લેવી જોઈએ અને તેમના વફાદાર બનીને રહેવું જોઈએ.

આ જૂઠા દાવેદાર અને દજ્જાલે 'તિરયાક અલ-કુલૂબ'ના નામથી એક બીજું પુસ્તક લખ્યું, જે આ જ પ્રકારની ગુમરાહીઓથી ભરેલ છે.

આ જૂઠા દાવેદાર અને દજ્જાલ અસંખ્ય લોકોને ગુમરાહ અને બરબાદ કરીને ઈ.સ. ૧૯૦૮ માં મરી ગયો, અને પોતાના 'ખલીફા' (પ્રતિનિધિ) તરીકે 'હકીમ નૂરુદ્દીન' નામના વ્યક્તિને બનાવીને ગયો, જે તેના અસત્ય સંદેશને ફેલાવે.

(૩) **બહાઈ ફિરકો :** બહાઈ ફિરકો, બાતની ફિરકાની એક શાખા છે, જે દીને-ઈસ્લામથી બહાર છે. ૧૯મી સદી ઈસ્વીની શરૂઆતમાં ઈરાનના 'અલી મુહમ્મદે' અને એક કથન અનુસાર મુહમ્મદ અલી શીરાઝી નામના વ્યક્તિએ તેનો પાયો નાખ્યો હતો. આ વ્યક્તિનો પહેલા શીઆ ઈશ્નાઅશરી ફિરકાથી સંબંધ હતો. પરંતુ પાછળથી તેનાથી અલગ થઈને એક નવા ધર્મ અને પંથનો પાયો નાખ્યો અને 'મહેંદી મુન્તઝર' (ઈમામ મહેંદી જેની રાહ જોવાઈ રહી હતી)નો દાવો કર્યો. પછી થોડાક સમય બાદ તેણે એ દાવો કર્યો કે 'અલ્લાહ તઆલા તેના અંદર વિલિન થઈ ગયા છે' અને તે 'ઈલાહુન્નાસ' (લોકોનો ઉપાસ્ય) બની ગયો છે. મહાન અને મહિમાવાન તથા ઉચ્ચ ગુણોના માલિક અલ્લાહ તઆલાની પવિત્ર હસ્તી આવી ગાંડી અને ઉન્માદી વાતોથી પર અને ઉચ્ચતર છે. ત્યારબાદ આ વ્યક્તિએ મૃત્યુ પછી ફરીથી જીવંત થવા અને કયામતના દિવસે હિસાબ-કિતાબ, જન્નત અને જહન્નમ તેમજ આખિરતના જીવનની બીજી વસ્તુઓનો ઈનકાર કર્યો, અને ઈબાદત અને રિયાઝતની રીત-વિધિઓ હિંદુઓ જેવી અપનાવી લીધી.

ત્યારબાદ 'વહદતે અદયાન' (સર્વ-ધર્મ સમાન)ના દષ્ટિકોણનો નિમંત્રક અને પ્રચારક બની ગયો, અને એમ કહેવા લાગ્યો કે યહૂદી-ધર્મ, ખ્રિસ્તી-ધર્મ અને દીને-

ઈસ્લામમાં કોઈ ફરક અને મતભેદ નથી, બલ્કે આ ત્રણેય ધર્મો એક જ છે.

થોડાક સમય પછી રસૂલુલ્લાહ ﷺ ની નુબૂવ્વત અને રિસાલતનો અને બીજા કેટલાય ઈસ્લામી આદેશોનો પણ તેણે ઈન્કાર કરી દીધો.

તેના મર્યા પછી તેનો 'બહા' નામનો નાયબ તેનો ઉત્તરાધિકારી બન્યો, જેણે તેના ધર્મ અને પંથનો ખૂબ સક્રિયતાથી પ્રચાર-પ્રસાર કર્યો અને અજ્ઞાનીઓની એક મોટી સંખ્યાને ગુમરાહ કરીને પોતાના અનુયાયીઓ બનાવી લીધા, અને પાછળથી આ ફિરકો તેના જ સંલગ્ન થઈને 'બહાઈયત'ના નામથી મશહૂર અને પ્રચલિત થયો.

દીને-ઈસ્લામથી બહાર ફિરકાઓમાં એક મોટો ફિરકો એ પણ છે, જે ઈસ્લામનો દાવો કરે છે, નમાઝ પઢે છે, રોઝા રાખે છે અને હજ-ઉમરા વગેરે કરે છે, પરંતુ બીજી બાજુ આ પ્રકારની અસત્ય આસ્થાઓ રાખે છે કે :

★ હઝરત જિબ્રઈલ ﷺ ના નુબૂવ્વતના પદ અને રિસાલતના હોદ્દાને પહોંચાડવામાં અપ્રમાણિકતા આચરી છે અને તેમણે રિસાલાતને હઝરત અલી ﷺ ના બદલે હઝરત મુહમ્મદ ﷺ સુધી પહોંચાડી દીધી છે.

★ આ ફિરકાના કેટલાક લોકોનું કહેવું છે કે અલી ﷺ જ 'અલ્લાહ' છે. તેથી તેઓ હઝરત અલી ﷺ ની અને તેમના સંતાનો અને પૌત્રો-પ્રૌત્રીઓ અને તેમના પત્ની હઝરત ફાતિમા અને ફાતિમાના માતા ખદીજા ﷺ ના આદર-માનમાં અતિશયોક્તિ કરે છે, બલ્કે અલ્લાહની સાથે તેમને પણ મા'બૂદ (ઉપાસ્ય) ઠેરવે છે, જેમને તેઓ પોકારે છે અને સાથે-સાથે તેમના વિશે એવી માન્યતા રાખે છે કે આ લોકો ભૂલચૂકથી પવિત્ર છે, અર્થાત્ નિર્દોષ છે અને અલ્લાહના નજીક તેમનું સ્થાન અને દરજ્જો રસૂલોના દરજ્જાથી વધીને છે.

★ તેઓ માને છે કે કુર્આને-કરીમ, જે આજે ઉમ્મતે-ઈસ્લામિયાની પાસે છે, તે સાચું કુર્આન નથી, બલ્કે તેમાં વધારો-ઘટાડો કરી દેવામાં આવ્યો છે. તેથી તેમણે પોતાના કુર્આનને આનાથી ભિન્ન સમજી લીધું છે, જેમાં તેમના તરફથી કેટલીક ખાસ આયતો અને સૂરઃઓ પણ છે.

★ અંબિયાએ કિરામ પછી સૌથી મહાનતમ્ વ્યક્તિઓ પ્રથમ ખલીફા હઝરત અબૂ બક્ર સિદ્દીક ﷺ અને દ્વિતીય ખલીફા હઝરત ઉમર ફારૂક ﷺ, જેઓ તમામ મુસલમાનોમાં શ્રેષ્ઠ છે, તેમની શાનમાં ધૃષ્ટતાઓ આચરે છે અને તેમના વિશે વિવિધ પ્રકારના અપશબ્દો કહે છે.

★ ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા ﷺ પર દોષારોપણ કરીને ગાળો આપે છે.

★ હઝરત અલી ﷺ અને એહલે-બૈતથી ખુશી અને પરેશાનીના સમયે ફરિયાદ કરે છે અને મદદ માગે છે, અને અલ્લાહ તઆલા સિવાય તેમનાથી દુઆ અને ઈસ્તગફાર (ક્ષમાયાચના) કરે છે.

★ તેમણે અલ્લાહ તઆલા પર દોષારોપણથી કામ લીધું છે અને તેના કલામે-પાક (કુર્આન-મજીદ)માં હેરફેર અને ફેરફાર કરવાની ધૃષ્ટતા કરી છે, જો કે મહિમાવાન અલ્લાહ તઆલા આ તમામ વાતોથી પર અને ઉચ્ચતર છે.

લાભપ્રદ સૂચન :

ઉપરોક્ત ફિરકાઓ (જૂથો)માંથી અમુક એવા છે, જે ઈસ્લામના દાવેદાર તો છે, પરંતુ વાસ્તવમાં તે ઈસ્લામને નેસ્ત-નાબૂદ કરવામાં વ્યસ્ત છે. તેથી એક સાચી આસ્થા રાખવાવાળા અને સાચા મોમિને એ વિશ્વાસ કરી લેવો જોઈએ કે ઈસ્લામ માત્ર દાવાનું નામ નથી, બલ્કે સાચો ઈસ્લામ, કુર્આને-કરીમ અને રસૂલુલ્લાહ ﷺની મુબારક હદીસોનો સાચો પરિચય અને તેના અનુસાર અમલ અને અનુસરણ તેમજ આજ્ઞાપાલનનું નામ છે.

તેથી કુર્આને-કરીમમાં ચિંતન-મનન કરવું જોઈએ અને રસૂલુલ્લાહ ﷺ ની હદીસો અને ઈસ્લામી શરીઅતનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ અને પછી તેના તકાદાઓ મુજબ અમલ કરવો જોઈએ. ત્યારબાદ બંદો 'નૂરે-હિદાયત' (માર્ગદર્શનના પ્રકાશ)ને પ્રાપ્ત કરી શકે છે અને 'સિરાતે-મુસ્તકીમ' (સન્માર્ગ) પર ચાલી શકે છે, જે તેને બંને લોક (દુનિયા અને આખિરત)ના સૌભાગ્ય અને સફળતા આપી શકે છે અને રબ્બુલ આલમીન (સૃષ્ટિઓના સર્જનહાર અને માલિક અને પાલનહાર)ની મહાન જન્નત સુધી પહોંચાડી શકે છે.



નિજાત (મુક્તિ અને સફળતા)નું આમંત્રણ

અંતે અમે એ તમામ લોકોને, જેમણે દીને-ઈસ્લામને કબૂલ કર્યો છે, સફળતાની પ્રાપ્તિ અને મુક્તિ-માર્ગનું આમંત્રણ આપતાં એ નિવેદન કરીએ છીએ કે હે બેપરવા મનુષ્ય ! મૃત્યુ પછી કબરના અઝાબ (યાતના) અને જહન્નમના અઝાબથી પોતાને બચાવવાની ચિંતા કર, અને અલ્લાહ તઆલાને રબ (પ્રભુ-પાલનહાર) સમજીને અને રસૂલુલ્લાહ ﷺ ને નબી (પયગંબર, ઈશદૂત) સ્વીકારીને અને ઈસ્લામને દીને-હક્ક (સત્ય-ધર્મ) માનીને સાચા હૃદયથી કલ્મએ તૌહીદ (એકેશ્વરવાદના બોલ) 'લા-ઈલાહ ઈલ્લલ્લાહ, મુહમ્મદુર્રસૂલુલ્લાહ' કહીને દીને-ઈસ્લામને કબૂલ કરી લે, પછી પાંચેય નમાઝોની પાબંદી કર, ઝકાત અદા કર, અને રમઝાનના રોઝા રાખ, અને બૈતુલ્લાહની હજ કર, જો તેનું સામર્થ્ય રાખતો હોય. પોતાના ઈસ્લામ સ્વીકારની જાહેરાત કર, કેમ કે દુનિયા અને આખિરતનું સૌભાગ્ય અને સફળતા તેમજ મુક્તિની પ્રાપ્તિનો કેવળ આ જ એક માર્ગ છે.

હું મહાન અને ઉચ્ચતર અલ્લાહના સોગંદ ખાઈને, જેના સિવાય કોઈ સાચો મા'બૂદ (ઉપાસ્ય) નથી, કહું છું કે દીને-ઈસ્લામ જ સાચો દીન (ધર્મ) છે, જેના સિવાય કોઈ અન્ય ધર્મ અલ્લાહની નજીક સ્વીકાર્ય નથી. હું અલ્લાહને અને તેના ફરિશ્તાઓને અને સમગ્ર સર્જનોને સાક્ષી બનાવીને કહું છું કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઉપાસ્ય નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ (ઈશદૂત) છે અને ઈસ્લામ જ સાચો દીન છે અને હું મુસલમાન છું.

અંતે, હું અલ્લાહ તઆલાથી દુઆ કરું છું કે તે પોતાની કૃપા અને મહેરબાનીથી મારો અને મારા સંતાનો અને તમામ મુસલમાન ભાઈઓનો અંત દીને-ઈસ્લામ પર થાય, અને જન્નતુલ-નઈમમાં રસૂલુલ્લાહ ﷺ અને અન્ય પયગંબરો, સહાબા કિરામ અને સદાચારી લોકોનો સત્સંગ પ્રદાન કરે.

અને, અંતે ફરી એક વાર દુઆ માટે હાથ ફેલાવું છું કે અલ્લાહ તઆલા આ

પુસતકને દરેક એ વ્યક્તિ માટે લાભપ્રદ બનાવે, જે તેનો અભ્યાસ કરે અથવા કોઈનાથી સાંભળીને તેની જાણકારી પ્રાપ્ત કરે.

હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે કે મેં પહોંચાડી દીધો (તારો સંદેશ).

والله اعلم. وصلى الله وسلم على نبينا محمد وآله وصحبه.

والحمد لله رب العالمين.



હદીસની પરિભાષાઓ ટૂંકમાં

રસૂલુલ્લાહ ﷺનું ફરમાન 'કૌલી હદીસ', આપ ﷺનો અમલ 'ફઅ્લી હદીસ' અને આપ ﷺની પરવાનગી 'તકરીરી હદીસ' કહેવાય છે.

હદીસ

મુતવાતિર — જે હદીસના રાવી દરેક જમાનામાં એટલી સંખ્યામાં હોય જેમનું જૂઠ પર એકત્ર થવું સંભવ ન હોય તે 'મુતવાતિર' કહેવાય છે.

આહાદ — જે હદીસમાં રાવી સંખ્યામાં મુતવાતિર હદીસના રાવીઓથી ઓછા હોય 'આહાદ' કહે છે. 'આહાદ'ના ત્રણ પ્રકાર છે.

મૌકૂફ — જે હદીસમાં સહાબી રસૂલુલ્લાહ ﷺ નું નામ લીધા વગર હદીસ વર્ણવે અથવા પોતાનો વિચાર વ્યક્ત કરે 'મૌકૂફ' કહે છે.

મરફૂઅ — જે હદીસમાં સહાબી રસૂલુલ્લાહ ﷺ નું નામ લઈને હદીસ વર્ણવે 'મરફૂઅ' કહે છે.

મકબૂલ — જે હદીસમાં રાવીઓની સચ્ચાઈ અને પ્રમાણિકતાને સૌ માનતા હોય અર્થાત્ સ્વીકૃત હોય 'મકબૂલ' કહે છે.

ગૈરમકબૂલ — જે હદીસમાં રાવીઓની સચ્ચાઈ અને પ્રમાણિકતા શંકાસ્પદ હોય 'ગૈરમકબૂલ' કહે છે.

સહીહ — જે હદીસમાં રાવીઓ વિશ્વાસુ, પરહેઝગાર અને ભરોસાપાત્ર યાદશક્તિના માલિક હોય અને સનદની રીતે મુત્તસિલ એકબીજાથી જોડાયેલ) હોય 'સહીહ' કહેવાય છે.

હસન — જે હદીસના રાવીઓ સહીહ હદીસના રાવીઓની તુલનામાં યાદશક્તિમાં નબળા હોય, બાકીની શરતો સહીહ હદીસની જેમ હોય 'હસન' કહેવાય છે.

દરજ્જો-૧	દરજ્જો-૨	દરજ્જો-૩	દરજ્જો-૪	દરજ્જો-૫	દરજ્જો-૬	દરજ્જો-૭
જેને બુખારી અને મુસ્લિમ બંનેએ રિવાયત કરી હોય. મુત્તફિક અલયહ	જેને ફક્ત બુખારીએ રિવાયત કરી હોય.	જેને ફક્ત મુસ્લિમે રિવાયત કરી હોય	જેને બુખારી અને મુસ્લિમની શરતો મુજબ કોઈ અન્ય હદીસવેત્તાએ રિવાયત કરી હોય.	જેને ફક્ત બુખારીની શરતો મુજબ કોઈ અન્ય હદીસવેત્તાએ રિવાયત કરી હોય.	જેને ફક્ત મુસ્લિમની શરતો મુજબ કોઈ અન્ય હદીસવેત્તાએ રિવાયત કરી હોય.	જેને બુખારી અને મુસ્લિમની શરતો સિવાય કોઈ અન્ય હદીસવેત્તાએ સહીહ સમજી હોય.

ઝઈફ

મુઅલ્લક	મુન્કતઅ	મુર્સલ	મઅઝલ	મૌઝૂઅ	મતરૂક	સાઝ	મુન્કર
જે હદીસનો એક રાવી કે તમામ રાવીઓ સનદની શરૂઆતથી મુન્કતઅ હોય.	જે હદીસનો એક રાવી કે તમામ રાવીઓ જુદી-જુદી જગ્યાએથી મુન્કતઅ હોય.	જે હદીસનો રાવી છેલ્લી સનદથી સાકિત હોય, અર્થાત્ તાબઈ પછી સહાબીનું નામ ન હોય.	જે હદીસના બે કે બેથી વધારે રાવીઓ એક સાથે સનદના દરમ્યાનથી મુન્કતઅ હોય.	જે હદીસના રાવીનું હદીસના મામલામાં જૂઠ બોલવાનું સાબિત હોય.	જે હદીસના રાવી પર જૂઠનો આરોપ લાગે, પરંતુ હદીસના મામલામાં જૂઠ સાબિત ન હોય.	એક વિશ્વાસુ રાવી પોતાનાથી વધારે વિશ્વાસુ રાવી અને નિયમનો વિરોધ કરે.	જે હદીસનો રાવી વહેમી કે ફાસિક કે બિદઅતી હોય.

● જે હદીસના રાવી દરેક જમાનામાં બેથી વધારે રહ્યા હોય તેને 'મશહૂર' કહે છે. ● જેના રાવી કોઈ જમાનામાં ઓછામાં ઓછા બે રહ્યા હોય તેને 'અઝીઝ' કહે છે. ● જે હદીસના રાવી કોઈ જમાનામાં એક રહ્યો હોય તેને 'ગરીબ' કહે છે.

-: પુસ્તકોના સંદર્ભમાં પરિભાષાઓ :-

૧. સિહાહ સિત્તાહ : હદીસના છ પુસ્તકો : (૧) બુખારી (૨) મુસ્લિમ (૩) અબૂ દાઉદ (૪) તિરમિઝી (૫) નસાઈ, અને (૬) ઈબ્ને માજાને પ્રમાણિતતાના કારણે 'સિહાહ સિત્તાહ' કહેવામાં આવે છે.

૨. જામેઅ : જે હદીસમાં ઈસ્લામના તમામ વિષયો-અકાઈદ, આદેશો, તફસીર, જન્નત-જહન્નમ વગેરે હોય 'જામેઅ' કહે છે.

૩. સુનન : જે પુસ્તકમાં માત્ર આદેશો વિશે હદીસો એકત્ર કરવામાં આવી હોય 'સુનન' કહે છે. જેમ કે સુનન અબી દાઉદ.

૪. મુસ્નદ : જે પુસ્તકમાં ક્રમવાર દરેક સહાબીની હદીસો એકત્ર કરી દેવામાં આવી હોય 'મુસ્નદ' કહે છે. જેમ કે મુસ્નદ અહમદ.

૫. મુસ્તખરજ : જે પુસ્તકમાં એક પુસ્તકની હદીસો કોઈ અન્ય સનદથી રિવાયત કરવામાં આવી હોય 'મુસ્તખરજ' કહે છે. જેમ કે મુસ્તખરજ અલ ઈસ્માઈલ અલ બુખારી.

૬. મુસ્તદરક : જે પુસ્તકમાં એક હદીસવેત્તાએ નક્કી કરેલ શરતો અનુસાર એવી હદીસો એકત્ર કરવામાં આવી હોય જેનો ઉલ્લેખ એ હદીસવેત્તાએ પોતાના પુસ્તકમાં ન કર્યો હોય 'મુસ્તદરક' કહે છે. જેમ કે મુસ્તદરક હાકિમ.

૭. અરબઈન : જે પુસ્તકમાં ચાળીસ હદીસો એકત્ર કરવામાં આવી હોય 'અરબઈન' કહે છે. જેમ કે અરબઈન નવવી.

ઝિલ્ઈ જમ્ઈય્યતે અહલે હદીસ-કચ્છ

નિવેદન

અલહમ્દુલિલ્લાહ, **'ઝિલ્ઈ જમ્ઈય્યતે અહલે હદીસ-કચ્છ'** ની સ્થાપનાનો હેતુ અલ્લાહના દીનથી અજાણ અલ્લાહના બંદાઓ સુધી ઈસ્લામનો સત્ય સંદેશ પહોંચાડવાનો અને મુસ્લિમ સમાજમાં દીની, શૈક્ષણિક-સામાજિક જાગૃતિ આણવાનો છે. આ હેતુસર સંસ્થા ઘણા વર્ષથી અવિરતપણે વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. સંસ્થા દીનની દા'વત અને સમાજની સુધારણા અને જાગૃતિ માટે જે કંઈ પ્રવૃત્તિઓ કરી રહી છે, તેની માહિતી આપ-સૌ શુભેચ્છકો અને સહયોગીઓ સુધી પ્રસંગોપાત પહોંચતી રહે છે.

જો તમને ઈસ્લામ વિશે માહિતીની જરૂર હોય કે તમારા કોઈ મિત્રવર્તુળમાં કોઈને ઈસ્લામ વિશેની જાણકારીની જરૂર હોય તો તમે અવશ્ય સંપર્ક કરી શકો છો.

ઝિલ્ઈ જમ્ઈય્યતે અહલે હદીસ-કચ્છ

ભીડ ગેટ બહાર, દાદુપીર રોડ, ભૂજ-કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧

Mo.: +91 97252 72525, 99135 32519, 98254 30808

"પ્રત્યેક બુદ્ધિ અને સમજ ધરાવનાર વ્યક્તિને એ વાતનું સારી રીતે જ્ઞાન હોવું જોઈએ કે આ દુનિયાના જીવનમાં કે મૃત્યુ પછી શરૂ થનાર આખિરત (પરલોક)ના જીવનમાં તે સફળતા અને સૌભાગ્ય ત્યારે પ્રાપ્ત કરી શકે છે, જ્યારે તે પોતાના એ રબ (પ્રભુ-પાલનહાર)ની ઓળખ અને તેનું અભિજ્ઞાન પ્રાપ્ત કરી લે, જેણે તેને અને આ સમગ્ર સૃષ્ટિને પેદા કર્યા છે, અને તેના પર ઈમાન લઈ આવે અને કેવળ તેની જ ઈબાદત (ઉપાસના) કરે, તથા એ સાચા પયગંબરની ઓળખ અને તેનું અભિજ્ઞાન પ્રાપ્ત કરે, જેમને મહાન અલ્લાહે તમામ માનવોને સન્માર્ગ પર લાવવા માટે મોકલ્યા છે અને તેમની રિસાલત (ઈશદૂતત્વ) અને નુબૂવ્વત (પયગંબરી) પર ઈમાન અને વિશ્વાસ રાખીને પૂર્ણ અનુસરણ કરે, પછી આ સત્ય-દીનની સંપૂર્ણ ઓળખ અને તેનું અભિજ્ઞાન પ્રાપ્ત કરે, જેને અપનાવવાનો મહાન અલ્લાહે આદેશ આપ્યો છે અને તેના તકાદાઓને પૂરા કરે."

ઝિલઇ જમ્ઇય્યતે અહલે હદીસ-કચ્છ

ભીડ ગેટ બહાર, દાદુપીર રોડ, ભૂજ-કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧

JAMIAT AHLE HADEES - KUTCH

Outside Bhid Gate, Dadupeer Road, Bhuj-Kutch (Gujarat) 370 001

+91 97 25 27 25 25, 99 13 53 25 19, 98 25 43 08 08